opershn pukaar (Gujarati Editio - saahitya, gujraatii

VISIT...

LANZAROTE Caliente.COM

ઓપરેશ

-



અનુક્રમણિકા

ઓપરેશન પુકાર

Chapter 1

દુશ્મનો સાથે ટક્કર

દિલ્હીની ફાઇવસ્ટાર હોટલમાં અત્યારે મેજર સોમદત્ત અને કદમ બેઠા હતા. કદમને સમજાતું ન હતું કે સર ક્યારેય હાઇફાઇ હોટલમાં જતા નથી. શોખની વાત તો એક બાજુ રહી પણ ક્યારેય મોટા ઓફિસરની પાર્ટી હોય તો પણ લગભગ તેઓ જવાનું ટાળતા હોય છે.

"સર...મને આજ એકદમ આશ્ચર્ય થાય છે."

"કેમ...? એવું તું શું થયું ? પાકિસ્તાને આઝાદ કાશ્મીરને ભારતને સોંપી દીધું...?" સોમદત્ત હસ્યા.

"એના કરતાં પણ આશ્ચર્યની વાત છે, સર...!"

"તો હવે બકી નાંખ જલદી."

"સર...! મને લાગે છે કે તમારા મનમાં લગ્ન કરવાનો વિચાર સૂઝ્યો છે, અને તેથી જ તમે સજીધજીને છોકરી જોવા માટે આવી ફાઇવસ્ટાર હોટલમાં આવ્યા છો."

"એમ...કેવી છે છોકરી ?"

"એક જ આંખવાળી છે. પણ ઇશ્વરે માણસને દીધેલા સ્પેરપાર્ટસ ડબલ છે તેથી એક આંખથી તારા વાંદરા જેવો ચહેરો જોઇ શકશે." મેજર સોમદત્ત હસી પડ્યાં.

"ઠીક છે, હું પોતે જ અહીં હોટલમાં કોઇ સારી છોકરી પલસંદ કરી લઇશ..." કદમ બોલ્યો.

"તો પછી મારી દિકરી તાનિયા તારું ખૂન કરવા રિર્વોલ્વર લઇને નીકળી પડશે અને તેના ક્રોધથી તને હું પણ નહીં બચાવી શકું."

"તાનિયા...બાનિયા... ની ઐસી-તૈસી. આજ તો હું લગ્ન કરીને જ રહીશ..." ભડકેલો કદમ ઊભો થયો.

"બેસી જા મારા દીકરા..." મેજર સોમદત્તે કદમનો હાથ પકડયો.

"આજ તો બેસવાનો જ નથી, એલાને જંગ હું શરૂ કરું છું."

"ચૂપ...આપણે જેની વાટ જોઇ રહ્યા છે તે આવી રહ્યાં છે. હવે ગંભીર બની જા..." મેજર સોમદત્તના સ્વરમાં ગંભીરતા હતી.

કદમે આવતી વ્યક્તિની તરફ જોયું. આવનાર સશક્ત અને સાડા છ ફૂટની ઊંચાઇવાળો હતો. તેણે સફેદ શર્ટ અને સફેદ પેન્ટ પહેર્યા હતા. શર્ટ પર ગ્રે કલરનો સૂટ પહેરેલો હતો.

"હલ્લો...મેજર કેમ છો ?" મેજર સોમદત્ત ઊભા થયા કે તરત તેણે હસ્તધનૂન કર્યું.

"આઇ એમ ફાઇન...આપ કેમ છો?" સોમદત્ત બોલી ઉઠ્યાં.

"તને કેવો લાગું છું. જો એકદમ હટ્ટોકટ્ટો છું." મેજર સોમદત્તને તુંકારાથી બોલાવતા તે હસી પડ્યો. પછી તેમણે કદમ તરફ નજર ફેરવી જોયું.

"આ કદમ છે. મારો નંબર ટુ આસિસ્ટન્ટ. મારા દીકરા જેવો છે." સોમદત્તે કહ્યું.

"હલ્લો સર...!" ઊભા થઇ કદમે તે વ્યક્તિ સાથે હસ્તધનૂન કર્યા.

"કદમ...આ કેપ્ટન કૌશિક વર્મા અને આર્મીના ચીફ ઓફિસર છે...મારા ખાસ મિત્ર છે, અને અમે બંને બી.એસ.એફ. માં સાથે કામ કર્યું હતું."

મેજર સોમદત્તની વાત સાંભળી કદમ સટાક કરતો ઊભો થઇ ગયો અને અટેન્શનમાં આવી સેલ્યુટ કરવા જતો હતો પણ મેજર સોમદત્તે તેનો હાથ પકડી બેસાડી દીધો. "કદમે...અહીં તેને કોઇ ઓળખે તેવું હું નથી ઇચ્છતો." મેજર સોમદત્તે કહ્યું. પછી કૌશિક વર્મા સામે જોયું, "બોલ કૌશિક અચાનક મને યાદ કર્યો."

"અત્યારે રાત્રિના બાર વાગ્યાનો સમય થયો છે..." ઘડિયાળ સામે જોતાં કૌશિક વર્મા બોલ્યો.

"પણ..." પ્રશ્નાર્થ નજરે જોતાં સોમદત્તે કહ્યું.

"મેજર તારા માટે કેન્દ્ર તરફથી મેસેજ છે. જે મારે તને આપવાનો છે." કહી કૌશિક વર્માએ ખિસ્સામાંથી સિગારેટનું પાકિટ કાઢ્યું અને પછી એક સિગારેટ પોતાના મોંમાં દબાવી લાઇટર વડે સળગાવી ઊંડો દમ ભર્યો.

"લે એક સિગારેટ તું પણ પી..." સિગારેટનું પાકિટ મેજર સોમદત્ત બોલવા ગયા પણ પછી કાંઇક વિચારી સિગારેટનું પાકિટ હાથમાં લીધું. પોતે સિગારેટ નથી પીતો તેનો કૌશિક વર્માને ખ્યાલ હોવા છતાં સિગારેટ પીવા માટે પાકિટ લંબાવ્યુ તેના માટે કંઇક કારણ હશે.

સિગારેટનું પાકિટ હાથમાં લઇ તેને ખોલ્યું. સિગારેટના બંચ વચ્ચે સિગારેટ જેવો એક ગોળ કાગળનો નાનો રોલ તેની નજરે પડ્યો. ઝડપથી તે રોલ સાથે એક સિગારેટ મેજર સોમદત્તે

ખેંચી કાઢી અને પછી કોઇને ખબર ન પડે તેમ કાગળના રોલને શુટના ખિસ્સામાં સરકાવી સિગારેટ મોંમાં મૂકી સળગાવી. પછી તે ચેન સ્મોકર હોય તેવી રીતે દમ ભરવા લાગ્યાં.

કદમ એકદમ આશ્ચર્ય સાથે સર સોમદત્તને સિગારેટ પીતા જોઇ રહ્યો. મેજર સોમદત્ત સાથે કેટલાય વર્ષોથી તે કામ કરતો હતો. પણ કદમે ક્યારેય મેજર સોમદત્તને સિગારેટ પીતા જાયા ન હતાં.

ત્યારબાદ મેજર સોમદત્તે ત્રણે માટે કોફીનો ઓર્ડર આપ્યો. કોફી પીને કૌશિક વર્મા થોડી ઔપચારિક વાત કરી ત્યાંથી રવાના થઇ ગયો.

"વ્હોટ હેપન્સ સર...!" ગંભીરતા સાથે કદમ પૂછ્યું.

"ચાલ, આપણે નીકળીએ " કહી વેઇટર મુખવાસની ડીશ સાથે લાવેલ બિલ જોઇ ડીશમાં રૂપિયા મૂકતાં મેજર સોમદત્ત ઊભા થયાં.

થોડીવાર પછી મેજર સોમદત્તની ગાડી દિલ્હીના આલીશાન સડક પર દોડી રહી હતી. રાત્રિનો સમય હોવા છતાં રોડ પર ટ્રાફિક હતો. ધીમે વરસાદ પડી રહ્યો હતો. સિટી દૂર રહી ગયું ત્યારે એકાંત સડક પાસે મેજર સોમદત્તે ગાડીને ઊભી રાખી, પછી ચારે તરફ નજર ફેરવી. દૂર-દૂર સુધી સન્નાટો પ્રસરેલો હતો.

મેજર સોમદત્તે સિગારેટની પાકિટમાંથી મળેલી ચિઠ્ઠી બહાર કાઠી અને પછી વાંચતા લાગ્યા. કદમની પણ નજર તે લખાણ પર સ્થિર થયેલી હતી.

"સમોદત્તજી...

ભારતની 'રો' સંસ્થાના ચીફ,

જય હિન્દ સાથે જણાવવાનું કે ખૂબ જ અંગત કામ હોવાથી તમને ભારતીય સ્પેશિયલ મિલેટરી ઇન્ટેલીજન્સીની કચેરીમાં તાત્કાલિક પહોંચવું. ત્યાં આપણી ખાનગી મુલાકાત રાખવામાં આવી છે.

અમિત દોહલ,

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર."

ચિઠ્ઠી રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અમિત દોહલ તરફથી સંદેશાના રૂપમાં આપવામાં આવી હતી અને તેના પર ભારત સરકારની મહોર લાગેલી હતી.

ચિઠ્ઠી વાંચી મેજર સોમદત્તે કદમને આપી.

"સર ! હું આપની સાથે જ વાંચી ચૂક્યો છુ. અને આ ચિઠ્ઠીનો મતલબ ભારતીય સુરક્ષા અંગેની કોઇ અંગત મિટિંગમા તમને બોલાવવામાં આવ્યા છે." કદમ એકદમ ગંભીર હતો.

"હા...કદમ અને આ મિટિંગ એકદમ ગંભીર બાબતની હોવાથી જ આટલી સાવચેતી રાખવામાં આવી છે. ખુદ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અમિત દોહલે આપણને બોલાવ્યા છે. તેના પરથી જ મામલો કોઇ ગંભીર બાબતનો છે. તેવું લાગે છે." કહેતાં મેજર સોમદત્તે ગાડી સ્ટાર્ટ કરી, ટર્ન વાળી ગાડી ફરીથી સિટી તરફ આગળ વધી. કદમે ચિઠ્ઠીના નાના-નાના ટુકડા કરી થોડે-થોડે અંદરે હવામાં ઉડાડી દીધાં.

રાત્રિના બાર ને ત્રીસનો સમય થવા આવ્યો હતો. શહેરના લોકો નિદ્રાધીન થયા હતા. દિલ્હીની સડકો પર અત્યારે નહિવત્ ટ્રાફિક હતો. હજુ વરસાદ ધીમી ધારે પડી રહ્યો હતો.

થોડી જ વારમાં મેજર સોમદત્ત અને કદમ ભારતીય સ્પેશિયલ મિલેટરી ઇન્ટેલીજન્સીની ઇમારત પાસે આવી પહોંચ્યા.

ઇમારત આખી સન્નાટામાં ડૂબી ગઇ હતી. પડતા વરસાદના અવાજ સિવાય ચીર શાંતિ પથરાયેલી હતી.

મેજર સોમદત્તે ઇમારતના ગેટ પાસે પહોંચી ગાડીને થોભાવી.

ગેટ પાસે બે સિપાઇઓ હાથમાં સ્ટેનગન લઇને ઊભા હતા. ફાટક જેવા બનેલા લાકડાના ગેટ પાસે પહોંચતા જ ત્યાંથી એક સિપાઇ ઝડપથી તેઓની પાસે આવ્યો.

"સર...! આપનો આઇડેન્ટી કાર્ડ બતાવો..." એકદમ વિવેક સાથે તે બોલ્યો.

"યસ, માય સન..." બોલતાં મેજર સોમદત્તે કોટના ખિસ્સામાંથી પોતાનો આઇ કાર્ડ કાઢી તે યુવાનના હાથમાં આપ્યો.

કાર્ડ જોઇને તે યુવાન તરત એટેન્શનમાં આવી જઇ સેલ્યુટ મારી. "સર...!" પછી તેણે આદર સાથે કાર્ડ પાછું આપ્યું અને પછી તે ઝડપથી ફાટક તરફ આગળ વધ્યો અને તરત ફાટક ખોલી નાંખ્યું. મેજર સોમદત્તે ગાડી આગળ વધારી.

"સર...! આપ 12 નંબર પર ચાલ્યા જાવ. આપની ત્યાં પ્રતિક્ષા થઇ રહી છે." વિનયપૂર્વક સંતરી બોલ્યો.

ગાડી ફાટક પાર કરી આર્મી ઇન્ટેલીજન્સની ઓફિસથી થોડે દૂર બનાવેલ પાર્કિંગ પાસે આવી.

મેજર સોમદત્તે ગાડીને પાર્ક કરી. ત્યારબાદ નીચે ઉતર્યા અને નીચે ઉતરેલા કદમની સાથે સામે દેખાતી ઇમારત તરફ આગળ વધ્યાં.

ગીચોગીચ પરંતુ હારબંધ વૃક્ષો અને મહેંદીની વાડ વટાવી તેઓ બિલ્ડિંગના દરવાજા પાસે પહોંચ્યા. બિલ્ડિંગમાં અત્યારે કબ્રસ્તાન જેવો સન્નાટો પ્રસરેલો હતો.

ગેટ પાસે જ તેમને આવકારવા એક ઓફિસર તે બંનેને 12 નંબરની ઓફિસમાં લઇ ગયો.

"વેલકમ મેજર સોમદત્ત, સર આપની વાટ જોઇને બેઠા છે." મેજર સોમદત્તને આવકારવા ઊભા થયેલ કૌશિક વર્માએ મેજર સોમદત્ત અને કદમને હસ્તધનૂન કર્યા. પછી "મારી સાથ આવો." કહેતાં કૌશિક વર્મા આગળ વધ્યો. મેજર સોમદત્ત અને કદમ ચુપચાપ તેની પાછળ ચાલ્યાં.

એક દીવાલ પાસે આવીને ઊભા રહ્યાં.

કૌશિક વર્માએ દીવાલમાં ભળી જતી એક સ્વીચને હાથ વડે દબાવી.

સરરરર....ના આછા અવાજે સાથે દીવાલ આગળની દીવાલમાં સરતી સમાઇ ગઇ.

"આપ અંદર જાવ..." ત્યાં જ ઊભા રહી કૌશિક વર્મા બોલ્યો.

મેજર સોમદત્તે કદમનો હાથ પકડ્યો પછી તે ભીંતના પ્રવેશદ્વારમાં ચાલ્યો.

બંને નાની ગેલેરી વટાવી એક મોટા ખંડમાં પ્રવેશ્યા. ત્યાં જ એકાએક એલ.ઇ.ડી. લાઇટનો પ્રકાજપૂંજ કમરામાં ઝળહળી ઉઠ્યો.

મેજર સોમદત્તે જોયું તો પોતાની સામે જ લગભગ પોણા છ ફૂટ અને ભરાવદાર બાંધાવાળો ઓફિસર ટેબલ પાછળ પડેલી ખુરશી પર આરામથી બેઠા હતા.

"મે આઇ કમિંગ સર..." આદર સાથે મેજર સોમદત્ત બોલ્યા.

"વેલકમ...મેજર સોમદત્ત અને કદમ આવો બેસો." ત્યાં પડેલી ખુરશી પર ઇશારો કરતાં તે ઓફિસર જે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અમિત દોહલ હતો. તેમની પર્સનાલિટી જ તેના હોદ્દાની છાપ ઉભરાવતી હતી.

મેજર સોમદત્ત અને કદમ ટેબલ સામે પડેલી ખુરશી પર બેસી

"સર...! આપે મને યાદ કર્યો. " આદર સાથે મેજર સોમદત્ત બોલ્યાં.

"આપ સમયસર અહીં આવી ગયા. તે માટે આભાર મેજર." તેઓ બોલી ઉઠ્યાં.

"સર, આ તો મારી ફરજનો જ એક ભાગ છે અને ફરજ પર જતાં હું ક્યારેય રાત-દિવસ જોતો નથી. અને સમયનો પણ હંમેશા ખ્લાય રાખું છું."

"મને ખબર છે, મેજર સોમદત્ત...એટલે જ આર્મીની જાસૂસી સંસ્થા 'રો' નું નામ ખૂબ જ આદર સાથે લેવાય છે અને સંપૂર્ણ વિશ્વાસ પણ કરાય છે."

તેઓ થોડી વાર માટે એકદમ શાંત રહ્યાં, કમરામાં ટાંચણીનો પણ અવાજ આવે તેવી શાંતિ પથરાઇ. ફક્ત એ.સી. ચાલુ હોવાનો આછો અવાજ આવતો હતો. તેમજ તે ઓફિસ સાઉન્ડ પ્રૂફ બનાવવામાં આવી હતી.

"મેજર સોમદત્ત..." ચુપકીદી તોડતાં અમિત દોહલ આગળ બોલ્યાં.

મેજર સોમદત્ત, કદમ ઉત્સુકતા સાથે તેમની સામે જોઇ રહ્યાં.

અમિત દોહલે ટેબલના ખાનામાંથી એક ફોટો કાઢ્યો અને તેઓની સામે મૂક્યો. "આ ફોટો કોનો છે ?" મેજર સોમદત્તને તેઓએ પ્રશ્ન કર્યો.

પણ મેજર સોમદત્ત અને કમદ સ્તબ્ધ થઇ તે ફોટાને જોઇ રહ્યા. ફોટો આબેહુમ મેજર સોમદત્તનો હતો. પણ ફરક એટલો હતો કે તેના ચહેરા પર લાંબી ગોળ વણાંકવાળી મુંછો હતો.

"આ... આ... ફોટો તો એકદમ સરને મળતો આવે છે તેની વણાંકદાર વળ ચડાવેલી મુંછો કાઢી નાંખીએ તો તે ફોટો સરનો જ હોય તેવું હું દાવા સાથે કહી શકું..." કદમ બોલ્યો.

"સર...! આ ફોટો મારો નથી. પણ મારા કોઇ હમશકલનો છે..." ગંભીરતા સાથે મેજર સોમદત્તે કહ્યું.

"યસ... મેજર... તારી વાત એકદમ સાચી છે, પણ જો તને આવી જ વળાંકદાર મુંછો બનાવી નાંખવામાં આવે તો મેજર કતારસિંગ છો તેમજ સૌ માની લે, કેમ કે આ ફોટો મેજર કતારસિંગનો છે."

"સર, આ કતારસિંગ કોણ છે ?" ઉત્સુકતા સાથે મેજર સોમદત્ત બોલી ઉઠ્યાં.

"મેજર કતારસિંગ બી.એફ.એફ. ના વડા છે. અને તેમની ટીમનું નામ શક્તિ છે. તેઓ શિવ-શક્તિના ખૂબ જ ઉપાસક છે. એટલે જ 'માં શક્તિ'ના નામ પર પોતાની ટુકડીનું નામ 'શક્તિ' રાખેલ છે." થોડીવાર શાંતિથી બેસી રહી અમિત દોહલ બંને સામે જોયું, "મેજર કતારસિંગ પોતાની ટુકડીના 50 જવાનો અને બે ફૌજી ઓફિસરો સાથે દુશ્મનોની ટુકડીઓ વચ્ચે ઘેરાઇ ગયા છે, અને આજે ચાર દિવસથી દુશ્મનોની ઘેરામાંથી નીકળવાની કોશિશ કરે છે. પણ દુશ્મનો લગભગ બસોની સંખ્યામાં હોવાથી તેઓ પોતાની ટીમે દુશ્મનોના ઘેરામાંથી છોડાવી શક્યા નથી."

મેજર સોમદત્ત અને કદમ એકદમ શાંતિ ચિત્તે તેમની વાત સાંભળી રહ્યા હતા.

અમિત દોહલ ટેબલના ખાનામાંથી એક નકશો બહાર કાઢી મેજ પર ખોલીને મૂક્યો.

"મેજર બીજી અગત્યની વાત એ છે કે તેઓ અત્યારે ચાઇનાની બોર્ડરમાં છે. અને કેટલાંક અગત્યના ડોક્યુમેન્ટ અને તસ્વીરો તેઓની પાસે છે જે દુશ્મની તેના પાસેથી હાંસલ કરવા માંગે છે. જોકે મેજર કતારસિંગ જીવતા હશે ત્યાં સુધી તે ડોક્યુમેન્ટરી તસવીરો દુશ્મનોના હાથમાં આવવા નહીં દે. ચાઇના બોર્ડર પર ચાઇનાના સિપાઇઓ ઘણી જ હિલચાલ તેજ કરી નાંખી છે. અને ભારત સામે યુદ્ધ માટે ચક્રવ્યૂહ પણ ગોઠવી દીધો છે. તે બધી જ તસ્વીરો અને ડોક્યુમેન્ટરી દસ્તાવેજો તે વિશેના જ છે. એટલે દુશ્મન દેશના સિપાઇઓ મેજર કતારસિંગની પાછળ હાથ ધોઇને પડી ગયા છે."

"મેજર સોમદત્ત..." થોડી વારની શાંતિ પછી તેઓ આગળ બોલ્યા, "આપને કદાચ આ વાત સામાન્ય લાગશે કેમ કે આવું તો અવાર-નાવર બોર્ડર પર બનતું હોય છે. પણ આ બનાવ ભારતના લશ્કર અને તેઓના વડા માટે ખૂબ જ ગંભીર બનાવ છે. મેજર કતારસિંગ આપણા લશ્કરના ખૂબ જ કુનેહબાજ અને કાબેલ ઓફિસર છે. પાકિસ્તાન સાથેની કારગીલમાં થયેલ યુદ્ધમાં તેમણે ખૂબ જ કાબેલિયત બતાવી હતી. તેનાથી પાકિસ્તાનનું લશ્કર પણ ધ્રુજી ઉઠ્યું હતું. મેજર કતારસિંગે સુરંગો બનાવી બનાવી પાકિસ્તાનની કેટલીય બટાલિયનોને સાફ કરી નાંખી હતી. ચોક્કસ વ્યૂહ રચનાથી પાકિસ્તાનની કેટલીય ટેન્કરોને તોડી નાંખી હતી. કારગીલ યુદ્ધમાં આપણી જીતમાં કતારસિંગનો મોટો હાથ હતો."

"ઓ...હો...! ખરેખર દેશના એક કાબિલ સપૂત છે, મેજર કતારસિંગ." કદમે બોલી ઉઠ્યો.

"મેજર કતારસિંગ ભારતના લશ્કરની એક મુખ્ય કરોડરજ્જુ સમાન છે. ચાલાકી અને સ્ફૂર્તિમાં તેઓ એકદમ માહીર છે. તેઓનો કોઇ જ જોટો નથી. મેજર સોમદત્ત... તેમના અંગે તો એક જોક્સ પણ લશ્કરમાં પ્રચલિત છે, કે જો તેઓને લોખંડના કમરામાં પૂરી નાંખવામાં આવે તો તેઓ બીજી મિનિટે ચાવી માટેના કણામાંથી બહાર નીકળી જાય."

થોડી વાર અટક્યા પછી અમિત દોહલ આગળ બોલ્યા, "મેજર સોમદત્ત... જ્યાં સુધી મેજર કતારસિંગની રાઇફલમાં એક ગોળી પણ હશે ત્યાં સુધી દુશ્મનો તેમના વાળ પણ વાંકો કરી શકે તેમ નતી, પરંતુ..."

"પરંતુ શું સર...!" ઉત્સુકતા સાથે મેજર સોમદત્તે પૂછ્યું.

અમિત દોહલના ચહેરા પર ઘેરી નિરાશા ફરી વળી. તેઓ બોલ્યા, "કતારસિંગ અત્યારે ચાઇના બોર્ડર પર દબાગસિયાંગ જે ચાઇનામાં આવે છે ત્યાં પહોંચી ગયા છે. અને દબાંગસિયાંગ જે ચાઇનાની લશ્કર ઝંડા જે દબાંગસિયાંગ નજીકનું શહેર હોવાથી તાત્કાલિક મદદ મળી શકે તેમ

છે. અને બાતમી પ્રમાણે હજારો સૈનિકો ઝંડાથી દબાંગસિયાંગ જવા નીકળી પડ્યા છે. ત્યાં કતારસિંગ અને તેની ટુકડીને જો બચાવી હોય તો ઝંડાની મદદે આવે તે પહેલાં ભારતની સરહદમાં લઇ આવી પડે અને તે ખૂબ જ મુશ્કેલીભર્યું કાર્ય છે. કારણ કે ઊંચા-ઊંચા બરફ છવાયેલા પર્વતો અને ખોફનાક જંગલનો તે પ્રદેશ છે. ચાઇનાના સૈનિકોને ઝંડાથી મદદ મળે તે પહેલાં જ જો આપ, તેને ત્યાંથી સુરક્ષિત કાઢી આવે તો જ આ મિશનનું મહત્ત્વ છે. અને કતારસિંગની ટીમ પાસે હવે રેશનીંગ પણ પૂરું થવા આવ્યું છે. આ વિસ્તાર ચાઇનાના બોર્ડરની અંદર છે અને ઊંચા ચટ્ટાનોથી ઘેરાયેલા હોવાથી આપણે કતારસિંગને હેલિકોપ્ટરથી પણ મદદ કરી શકીએ તેમ નથી અને ખોફનાક જંગલમાં તેમને શોધવા તે પણ એકદમ મુશ્કેલીભર્યુ કામ છે."

"સર ! આપ ચિંતા ન કરો હું મારી જિંદગીની બાજી લગાવીને કતારસિંગ અને તેના સાથીઓને ચાઇનાની બોર્ડરમાંથી પાછા લઇ આવીશ...!" આત્મવિશ્વાસ સાથે મેજર સોમદત્ત બોલ્યા.

"યસ, મેજર મને તારા પર પૂરો વિશ્વાસ છે. અને એટલે જ ભારત સરકારે તારા પર પૂરો વિશ્વાસ મૂકે છે. હવે રહી ફોટાની વાત તો કતારસિંગ અને તારો ચહેરો એકદમ મળતો આવે છે એટલે ત્યાં પહોંચી ને તારે એક જ અફવા ફેલાવવાની છે. કે કતારસિંગન એટલે તું દુશ્મનોના પંજામાંથી છટકવામાં સફળ થયો છે."

"આપ જ્યારે ભારતની છેલ્લી ચેકપોસ્ટ પર પહોંચશો એટલે મને તરત જાણ કરવામાં આવશે અને તરત હું ટ્રાન્સમીટર પર દિલ્હી જાણ કરીશ."

"ઓહ ! સમજી ગયો." સોમદત્ત બોલી ઉઠ્યા. "એનો અર્થ એ થયો કે આપણી તરફ ચીનનો કોઇ જાસૂસ હોય તો તે તરત ત્યાં જાણ કરે અને ચાઇના લશ્કર હટાવી દે."

"રાઇટ..." અમિત દોહલ બોલ્યા.

"સૈનિકોનો ઘેરાવો ઓછો થયા પછી કતારસિંગ ગમે તે રીતે પોતાની બટાલીયન સાથે ત્યાંથી છટકી નીકળશે."

"ઠીક છે સર ! મારે આ મિશન માટે ક્યારે ઉપડવાનું છે."

"મેજર... તમારે અત્યારે જ જવાનું છે. ભારતીય સેનાના વિમાનમાં તમારે દેહરાદૂન જવાનું છે. ત્યાંથી હરિદ્વાર થઇ ચમોલી અને ત્યાંથી બદ્રીનાથ થઇ માનાં પહોંચવાનું છે. અને માનાં પહોંચ્યા બાદ તમને ત્યાં બધી જ વાતથી માહિતગાર કરવામાં આવશે."

"ઓ.કે.સર ! હું હમણાં જ તૈયારી કરું છુ. મારી સાથે કદમ, આદિત્ય અને પ્રલયને પણ લઇ જવા માગું છું."

"બરાબર છે...તમારી ટીમ હશે તો હરકોઇ સંકટનો તમે સામનો કરી શકશો અને હા તમે દહેરાદૂનથી હરિદ્વાર જશો ત્યારે કદાચ કોઇ ચીનનો જાસૂસ અથવા આપણના દેશનો ચીન વતી જાસૂસી કરતો કોઇ વ્યકિત તમારી પાછળ પડી શકે છે. રસ્તામાં તમારા પર ફાયરિંગ પણ થશે. તમારે દહેરાદૂનથી પ્રેસ રિપોર્ટરના વેશમાં આગળ વધવાનું છે. તમને એક પ્રાઇવેટ ગાડી આપવામાં આવશે. પણ તમારી સાથે ત્યાંથી કોઇ જ નહીં આવે."

"કાંઇ જ ચિંતા નથી સર ! હરિદ્વાર ન ચમોલી તો મારું ઘર છે. ચમોલીમાં આવેલ મહેઠાણામાં મારા ગુરુજી શ્રી રામેશ્વરનંદ સરસ્વતી બાપુનો આશ્રમ છે. અને વર્ષમાં એક વખત હું ત્યાં જાઉં

છું."

"ગુડ ! એક વાત બીજી તમને કહું કે મેજર કતારસિંગ ફોરસ્કવેર સિગારેટ પીએ છે. અને તેથી જ માનાં પહોંચ્યા પછી તમારે સિગારેટ પીવાનું પણ શરૂ કરી દેવું પડશે. તે ઉપરાંત આપે માનાં પછી અમુક અમુક જગ્યાએ તમને રૂમાલ આપવામાં આવશે. જે રૂમાલ મેજર કતારસિંગ વાપરે છે અને તેના બધા જરૂમાલના ખૂણાંમાં 'કે' લખેલો હશે. રસ્તામાં અમુક-અમુક જગ્યાએ તે રૂમાલ તમે ભૂલી ગયા હોય તેમ મૂકવાના છે. એટલે તમારી જાસૂસી કરતાં કોઇને પણ વિશ્વાસ થઇ જશે કે તમે જ કતારસિંગ છો."

"ઓ.કે. સર...!"

"મેજર... તમારે ચાઇના બોર્ડરમાં ઘૂસવાનું છે. ત્યાં ચારે તરફ ગીજ જંગલો અને બર્ફિલા પહાડો છે. ત્યાં હરએક પગલા પર મોત પોતાનું જડબું ફાડીને બેઠું હશે. તમારે તમારી તથા ટીમની રક્ષા પણ કરવાની છે, કેમ કે તમે પણ દેશ માટે અગત્યના વ્યક્તિ છો."

"સર આપ ચિંતા ન કરો...આ પહેલાં પણ ગીચ જંગલો અને બર્ફિલા પર્વતો ચીરી હું મારી ટીમ સાથે ચાઇના ત્યાં બનેલા એક મોટા સરોવરને તોડવા ગયો હતો. ત્યાં પણ હરએક પગલે મોત ખડું હતું. "

અમિત દોહલે પોતાના ઘડિયાળ તરફ જોયું, પછી બોલ્યા, "લગભગ એક કલાકની અંદર તમારે એરફોર્સ પર પહોંચી જવાનું છે અને ત્યાં તમને લઇ જવા માટે પ્લેન રેડી હશે...સોરી મેજર સોમદત્ત... હું તમને તૈયારી માટે વધુ સમય આપી શકતો નથી. કારણ કે તમારી સફર લાંબી છે. અને માનાં ઝડપથી પહોંચવું જરૂરી છે."

"ઇટ ઇઝ ઓ.કે. સર...! ભારતમાં રક્ષા માટે તેના સપૂતોએ હરએક પળે તૈયાર રહેવું પડે. અને આ મિશન માટે આપે મને યોગ્ય માન્યો તે જ આપની મારા પરની આસ્થા અને વિશ્વાસનું પ્રમાણ છે. હું મિશન પાર કર્યા વગર ભારતની ધરતી પર પાછો પગ નહીં મૂકું." સીનો ટટ્ટાર કરી મક્કમતો સાથે મેજર સોમદત્ત બોલી ઉઠ્યા.

તેની વાત સાંભળી રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અમિત દોહલ પોતાની ચેર પરથી ઊભા થઇ ગયા. મેજર સોમદત્ત અને કદમ પણ ઊભા થયાં.

અમિત દોહલ મેજર સોમદત્તને ભેટી પડ્યાં.

"ધન્ય છે તને માં ભારતના સપૂત." પીઠ થાબડતાં તેઓ બોલી ઉઠ્યાં.

વાતાવરણમાં કાળું ડિબાંગ અંધકાર પોતાનું સામ્રાજ્ય ફેલાવી બેઠું હતું. તધરતીથી કેટલાય ફૂટની ઊંચાઇ પર ઇન્ડિયન એરફોર્સનું વિમાન નિરંતર ગતિ સાથે ઊડતું હતું. કાળા ડિબાંગ વાદળોએ આકાશ પર કબ્જો જમાવ્યો હતો. વિમાનની બારીમાંથી કશું જ દેખાતું ન હતું. વિમાનમાં એકદમ શાંતિ ફેલાવી હતી. પાઇલોટ સિવાય વિમાનની અંદર મેજર સોમદત્ત, પ્રલય, કદમ અને આદિત્ય બેઠા હતાં.

મેજર સોમદત્ત ભારતના સુરક્ષા સલાહકાર અમિત દોહલને મળી આવ્યા ત્યારબાદ તેઓ પોતાની ટીમ સાથે એક કલાકમાં જ તૈયાર થઇ એરફોર્સના એરોડ્રામ પર પહોંચી ગયા હતા. સુરક્ષા સલાહકારની ઓફિસેથી નીકળી તરત તેઓ પ્રલય અને આદિત્યને મોબાઇલ કરી ઝડપથી મિશન પર જવાની તૈયારી કરી, એકદમ તૈયાર રહેવાનું કહ્યું હતું. અને પ્રલય, આદિત્ય

પણ મેજર સોમદત્તના કહ્યા પ્રમાણે ફક્ત અડધો કલાકમાં જ બધી તૈયારી કરી સર સોમદત્તની વાટ જોઇ બેઠા હતા. જોકે બધી તૈયારી કરવામાં તાનિયાએ જ બધી મદદ કરી હતી. તાનિયા પણ 'રો'ની જાબાંજ એજન્ટ હતી. તાનિયાએ સર સોમદત્તને પોતાની સાથે લઇ જવા માટે કહ્યું હતું. પણ મેજર સોમદત્તે તાનિયાને ના પાડી દીધી. 'રો'માં પ્રોટોકોલ મહત્ત્વની વસ્તુ હોવાથી તાનિયા પણ કંઇ જ બોલી ન હતી.

"સર...! આપ સૌ સીટ બેલ્ટ બાંધી લો. આપણે દહેરાદૂન પહોંચી ગયા છીએ." એકદમ આદરપૂર્વક એરફોર્સના વિમાનનો પાઇલોટ બોલ્યો.

"અમે સૌ તૈયાર છીએ." સીટ બેલ્ટ બાંધતા પ્રલય બોલી ઊઠ્યો.

થોડીવામાં એરફોર્સનું તે વિમાન ભીષણ અવાજ કરતું દહેરાદૂનના એરપોર્ટ પર ઊતર્યું.

દહેરાદૂનના એરપોર્ટ પર ચીર શાંતિ ફેલાયેલી હતી. તેઓ વિમાનમાંથી નીચે ઊતર્યાં ત્યારે એવો ભાસ થયો કે પૂરી દુનિયાના લોકો ચીરનિદ્રામાં પોઢી ગયા છે.

"સર...આપ મારી સાથે એરફોર્સની બિલ્ડીંગમાં આવો. એરફોર્સના કમાન્ડર સુજિત મિશ્રા આપની વાટ જોઇ રહ્યા છે." કહેતા પાઇલોટ પોતે પણ વિમાનની નીચે ઉતર્યો. સૌ પોતપોતાનો સામાન લઇ ચુપચાપ સામે દેખાતી બિલ્ડિંગ તરફ આગળ વધ્યા.

"વેલકમ સર..." એરફોર્સની ઓફિસના ઇન્ચાર્જ ખુશાલી ગજ્જર સ્મિત સાથે બોલી ઊઠી, "આવો સર..." કહેતા તે લિફ્ટની આગળ વધી.

સૌ લિફ્ટમાં દાખલ થયા. તરત લીફ્ટ ચોથા માળ તરફ જવા પોતાની પેનલ પર સરકતી આગળ વધી. બીજી જ મિનિટે તેઓ ઓરફોર્સના કમાન્ડિંગ ઓફિસર સુજીત મિશ્રાની ઓફિસ સામે ઊભા હતા.

મેડમ ખુશાલીની પાછળ સૌ ઓફિસની અંદર પ્રવેશ્યાં.

કમાન્ડિંગ ઓફિસર ઝડપથી પોતાની ચેર પરથી ઊભો થઇ અભિવાદન કરવા આગળ આવ્યો. "વેલકમ... વેલકમ...સર !" હાથ મિલાવતાં તે બોલી ઊઠ્યો.

"આવો બેસો સર...! આપના માટે કોફી અને બિસ્કિટ આવી ગયા છે તે લઇ આપને નીચે પડેલી ઇનોવા ગાડી લઇને આગળ વધવાનું છે."

"પણ કમાન્ડિંગ ઓફિસર અહીં ચોથા માળે..."

"સર...આપ સૌને કોફી પીવડાવવા માટે જ અહીં લાવવામાં આવ્યા છે." કમાન્ડિંગ ઓફિસર મેજર સોમદત્ત વાત પૂરી કરે તે પહેલાં બોલી ઉઠ્યો, "સર...આપ અમારા અતિથિ છો. આપને અહીંથી કોફી પીવડાવ્યા વગર કેમ આગળ જવા દેવાય ?" સ્મિત સાથે તેણે કહ્યું.

"થેન્ક યુ કમાન્ડિંગ ઓફિસર, અમને ખરેખર કોફી અને બિસ્કિટની જરૂર હતી. અમે રાત્રિના દોડધામ કરી દિલ્હીથી ખાધાપીધા વગર અહીં આવ્યા છીએ." મેજર સોમદત્ત બોલી ઉઠ્યા. તે જ વખતે કોફી-બિસ્કિટ લઇ એરફોર્સની પરિચારિકા ત્યાં આવી ટેબલ પર સર્વ કરી ચાલી ગઇ.

ચા-પાણીની ઔપચારિકતા પૂરી કરી સૌ નીચે આવ્યા.

મેજર સોમદત્ત અને તેની ટીમ માટે એરફોર્સની બિલ્ડિંગ પાસે એક નવી જ ઇનોવા તૈયાર પડી હતી.સુજીત મિશ્રાએ સૌનો સામાન ગાડીમાં રખાવ્યો.

"સર...આપની મુસાફરી વખતે વચ્ચે જરૂર પડે તેવો નાસ્તો, પાણીની સગવડ આ ગાડીમાં રાખેલી છે, અને ડીઝલની પણ ટાંકી ફૂલ ભરેલી છે." સુજીત મિશ્રા બોલ્યો.

"આપનો ખૂબ ખૂબ આભાર." સુજીત મિશ્રા સાથે હાત મીલાવતા મેજર સોમદત્ત બોલ્યા. ત્યારબાદ સૌ ગાડીમાં ગોઠવાઇ ગયા.

"સર...! આપની સફર બેહદ ખુશનુમા રહે તેવી મારી અંતરની લાગણી છે." ગળગળા સ્વરે સુજીત મિશ્રાએ સૌ સાથે હાથ હલાવ્યો.

બીજી જ મિનિટે આદિત્યે ગાડી સ્ટાર્ટ કરી. એક આંચકા સાથે ગાડી ઉપડી. એરફોર્સની ઇમારતમાંથી બહાર આવી ત્યારબાદ રફ્તાર સાથે તે હરિદ્વાર તરફ આગળ વધી ગઇ.

વાતાવરણમાં એકદમ ખામોશી ફેલાયેલી હતી. મજેર સોમદત્તે મિશન વિશે બધી જ હકીકત પ્રલય અને આદિત્યને જણાવી.

ધીમે ધીમે રાત્રિનો અંધકાર દૂર થતો જતો હતો. અને પૂર્વ દિશામાં ઉજાશ ફેલાતો ધરતી પર રેલાવા લાગ્યો.

સાડા છ વાગ્યાના સમયે સૂર્યોદય થયો ત્યારે તેઓ હરિદ્વાર આપી પહોંચ્યા હતા. હરિદ્વારમાં લોકોની ચહલપહલ થતી દેખાતી હતી.

વાતાવરણ એકદમ ખુશનુમાભર્યું હતું. પક્ષીઓના બોલવાનો અને મંદિરોના ઘંટનાદનો અવાજ વાતાવરણને પ્રફુલ્લિત કરતો હતો. ઠંડો પવન વાઇ રહ્યો હતો. મેજર સોમદત્તે આદિત્યને ગાડી સીધી જ હરકીપૈડી તરફ લઇ જવાનું કહ્યું. જયાં માં ગંગાજીનું મંદિર હતું.

ગંગાના ઘાટ પર આવતાં જ મેજર સોમદત્ત એકદમ પ્રફુલ્લીત બની ગયા. તેઓને ગંગાના કિનારાનો વિસ્તાર બહુ જ ગમતો. જ્યારે પણ હરિદ્વાર આવતા ત્યારે ગંગામાની આરતીનો લાભ ચોક્કસ લેતાં.

તેઓ હરકી પૈડી પાસે પહોંચ્યા ત્યારે પૂર્વની ક્ષિતિજમાંથી સૂર્યનો લાલ ગોળો બહાર આવી રહ્યો હતો, અને તેના કિરણો ગંગા પર પડતાં ગંગાનું પાણી એકદમ અનેરું લાગતું હતું. વાતાવરણ એકદમ પુલકિત બની ગયું હતું. ચારે તરફ લોકો સૂર્યનારાયણને ગંગાના પાણાનું આચમન આપી રહ્યા હતા. તો કેટલાય લોકો 'માં ગંગા'ના પાવન ચરણોમાં શીશ નમાવી પ્રાર્થના કરતા હતા.

ગંગાઘાટ પર ભાવવિભાર બની મેજર સોમદત્તે ગંગાજીનું પાણી આચમન કર્યું. પછી ગંગાજીના મંદરની સામે ઊભા રહી 'મા' ગંગામૈયા' ની પ્રાર્થના કરવા લાગ્યા.

"માં...મારી ગંગામૈયા...મારી હિન્દુસ્તાનની પાવન ધરતી હંમેશાં અખંડ રહે. માં મારી ધરતીમાતાનું રક્ષણ કરવાની મને તાકાત બક્ષજો અને મા, ધરતી મા ભારતની રક્ષણ માટે જાન ફના કરવાની શક્તિ આપજો. માં...હે ગંગામૈયા, આ પાવન ધરતી પર હંમેશાં આનંદનું વાતાવરણ બની રહે અને લોકો ખુશખુશાલ રહે તેવી પ્રાર્થના..."

માંના ચરણોમાં શીશ ઝુકાવી તેઓ એકદમ શાંત મને માતાની પ્રાર્થના કરી રહ્યા હતાં. તેની સાથે પ્રલય, કદમ અને આદિત્ય પણ હાથ જોડી ઊભા હતા.

સૌ એકદમ પ્રફુલ્લિત બની ગયા હતા. ખરેખર ગંગાના ઘાટની એ જ વિશિષ્ટતા છે કે સૌનું મન આનંદ શ્રદ્ધાથી પુલકિત બની ઉઠે છે.

થોડીવાર પછી ગાડી પુરપાટ વેગે આગળ ધપી રહી હતી. હરિદ્વાર પાછળ રહી ગયું. સીધી સડક હવે ધીમે-ધીમે સર્પાકાર વળાંક લેતી આગળ વધી રહી હતી. થોડી જ વારમાં ઘાટ સેક્શન શરૂ થઇ ગયો. સડક ઉપરથી ઉપર પર્વતની કોર કાપી બનાવેલ સડક પર ધસમસી રહી હતી. વળાંક પર વળાંક આવતા હતા. કદમ એકદમ સાવચેતીપૂર્વક ગાડી ચલાવતો જતો હતો. જેમ ઊંચાઇ પર જતા હતા તેમ તેમ વાતાવરણમાં ધુમ્મસ ફેલાતું જતું હતું. એક તરફ ઊંચા-ઊંચા ગગનચુંબી પહાડો હતા, તો બીજી તરફ કેટલીય નીચાણ પરથી ગંગાના પાણી નિરંતર ઘુઘવાટ કરતા નીચેની તરફ ઉતરી રહ્યાં હતા

લગભગ સાડા બાર વાગ્યાના સમયે તેઓ શ્રીનગર પહોંચ્યા. ત્યાં આવેલું શ્રીનગર,કાશ્મીરના શ્રીનગર જેટલુ સુંદરતાભર્યું નથી, પણ ચાર ધામની યાત્રામાં આવતું મુખ્ય જંકશન છે, મોટું શહેર છે.

સારી હોટલમાં ભોજન પતાવી સવારથી શરૂ થયેલી મુસાફરી કંટાળીને હોટલના ચોગાનમાં પડેલી ખુરશીઓ પર બેઠા હતા.

"સર ! આજ આપણે હોલ્ટ ક્યાં છે ?" કદમે મેજર સોમદત્તની સામે જોયું.

"હોલ્ટની તો ખબર નથી પણ રાત્રિનું ભોજન આપણે મહેસાણામાં આવેલ પૂજ્ય રામેશ્વરાનંદ બાપુના આશ્રમમાં લેશું. ત્યારબાદ આપણે આગળ વધવાનું છે. રસ્તો જોખમી છે. છતાં પણ આપણે જેટલું બને તેટલું અંતર રાત્રે જ કાપી નાંખવાનું છે."

"સર...! ખેરખર આપણે ધારીએ તો રાત્રિના રોકાણ વગર બદ્રીનાથ સુધો તો પહોંચી જઇએ પણ, અહીં રસ્તા રાત્રે બંધ કરી દેવામાં આવે છે." આદિત્યે કહ્યું.

"હા...ખતરનાક ઘાટ સેકશન હોવાથી રસ્તાઓ રાત્રિના બંધ કરી દેવામાં આવે છે. પણ ઉપરથી અહીં આપણી ગાડીને આગળ જવા દેવાનો ઓર્ડર આપી દેવામાં આવ્યો છે."

"સર...! આ મુસાફરી ક્યા પૂરી થશે...?" પ્રલયે પૂછ્યું.

"પ્રલય... આ મુસાફરી માનાં સુધી ચાલુ રહેશે. પછી ત્યાંથી શું કરવું તેનો ઓર્ડર માનાં પર સ્થિત બી.એસ.એફ.ના બેઝ કેમ્પ પર કરવામાં આવશે."

"ઠીક છે... આપણે તો બોર્ડર પાર કરવાની છે. ત્યાં સુધી નિરાંતનો દમ લઇ લઇએ." ઊભા થતાં કદમ બોલ્યો. પછી હોટલની બહારની તરફ જવા લાગ્યો.

મેજર સોમદત્ત હસી પડ્યાં. કેમ કે તેઓ જાણતા હતા કે ભોજન પછી કદમને સિગારેટ પીવાની તલબ લાગી છે. તે મેજર સોમદત્તની મર્યાદા રાખતો. એટલે જ સિગારેટ પીવા હોટલની બહાર ચાલ્યો ગયો.

એક કલાકના વિશ્રામ પછી તેઓ મંઝિલ તરફ આગળ વધ્યા. એ જ ઘાટ સેકશન... એ જ ભયાનક વળાંકો અને જડબું ફાડી બેઠેલ મોતનો ખોફ ભરી ખીણો.

વાતાવરણમાં આહ્લાદક ઠંડક પ્રસેલી હતી. એકદમ ખુશનુમાભર્યુ વાતાવરણ હતું.

ચાર ધામની યાત્રાએ જતા યાત્રિકોની ગાડીઓથી ટ્રાફિક ઘણું જ હતું. સહેજ પણ શરતચૂક મોતને આમંત્રણ આપવા જેવી હતી..

લગભગ ચાર વાગ્યાના સમયે અનરાધાર વરસાદ તૂટી પડ્યો. પવન સુસવાટા મારતો ઘુમરી

લેતો હતો.

અચાનક આગળ ક્યાંક ભારે વરસાદને લીધે લેન્ડ સ્લાઇડિંગ થતા આગળ જતો રસ્તો બંધ થઇ ગયો.

"સર...! મને નથી લાગતું કે આપણે સમયસર પહોંચી શકશું..." હોઠ ચાવતાં પ્રલય બોલ્યો.

"સાચી વાત...પણ આમાં આપણે કરી પણ શું શકીએ. આગળ ટ્રાફિકમાં આગળ નીકળવું પણ મુશ્કેલ છે." મેજર સોમદત્તે કહ્યું.

લગભગ પાંચ વાગ્યાના સમયે રસ્તો ફરીથી શરૂ થયો પણ ત્યાં સુધી આમને-સામને ગાડીઓની ભીડ લાગી ગઇ હતી.

માંડ-માંડ તેઓ ગીચ ટ્રાફિકમાંથી આગળ વધી શક્યા. તેઓ ચમલોનું ગામ મહેસાણા પહોંચ્યા ત્યારે ધરતી પર અંધકારના ઓળા ઉતરી આવ્યા હતા.

કદમે ગાડીને આશ્રમના ગેટ પાસે ઊભી રાખી કે તરત શ્યામ દોડતો આવ્યો. શ્યામ મહેસાણા મધ્યે આવેલ રામેશ્વરનંદજીના આશ્રમનું સંચાલન કરતો ખૂબ જ સરલ સ્વભાવનો છોકરો હતો.

મેજર સોમદત્તના ચરણસ્પર્શ કરી શ્યામે સૌને અંદર બોલાવ્યા. એક ખૂબ જ સ્વચ્છ અને સુઘડ કમરામાં તેઓને બેસાડ્યા. ત્યારબાદ તે ભોજન માટે તૈયાર કરવા રસોડામાં ઘુસી ગયો.

ઘરે બનતા ભોજન જેવું જ તે સ્વાદિષ્ટ અને સારું હતું. સૌ ધરાઇને જમ્યાં. શ્યામે પણ આગ્રહ કરી બે-બે રોટલી સૌને વધારે જમાડી.

મહેસાણાથી તેઓ નીકળ્યા ત્યારે રાત્રિનું ગાઢ અંધકાર છવાઇ ગયું હતું

Chapter 2

માનાંપાસ બોર્ડર

આગળની મુસાફરી બેહદ ખતરનાક વળાંકોવાળા રસ્તા પરથી હતી. સમ... સમ... સમ... કરતો રાત્રિનો સમય આગળ વધી રહ્યો હતો. ક્યારેક-ક્યારેક ધુમ્મસ એટલું બધું વધી જતું કે ગાડીને રસ્તા પર રોકી દેવી પડતી હતી. આગળ ચારે તરફ જાણે દરિયો લહેરાતો હોય તેમ ધુમ્મસના વાદળો છવાઇ જતા અને થોડીવાર પછી વરસાદ વરસતા ધુમ્મસનું આવરણ ઓછું થતું અને પછી તેઓ આગળ વધ્યા. થોડી-થોડી વારે વાતાવરણમાં એકાએક ચારે તરફ તારલીયોના હોય તેવો પ્રકાશ ક્ષણ માટે ઝબુકતો અને પછી ફરીથી અંધકારમાં ઓગળી જતો. જે ખરેખર આગીય નામના પતંગિયા જેવા દેખાતા નાના-નાના જંતુઓ વાતાવરણમાં આમાથી તેમ ઉટતા હતા તેનો પ્રકાશ હતો. સૌ વાતો કરતા-કરતા ગમ્મત કરી રહ્યાં હતા. રાત્રિના સમયે ગાડીઓના આવવા-જવા માટે રસ્તો બંધ કરી દેતાં હોઇ કોઇ જ વાહન તેઓને મળતું ન હતું. એકદમ સન્નાટાભર્યા વાતાવરણમાં ગાડીના એન્જિનનો અવાજ ગુંજતો હતો.

બદ્રીનાથ પહોંચ્યા ત્યારે રાત્રિના બે વાગ્યાનો સમય થવા આવ્યો હતો. સૌએ દૂરથી જ બદ્રીનાથ ભગવાનના દર્શન કર્યા. બદ્રીનાથ પછીનો રસ્તો એકદમ ખતરનાક વળાંકોવાળો હતો. ચારે તરફ બરફ છવાયેલા પર્વતો ગાડીની લાઇટના પ્રકાશમાં ઝળહળતા હતા.

વાતાવરણનું ટેમ્પરેચર માયન્સ શૂન્ય સુધી ગટી ગયું હતું. એકદમ ઠંડુગાર વાતાવરણ બની ગયું હતું.

વળાંક પર વળાંક, વળાંક પર વળાંક કાપતી ગાડી પર્વતની ઊંચાઇ તરફ જતી હતી. ચારે તરફ ગાઢ અંધકારની ચાદર ફેલાયેલી હતી અને ભેંકાર સન્નાટો છવાયેલો હતો. લશ્કરની અવરજવર અહીં થતી હોવાથી રસ્તો સરસ બનેલો હતો. જે રસ્તાને નેશનલ હાઇવે એન.એચ.7ના નામથી ઓળખાતો હતો.

આકાશને આંબવા માટે જતો હોય તેમ રસ્તો સતત ઉપર જતો હતો. ખડખડાટ કરતી સરસ્વતી નદીના પાણી ખૂબ જ ઊંચાઇ પરથી માનાં પાસ તરફ આગળ વધતા હતા.

માનાં...ભારતનું હિમાલય પ્રદેશ અને કિન્નોર ડિસ્ટ્રીક્ટનું છેલ્લું ગામ હતું.

અહીં મહર્ષિ વેદ વ્યાસે મહાભારતની રચના કરી હતી તેવું કહેવામાં આવે છે. અહીં વેદવ્યાસ અને ગણેશજીની પ્રાચીન ગુફાઓ આવેલી છે. બીજું પણ એવું મહત્ત્વની ઘટના અહીં ઘટી હતી. પાંડવો જ્યારે હાડ ગાળવા હિમાલયમાં આવ્યા હતા. ત્યારે તેઓ માનાંપાસથી પસાર થયા હતા. અહીં સરસ્વતી પર્વત આવેલો છે, અને તેની પાસેથી સરસ્વતી નદી વહે છે. કહેવાય છે કે દ્રૌપદીઓ માં સરસ્વતી નદીમાંથી પસાર થઇને આગળ જવાની ના પાડતાં અહીં ભીમે નદી પસાર કરવા માટે એક મોટી ચટ્ટાન ઉઠાવીને સરસ્વતી નદીના વહેણ પર મૂકી પુલ બનાવ્યો હતો. અને ત્યારથી સરસ્વતી નદી લુપ્ત થઇ ગઇ ત્યાર પછી અલકનંદા નદી તે ભીમ પુલ નીચેથી પસાર થાય છે. માનાંપાસનું છેલ્લું ગામ ચીટ્ટકુલ છે. ત્યાં સુધી જ આગળ વધવાનો રસ્તો છે. માનાંપાસ **5608** મીટર અને **18399** ફૂટની ઊંચાઇ પર છે. અહીં થતા બટાકા વિશ્વમાં વખણાય છે.

માનાં ગામ વટાવી તેઓ ત્યાંથી ગસ્તોલી થઇને માનાંપાસ ચેકપોસ્ટ પર પહોંચ્યા.

ચેકપોસ્ટ પર તૈનાથી સંતરીઓ તરત સતર્ક બની ગયા. કદમે ચેકપોસ્ટ પાસે ગાડીને થોભાવી કે તરત બે બી.એસ.એફ.ના યુવાનો ત્યાં ધસી આવ્યા. તેઓના ખભા પર એસ.એલ.આર. લટકતી હતી.

"હલ્લો... યંગમેન."

"યસ...આપનો કાર્ડ બતાવો." સામેથી પૂછવામાં આવ્યું.

"યસ...જીરો...સેવન..." ગંભીરતી સાથે મેજર સોમદત્ત બોલ્યા. તરત બી.એસ.એફ.ના એક યુવાને હાથમાં પકડેલા વાયરલેસ ફોનનું બટન દબાવી બી.એસ.એફ.ના કેમ્પ પર રહેલા અધિકારી સાથે વાત કરી.

વાત પૂરી કરી, ફોન સ્વીચઓફ કરી તે એટેન્શનમાં આવી સર સોમદત્તને સેલ્યૂટ કરી.

"સર...આપ અંદર આવી શકો છો. અમારા કેપ્ટન વિજય તમારી આતુરપૂર્વક વાટ જોઇ રહ્યાં છે."

"ઓ.કે.!" મેજર સોમદત્ત બોલ્યા. પછી તેઓ ગાડીમાં બેઠા તરત ફાટક ખોલવામાં આવ્યું. ગાડી અદંર લીધા પછી કદમે ગાડી ઊભી રાખી.

"સર...! આપ અમારી ગાડીની પાછળ તમારી ગાડીને આવવા દો..." બી.એસ.એફ.નો યુવાન બોલ્યો. પછી ત્યાં પડેલી જીપ્સીમાં બેસી ગયો.

કદમે જીપ્સીની પાછળ પોતાની ગાડી દોડાવી. લગભગ એક કિલોમીટરના અંતર પછી તેઓની ગાડીઓ ઊભી રહી. તરત આર્મીના બનેલા ક્વાર્ટરમાંથી કેપ્ટન વિજયસિંહા ત્યાં દોડી આવ્યાં.

"સર... " સેલ્યુટ માર્યા પછી તેમણે મેજર સોમદત્તની સાથે પછી કદમ, પ્રલય અને આદિત્ય સાથે હાથ મીલાવ્યાં.

"આવો સર...હું ક્યારનોય આપની વાટ જોઇને બેઠો છું." કહેતાં ત્યાં બનેલા ક્વાર્ટર તરફ આગળ વધ્યાં.

ઇંટોના બાંધકામ પર પતરાં ચડાવીને ટેમ્પરરી ક્વાર્ટરો અને ઓફિસો બનાવવામાં આવી હતી. એ બધા જ ક્વોર્ટરો પર ગેરુનો બનાવેલો લાલ કરલ લગાવવામાં આવ્યો હતો. રાત્રિના ત્રણ વાગ્યાનો સમય થવા આવ્યો હતો. છતા પણ બી.એસ.એફ.ના ક્વાર્ટર પર ચહલપહલ ચાલુ હતી.

ઓફિસમાં બેઠા પછી વિજયસિંહાએ પોતાની ઓળખાણ આપી. સૌના હાલચાલ પૂછ્યા, ત્યારબાદ આવેલ ચા ને ન્યાય આપ્યો.

"સર...! મિશન વિશે આપને બધી જ જાણકારી આપવામાં આવી હશે..." વિજયસિંહા આદર સાથે બોલ્યા.

"કેપ્ટન વિજય... જાણકારી ફક્ત એટલી જ મને આપવામાં આવી છે કે પ્રેસ રિપોર્ટરની ગાડીમાં તમે રિપોર્ટર તરીકે તરત માનાંપાસ પહોંચો. આપણા મેજર કતારસિંગ અત્યારે ચાઇનાના બોર્ડરમાં છે. અને ચાઇનાના લશ્કરે તેમને ઘેરી લીધાં છે. અમારે તેઓને લશ્કરના ઘેરામાંથી છોડાવી ભારત લઇ આવવાના છે." બોલી મેજર સોમદત્ત ચુપ થઇ ગયા અને કેપ્ટન વિજયસિંહાની સામે જોઇ રહ્યાં.

"યસ સર...! આપણે મેજર કતારસિંગને ચાઇનાના લશ્કરના ઘેરામાંથી છોડાવી ભારત સુરક્ષિત લઇ આવવાના છે."

"આપણે એટલે...? અમારી સાથે...?"

"હા... સર... તમારી સાથે હું પણ આવવાનો છું કેમ કે મેજર કતારસિંગને છોડાવવાની ફરજ મારા પર છે. અને બીજું કે અહીંના જંગલ, પહાડોની વચ્ચે રસ્તાઓની પણ મને જાણકારી છે."

"ઠીક છે, પણ મને ઉપરથી એવો કાંઇ જ આદેશ નથી."

"સર...! મને આદેશ મળ્યો છે. તેની કોપી હુ તમને બતાવું છું." ખાનામાંથી એક લેટર બહાર કાઢતા કેપ્ટન વિજયસિંહા બોલ્યા.

"ઇટ ઇઝ ઓ.કે...!" લેટર વાંચ્યા બાદ મેજર સોમદત્તે કહ્યું. પછી તેઓ આગળ બોલ્યા: "કેપ્ટન, આપણે ક્યારે નીકળવાનું છે."

"સર...! અત્યારે જ નીકળીશું. પણ હું તમને સૌને નકશા વાટે થોડી જાણકારી આપી દઉં. જેથી તમને થોડી સરળતા રહે." ટેબલ નીચેથી એક મોટો નકશો કાઢી વિજયસિંહાએ ટેબલ પર પાથર્યો.

સૌ ઉત્સુકતા સાથે નકશાને જોઇ રહ્યાં. ટેબલની ઉપર એક મોટો લેમ્પ બળતો હતો. જેનો

પ્રકાશ નકશાની એક-એક રેખાને ઉજાગર કરતો હતો.

"સર ! આ માનાંપાસ બોર્ડર છે, જ્યાં અત્યારે બેઠા છીએ. અહીંથી ભારતનું છેલ્લું ગામ અટ્ટકુલ આપણે ગાડી દ્વારા જવાનું છે. ત્યારબાદ રસ્તો પૂરો થાય છે. આપણને અટ્ટકુલ મૂકી દેશે અને ત્યાંથી પર્વત ઓળંગી આપણે ચીનની સીમામાં પ્રવેશ કરશું અને આપણે અહીં ચીનની દબાંગ સરહદમાં પહોંચીશું. ત્યારબાદ ગીચ જંગલની અંદર આપણે ચીનના લશ્કરની વચ્ચેથી ઘુસો મેજર કતારસિંગ અને અમારી બટાલિયનના યુવાનોને છોડાવવાના છે."

"એટલે તમે પણ મેજર કતારસિંગની બટાલિયનના કેપ્ટન છો.?"

"યસ સર...! અને એટલે જ હું તમારી સાથે આવવા માગું છું. તેઓ મારા પિતા સમાન છે. અને ખરેખર પોતાની બટાલિયનના હરએકને પોતાના પુત્રની જેમ રાખે છે."

"તો...તો ચોક્કસ તમારી ફરજ બને છે." પ્રલય બોલી ઉઠ્યો.

"આપણે ક્યારે આગળ વધવાનું છે." કદમે પૂછ્યું.

"અત્યારે જ...હું જોઇતી સામગ્રી અને ગોળા-બારુદ બધું જ પેક કરીને તૈયાર બેઠો છું. ફકત તમારા આવવાની રાહ જોવાતી હતી. અત્યારે રાત્રિના ત્રણ વાગ્યાને વીસ મિનિટનો સમય થયો છે. જેમ બને તેમ આપણે આજ રાત પૂરી થાય તે પહેલાં ચીનની બોર્ડરમાં ઘૂસી જઇએ તો વધુ સારું નહીંતર દિવસ દરમિયાન સરહદ ઓળંગવી મુશ્કેલ છે, અને પછી પૂરો દિવસ આપણે વાટ જોવી પડશે."

"તો પછી ચાલો આપણે ઝડપ કરીએ." ઊભા થતાં મેજર સોમદત્ત બોલ્યા.

થોડી જ વારમાં બધો જ સર સામાન લઇ તેઓ જીપ્સીમાં બેસી અટ્ટકુલ તરફ આગળ વધ્યાં

ખોફનાક ઘેરા સન્નાટાભર્યુ વાતાવરણ હતું. આકાશ વાદળોથી છવાયેલું હોવાથી ઘટ્ટારોપ અંધકાર ફેલાયેલો હતો.

લગભગ અડધા કલાકની મુસાફરી પછી તેઓ અટ્ટકુલ પહોંચ્યા, જે ભારતની બોર્ડરનું છેલ્લુ ગામ હતું. રસ્તો ત્યાં પૂરો થતો હતો. સૌ પોત-પોતાનો સામાન લઇ જીપ્સીની નીચે ઉતર્યા. કોઇ વસ્તુ રહી જતી નથી તે ચેક કરી કેપ્ટન વિજયસિંહાએ ડ્રાઇવરને ગાડી પાછી લઇ જવાનું જણાવ્યું. ગાડી ફરીથી માનાંપાસ તરફ આગળ વધી ગઇ.

ગાડ જતાં ખોફનાક અંધકાર તેઓને ઘેરી લીધાં. વિજયસિંહાની પાછળ પર્વતની નાની કેડી પરથી તેઓ આગળ વધ્યાં.

ચારે તરફ છવાયેલા બરફની ચાદર ઓઢી પર્વતો નિદ્રાધીન બનન્યા હોય તેવો ખોફભર્યો સન્નાટો પથરાયેલો હતો. વાતાવરણ એકદમ ઠંડુગાર બની ગયું હતું.

"સર...! મને નથી લાગતું કે આપણે સવાર પહેલાં બોર્ડર પાર કરી શકીએ." કદમ બોલ્યો.

"પ્રયત્ન તો કરી શકીએ ને જો પ્રકાશ ફેલાઇ જશે તો આપણને અહીં પર્વત પર રહેવાની પણ મુસીબત થશે. બર્ફિલા પહાડો વચ્ચે પૂરો દિવસ ગાળવો મુશ્કેલીભર્યો છે..." મેજર સોમદત્તે કહ્યું.

"આપણે ઝડપ કરવી પડશે અને કેડી પર ચાલશું તો ત્યાં પહોંચતા ચોક્કસ ઉજાસ ફેલાઇ જશે..." વિજયસિંહા બોલ્યો. તેના ચહેરા પર ચિંતાના ભાવ ફેલાયેલા હતા.

"એનો મતલબ કે આપણે કેડી છોડી સીધું ચઢાણ ચડી નાંખીએ તો અડધો સમય બચી જાય અને તે જ સારું રહેશે. જેટલું અંધકાર વધુ હશે એટલા આપણે જલ્દી બોર્ડર પાર કરી શકીશું..." પ્રલયે કહ્યું.

"તો પછી આપણે સીધું ચઢાણ ચડવાનું શરૂ કરી દઇએ..." કેડી છોડી સીધા આગળ વધતા વિજયસિંહા બોલી ઉઠ્યો.

તે એકદમ સીધું ચઢાણ હતું. અને બરફ પણ છવાયેલો હતો. તો પણ સૌ ઉત્સાહ અને વેગ સાથે ઉપર ચડી રહ્યાં હતા. વિજયસિંહા સૌથી આગળ હતો, ને સૌથી છેલ્લે પ્રલય ચાલતો હતો.

પહાડી ઇલાકામાં સૂર્યોદય ઝડપથી વહેલો થતો હોય છે. સવારના છ વાગ્યાના સમયે તો ઉજાસ ફેલાઇ જાય. મેજર સોમદત્તની ટીમ પાસે બોર્ડર પાર કરવા માટે એક જ કલાકનો સમય હતો. તેઓ અતિ વેગ સાથે પર્વતનો ચઢાણ ચડી, પર્વતની બીજી તરફ આવી ગયા હતા. હવે નીચે ઉતરવાનું હોવાથી એકદમ ઝડપ થતી હતી.

"ચંદ્રમાં આથમી ગયો છે. આપણે અંધકારમનો લાભ લઇ ચાઇના બોર્ડરમાં ઘુસી જઇએ..." મેજર સોમદત્ત બોલ્યા.

"સર...! આમે આકાશ વાદળ છવાયું છે. તેથી અંધકાર હાલ અત્યારે ટળવાનો નથી." કદમ બોલ્યો.

"તો પણ કદમ જો વાદળોએ વચ્ચે ઘેરાયેલો ચંદ્ર બહાર નીકળે તો આ બરફની ચાદરમાં તરત તેના પ્રકાશનું પરાવર્તન થાય..."

"સાચી વાત છે... સર ! આપણે એકદમ ઝડપ કરીએ નહીંતર સૂર્યોદય થઇ જશે..." વિજયસિંહા બોલ્યા અને સૌ એકદમ વેગ સાથે મોટી-મોટી છલાંગો ભરતા ચાલવા લાગ્યા. પર્વત ઉતર્યા પછી તો રસ્તો સમથળ હતો. પણ આગળ ગીચ જંગલ હતું. સાપ, વીંછી જેવા જીવો, વાઘ જેવા પ્રાણીઓનો અહીં ઘણો જ આતંક ફેલાયેલો હતો.

તેઓ ગીચ જંગલમાં ઘુસી ગયા અને એકદમ સાવચેતી સાથે બોર્ડર ક્રોસ કરવા આગળ વધ્યા.

ભારતીય બોર્ડની બનેલી તારની ફેન્સિંગ કાપી તેઓ બોર્ડર ક્રોસ કરી તેઓ જંગલના ઊંડાણમાં ઉતરી ગયા.

દૂરથી જ આગળ એક પડાવ હોય તેવું દેખાયું. તરત પ્રલયે નાઇટ વિઝન દૂરબીન કાઢી જોયું.

એક ટેન્ટ બાંધેલો હતો અને ટેન્ટની બહાર બે ચીની સિપાઇઓ રાઇફલો લઇને ઊભા હતા.

"સર...! દબાંગ સિયાંગ બોર્ડર પર આપનું સ્વાગત કરવા ચીનીઓ રાઇફલો ભરીને તૈયાર ઊભા છે." સ્મિત સાથે પ્રલયે સૌ સામે જોયું.

"જો...પ્રલય અહીં ઘુંટણ-ઘુંટણ સુધીનું ઘાસ ફેલાયેલું છે. તું અને હું બંને ઘાસની અંદર ઘુસી ત્યાં પહોંચી ચીની સિપાઇઓનું કામ તમામ કરી આવીએ. ત્યારબાદ આગળ વધીએ..." કદમ બોલ્યો.

"ઠીક છે... અમે સૌ અહીં જ છુપાઇ જઇએ છીએ. તમે બંને ત્યાં દેખાતા ટેન્ટના સિપાઇઓનું કામ તમામ કરી આવો. પછી આગળ વધીશુ." દૂરબીન વડે ટેન્ટ તરફની હિલચાલ નિહાળતાં

મેજર સોમદત્ત આગળ બોલ્યા, "પણ વધુ સમય બરબાદ કરશો નહીં."

"ચાલ પ્રલય..." કદમે ખભા પરનો થેલો ઉતાર્યો. પ્રલયે પણ તેનું અનુકરણ કર્યું. કદમે ખિસ્સામાં નાની લખોટી જેવા દેખાતા સ્મોક બોમ્બને ખિસ્સામાં સેરવ્યા. પછી રિવોલ્વર પર હાથ ફેરવી પ્રલય સાથે આગળ વધ્યો.

મૂક મૌન ફેલાયેલી શાંતિમાં જરા પણ થતો અવાજ મોટો લાગતો હતો.

પ્રલય, કદમ ચાર પગે (બે હાથ, બે પગ) ઘાસની અંદર થઇ સરકતા આગળ વધી રહ્યાં હતાં.

ટેન્ટની નજદીક આવી જતાં ત્યાંનુ ચિત્ર સ્વષ્ટ બન્યું.

વૃક્ષના મોટા ગોળ થડના બનેલા સ્ટુલ પર બે ચીની સિપાઇઓ બેઠા હતા અને કોઇ વાતમાં મશગુલ હતા. બંનેની વચ્ચે એક પતરાની પેટી પડી હતી. પેટી માથે એક દારૂની બોટલ, પાણીની બોટલ અને શરાબ ભરેલા બે ગ્લાસ પડ્યાં હતાં.

"આ તો મારા વાલીડા મોજ ઉડાવે છે. ટેન્ટમાં જોઇ લઇએ. બીજા તેના સાથી કેટલા છે, નહીંતર આને કેબ્રે ડાન્સ કરાવીએ..." શરારત સાથે કદમ બોલ્યો.

"સ... સસસ... ચુપ... એકદમ ધીમે બોલી નહીંતર આપણી હાજરીનો ભાસ થઇ જશે ને તો તારા એ વાલીડા ક્યાંક આપણને કેબ્રે ડાન્સ કરાવશે..." પ્રલય એકદમ ધીમા સ્વરે કદમના કાનમાં બોલ્યો. તેના ચહેરા પર પણ શરારતભર્યું સ્મિત ફેલાયેલું હતું.

"હું એકાએક તેઓની સામે જઇને ઊભો રહી જાવ. તેઓ એકદમ હેબતમાં આવી જશે..." કદમે ક્હયું.

"થોભ... તે પહેલાં હું ટેન્ટની અંદર કેટલા સિપાઇઓ સૂતા છે.તેની તપાસ કરી આવું..." કહેતાં પ્રલય ઘાસની વચ્ચે સૂઇ ગયો અને મગરમચ્છની જેમ સરકતો આગળ વધ્યો. કદમ ત્યાં જ ઘુટણ પર બેસી ગયો. તેના હાથમાં રિર્વોલ્વર પકડેલી હતી જે કોઇપણ ક્ષણે આગ ઓકવા તૈયાર હતી.

સરકતો પ્રલય ટેન્ટના પાછળના ભાગમાં આવ્યો. અને ત્યાંથી જ આસ્તેથી ટેન્ટનું પ્લાસ્ટિક નીચેથી ઊંચુ કરી સૂતાં-સૂતાં જ અંદર નજર કરી. ટેન્ટમાં બે સિપાઇ પતરાંની ખુરશી પર બેઠા-બેઠા પત્તા રમતા હતા. અને કોઇ મજાકમાં હસતા હતા.

પ્રલયને તેની ભાષા વધુ સમજણમાં ન આવી પણ બંને બહાર બેસી દારૂ પીતા તે બે સિપાઇની વાત કરતા હતા એટલો ખ્યાલ આવી ગયો.

પ્રલય ધીમેકથી પાછો સરકી ગયો. ત્યાંથી તે સરકતા સરકતાં કદમ પાસે પહોંચ્યો.

"શું પોઝીશન છે...?" કદમે પૂછ્યું.

"અંદર બે સિપાઇ બેઠા-બેઠા તાસ ખેલી રહ્યાં છે, અને બહાર બેઠેલા સિપાઇની મજાક ઉડાડી રહ્યાં છે. તું બહારના બંને સિપાઇની ખબર લે હું ફરીથી ટેન્ટમાં ઘુસુ છું."

"ઓ.કે. ચાલ." કદમે પૂછ્યું. પછી તે પ્રલયની સાથે ઘાસમાં સરતો આગળ વધ્યો.

બંને ટેન્ટ પાસે આવી પહોંચ્યા. પ્રલયે કદમને આગળની તરફ વધવાનો ઇશારો કરી તે ટેન્ટનું પ્લાસ્ટિક ઊંચુ કરી એકદમ ધીમેકથી અંદર સરી ગયો.

ખુરશી પર બેસીને પત્તા રમતા તે બે સિપાઇઓને જાણ પણ ન થઇ કે તે બંનેની ખુરશીની નીચે પ્રલય આવીને સૂતો છે. તેઓ તો પોતાની ધૂનમાં પત્તા રમતા હતા.

કદમ ટેન્ટને અર્ધ રાઉન્ડ ફરી આગળની તરફ આવ્યો અને પ્રલય શું કરે છે તેની વાટ જોઇ હાથમાં રિર્વોલ્વર લઇ તે ઘુંટણિયે બેસી ગયો.

"આજે જો હું જીતી જઇશ તો તને પાર્ટી આપીશ." પત્તા રમતા બે સિપાઇમાંનો એક બોલ્યો.

"પાર્ટી અને અહીં જંગલમાં તું પાર્ટી માટે શરાબની બોટલ ક્યાંથી લાવીશ ચીંગ...?" બીજો બોલ્યો.

"હું તમને બંનેને શરાબની બોટલ લાવી આપીશ." અચાનક ખુરશીની નીચે બોમ્બ ફૂટ્યો હોય તેમ બંને ઉછળી પડ્યાં.

તે અવાજ પ્રલયનો હતો. પ્રલય બે ખુરશીની વચ્ચે ચુપચાપ આવીને સૂઇ ગયો હતો. તેના હાથમાં રિવોલ્વર હતી. જે તે બે પત્તા રમતાં ચીની સામે તકાયેલી હતી.

ક્ષણ માટે બંને સિપાઇ ધ્રુજી ઉઠ્યાં.

"ત... ત... તમે કોણ છો ?" એક સિપાઇ ભયભીત સ્વરે બોલ્યો.

"હુ... હુ...હુ... ત...ત...તમારો બાપ છું, અને સ્વર્ગમાંથી તમારા માટે ખાસ શરાબની બોટલ આપવા ધરતી પર આવ્યો છું." કટાક્ષભર્યા સ્મિત સાથે પ્રલય તેની જ ભાષામાં તેના શબ્દોમાં બોલ્યો.

એક સિપાઇ ઝડપથી પોતાનો હાથ ત્યાં પડેલી રાઇફલ તરફ સરકાવવા લાગ્યો.

"ના... ના... ના... પુતર ના...તારી રાઇફલને અડીશ તો મારા હાથમાં રહેલ આ કાળો ભોરીંગ તને ડશી જશે, સમજ્યો..."

"તમે શું ઇચ્છો છો...?" બીજો સિપાઇ ગળામાં થુંક ગળતા બોલ્યો.

"ભાઇ... સોરી... ભાઇ નહીં પણ બેટા... હાતો બેટા હું ઠેઠ સ્વર્ગમાંથી અહીં આવ્યો છું. તો મને ધરતી પરના લોકોના ડાન્સ જોવો છે. તમે ડાન્સ કરો છો ને ? રંભા હો... રંભા હો... મૈ નાચું તું નચા... હા તો બેટા, હું તમને બંનેને નચાવવા માગું છું. એટલે ચુપચાપ ઊભા થઇ જવાની તસ્દી લેશો તો મને લગભગ અડધો કિલો જેટલો આનંદ થશે..."

"પણ... પણ..." પેલો સિપાઇ થોથવાયો. તેની સામે અચાનક પ્રગટ થયેલો આ માણસ ધનચક્કર જેવો લાગ્યો.

"વાંધો નહીં... વાંધો નહીં... તે ગીત ન આવડતું હોય તો પછી મારા વીરા વિરલા તને ગાડી લઇ દઉં અને હારે લાડી લઇ દઉં....એ ગાવ. મારે અહીં ધરતી પર ફરવા માટે ગાડી તો ચોક્કસ જોઇએ. કારણ કે હું તો મોટા ગીધ પર બેસીને અહીં આવ્યો છું. હવે ગીધની ઉપર બેસી થોડો ધરતી પર ફરવાનો છું. અને હા... મારા લગ્ન પણ થયા નથી એટલે ઇચ્છા છે કે ધરતી પરથી જ લગ્ન કરીને હું સ્વર્ગમાં પાછો જાઉં... મારા બાપે મને સોગંધ ખવડાવ્યા છે કે બેટા, ધરતી પરની કન્યા સાથે જ તું લગ્ન કરજે. સમજ્યા... અને તેમાં મને લાગે છે કે તમને કોઇ જ વાંધો નહીં હોય ..." પ્રલયના ચહેરા પર સ્મિત ફરકતું હતું પણ તે બે સિપાઇઓ તેની વાતો સાંભળી ગભરાયા હતા. તેઓના ચહેરા પરથી પરસેવાના રેલા નીકળતા હતા. બંને

અવાચક બની નીચે સૂતાં-સૂતાં રિર્વોલ્વર તાકી બકવાસ કરતાં પ્રલયની સામે જોઇ રહ્યાં.

"અરે... મારા વાડીલા તમે ના ન કહેશો... નહીંતર મને બીજી વખત ધરતી પર આવવાનો ચાન્સ નહીં મળે અને હું કુંવારો જ રહી જઇશ. મારા બેટા, હા, તો હવે તમે બંને ઊભા થવાની તસ્દી લો તો મને સારું લાગશે."

"તને ખબર નથી અહીં આસપાસ કેટલાય સૈનિકો ફરે છે. તું અહીંથી જીવતો નહીં જાય..." એક સિપાઇ હિંમત સાથે બોલ્યો.

"એમ...! એટલે તમારા સિવાય બીજા કેટલાય વાડીલાઓ ડાન્સ કરશે... આ...હા... તો મજા પડી જશે... હું તો તમારો ડાન્સ પ્રોગ્રામ રેકોર્ડિંગ કરી ત્યાં સૌને બતાવીશ. એ પણ એક સોનાના બિસ્કિટની ટિકિટ લઇ તે મને લાગે છે, ત્યાં ધુમ ચાલશે..."

"તારી તો..." પ્રલયને બકવાસ સાંભળી એક સિપાઇ છંછેડાઇ ગયો અને પછી પોતાનો પગ નીચે સૂતેલા પ્રલયને મારવા ઊંચો કર્યો.

તેનો પગ ફટકાના સ્વરૂપમાં પ્રલયની છાતી તરફ એકદમ ઝડપથી આગળ વધ્યો. પણ પ્રલય એકદમ સાવચેત હતો. પ્રલયે તે સિપાઇનો પગ પોતાની છાતી પર પડે તે પહેલાં જ વચ્ચેથી બાઝ હવામાં શિકારને ઝડપે તેવી જ તત્પરતા સાથે હાથના પંજામાં તેનો પગ જકડી લીધો. અને પછી પૂરું બળ એકઠું કરી જોરદાર ધક્કો માર્યો.

તે સિપાઇ ખુરશી સાથે પાછળની તરફ ઊંધા માથે ઉથલી પડ્યોં. પ્રલય જમ્પ મારીને ઊભો થયો. પ્રલયના મોમાંથી ભૈરવ પક્ષી બોલે તેવી કિલકિલાટીનો અવાજ નીકળ્યો.

અવાજ સાંભળી બહાર બેઠેલા કદમ ઝડપથી ઊભો થઇ ગયો. અચાનક બાવળમાં આંબા ફૂટી નીકળ્યા હોય તેમ ઘાસ વચ્ચેથી કદમને બહાર આવતો જોઇ ત્યાં દારૂ પીતા બે સિપાઇ ચમકી ગયા.

"કોણ છે ?" એક સિપાઇના હાથમાંથી દારૂ ભરેલો ગ્લાસ છટકીને નીચે પડ્યો.

"ચિભડાભાઇ...ચિભડચંદ ગલાલચંદ કંદોઇ મારું નામ છે. મારે આજ મુરબ્બો બનાવવાનો છે એટલે હું બે મુરઘાની શોધમાં નીકળ્યો છું."

"અહીં મુરઘા... એ ભાઇ આ બોર્ડર એરિયા છે. અહીં વાતવાતમાં ગોળીઓ છુટે છે, તને પણ જીવતા રહેવાનો શોખ નથી લાગતો."

"દ...ચ...ચ...દચ... અરે મને તો મર્યા પછી પણ જીવતા રહેવાનો શોખ છે. અને બીજી વાત મને ભલે આંખમાં મોતિયો છે. પણ ત્યાં બે મુરઘા ચોક્કસ દેખાય છે. અને ચિભડાભાઇ મારે તો ખાસ મુરઘા મળે તે પણ તમારા જેવા એકદમ હટ્ટાકટ્ટા મુરઘા..."

"એય...મુરઘાની ઓલાદ... " જેના હાથમાંથી ગ્લાસ છટકી ગયો હતો તે સિવાયનો બીજો સિપાઇ ફડાક કરતો ઊભો થઇ ગયો અને તેના હાથમાંનો ગ્લાસ તેણે કદમને માથા પર મારવા માટે જોરથી ઘા કર્યો.

કદમ ઝડપથી નીચે બેસી ગયો અને ગ્લાસ તેના માથા પરથી સ...મ...મમ કરતો આગળ નીકળી ગયો.

"અરે...અરે...! મારી નાખ્યા બાપલીયા. હમણાં મારું કારિંગા જેવું માથું ફાટી ગયું હોત...

ચાલો ત્યારે રા... રામ... હું બીજા મુરઘા શોધવા જાઉં છું. તમારી પાસે આવી મેં તમારો સમય બગાડ્યો."

બોલતા કદમ પાછળની તરફ ઘૂમ્યો અને પછી ચાલતો થયો.

"હેન્ડ્ઝ અપ..." બીજો સિપાઇએ બાજુમાં પડેલી રાઇફલ ઉપાડી કદમ સાથે તાકતા બૂમ પાડી.

"કાં...ભાઇ...કાં ચીભડાભાઇ...બાપલીયા...મેં તમારું શું બગાડ્યું છે. આ...આ...બંદૂકડીને નીચી કરો. મને તેની બહુ જ બીક લાગે છે. તમને ખબર નથી પણ મોટા મામા પાસે આનાથી લાંબી રાઇફલ હતી. મારા મામા તેનાથી આકાશના તારાઓને ડગાવતા."

"ચુપ...જીવતા રહેવું હોય તો હાથ ઊંચા કરી ઊભો રહી જા. નહીંતર તારું હ્રદય હમણાં જ છાતી ફાડીને બહાર કાઢી નાખીશ." ચીની સિપાઇ ગુસ્સે થઇ ગયો.

"ના...ભાઇ...ના...હવે અહીં ઊભા રહે તે બીજા, બાપલીયા, હું તો આ ચાલ્યો." કદમ ચાલવા લાગ્યો.

ક્રોધે ભરાયેલા સિપાઇએ રાઇફલને કદમ તરફ તાકી અને પછી ભરપૂર વિશ્વાસ સાથે કદમને મારવા ગોળો દબાવ્યો.

"કટ...કટ... " ફક્ત અવાજ આવ્યો પણ રાઇફલમાંથી ગોળી છુટી નહીં.

રાઇફલમાંથી ગોળી ન છુટતા તે એકદમ અચંબામાં પડી ગયો. પણ બીજા સિપાઇએ તરત રાઇફલ ઉપાડી કદમ સામે તાકી ગોળો દબાવ્યો.

"કટ...કટ..." તે રાઇફલમાંથી ગોળો દબાઇને ફરી પોતાની સ્થિતિમાં આવી ગયો પણ રાઇફલમાંથી ગોળી ન છુટી.

હવે બંને સિપાઇઓ હેબતાયા.

"ભાઇ, હુ જાદુગર ચેલાલાનો નાનો ભાઇ છેલાલાલ છું. તમારી રાઇફલમાંથી બધી જ ગોળીઓ મેં જાદુ વડે કાઢી લીધી છે. વિશ્વાસ ન હોય તો રાઇફલના મેગેઝીન ચેક કરી લો." કદમ બોલ્યો.

બંને અવિશ્વાસ સાથે કદમને તાકી રહ્યા.

"વિશ્વાસ નથી આવતો ને ચિભડાભાઇ." તે બંનેની ઠેકડી ઉડાવતા કદમ આગળ બોલ્યો, "તો પછી તમે તમારી રાઇફલના મેગેઝીનને ચેક કરો. હું ખોટો હોઉં તો પછી તમે મને ટાંય...ટાંય...ફીસ કરી નાખજો."

વિશ્વાસ ન આવતો હોય તેમ બંનેએ તરત રાઇફલના મેગેઝીનને ખોલી ચેક કર્યાં. ખરેખર અંદર એક પણ ગોળી ન હતી.

તે બંને સિપાઇના મોં પર આશ્ચર્ય અને મૂંઝવણ સાથે ગભરાટના ભાવ છવાયા.

"આમ...આમ કેમ બને ?" એક સિપાઇ ગભરાતાં બોલી ઉઠ્યો.

"કેમ ચિભડાભાઇ હવે તો તમને ખ્યાલ આવ્યો ને કે હું જાદુગર ચેલાલાલનો નાનો ભાઇ છેલાલાલ છું."

ખરેખર બંને એકદમ ગભરાઇ ગયા. તેઓન વિશ્વાસ નહોતો આવતો કે સામે ઊભેલ મુર્ખ જેવા દેખાતા માણસે જાદુથી તેની રાઇફલના મેગેઝીનમાંથી ગોળીઓ કાઢી લીધી છે.

કદમ તેના હાથને ખિસ્સામાં નાખી મેગેઝીનમાંથી કાઢેલી ગોળીઓ હાથમાં લઇ તે બંનેને બતાવી. ખરેખર તો કદમે તે લોકો દારૂ પીતા હતા, ત્યારે પ્રલયના સંકેતની વાટ જોતા જોતા વચ્ચેના સમયમાં ચુપચાપ રાઇફલોમાંથી મેગેઝીનને ખાલી કરી ગોળીઓ ખિસ્સામાં નાંખી દીધી હતી.

આ તરફ પ્રલય હજુ ટેન્ટની અંદર રહેલા સિપાઇઓને રમાડતો હતો.

"શાબાશ..." પ્રલય તાળી પાડી ઊઠ્યો. અત્યારે તેના હુકુમથી બંને ચીની સિપાઇઓએ પોતાની વરદી ઉતારી બાજુમાં મૂકી હતી. અત્યારે તેઓ ફક્ત ગંજી અને ચડ્ડી પહેરીને પ્રલયની સામે ઊભા હતા.

"હાય..ચિભડાભાઇ, આવા પહેવેશમાં તમે ખૂબ જ સુંદર દેખાવ છો. ચાલો ત્યારે હું તમારો ફોટો પાડી લઉં. કેમકે આ સીન મને જિંદગીભર યાદ રહે અને તમારી યાદ મને તડપાવતી રહે તેમ હું ઇચ્છું છું." છાતી પર હાથ ફેરવતાં ઘવાયેલા, તૂટેલા, મચકોડાયેલા દિલવાળા પ્રેમની જેમ તેઓની તરફ તાકી રહ્યો.

અત્યારે તેના હાથમાં રિર્વોલ્વર હતી જે બંને ચીની સૈનિકોની સામે તકાયેલી હતી. અને બીજા હાથ વડે પ્રલય મોબાઇલ બહાર કાઢ્યો. પછી એક જ હાથના ઉપયોગથી તે બે સિપાઇના ફોટા પાડવા લાગ્યો.

"વા...વા...મજા આવી ગઇ ચિભડાભાઇ, હવે છેલ્લે સાપ જેમ પોતાના શરીર પરથી કાંચળી ઉતારે તેમ તમે તમારી ચડ્ડી અને ગંજીને પણ કાઢી નાખો."

બંને હેબતાઇને દેહશતભરી નજરે પ્રલયને તાકી રહ્યાં. બંને પ્રલયના હાથમાં પકડેલી રિવોલ્વરથી લાચાર હતા.

"અરે ચિભડાભાઇ, બીઓ નહીં. હું તમારી કાંચળી ઉતારેલા સાપ જેવા ફોટા નહીં પાડું. રામ...રામ...લો તમે તો મને સાવ હલકો માની લીધો. ખરેખર, હું ક્યારેય આવી મસ્તી કરતો નથી. લો ત્યારે મને બંને રાજા લો. આ ચીની ફિલ્મનો છેલ્લો સીન છે." કહેતા પ્રલયનો હાથ રિવોલ્વરના ટ્રિગર પર દબાયો અને પછી આગના લિસોટા વેરતી બે ગોળીઓ જરાય પણ અવાજ કર્યા વગર છુટી અને તે બે સિપાઇના સીનામાં ઘુસી ગઇ. બંને આશ્ચર્યના ગોથા ખાતા ખાતા પરમધામ ધણીને ઘેર જવા નીકળી પડ્યાં.

'ધડામ' કરતા બંનેના દેહ નીચે પડ્યા. બંનેની છાતીમાંથી ખૂનના ધોધ વહેતા હતા. ક્ષણભર તેઓનું શરીર છટપટાયું પછી શાંત થઇ ગયુ. પ્રલય ચુપચાપ ટેન્કમાંથી બહાર ચાલ્યા ગયો. ટેન્કથી થોડે દૂર દૂર ત્યાં બેઠેલા બંને સિપાઇઓને કદમ હજુ રમાડી રહ્યો હતો. પ્રલય હસતા ચહેરે ત્યાં જ ટેન્ક પાસે ઊભા રહી કદમના નાટકને જોવા લાગ્યો.

"કેમ ચિભડાભાઇ, મજા આવીને મારો જાદુ જોઇએ ? અરે...આવા તો કેટલાય જાદુ હું જાણું છું. ચાલો ખરેખર તમને બંનેને હું મુરઘા બનાવી દઉં એટલે મારું કામ પત્યું, કેમ કે ગયા જન્મમાં તમે બંને મુરઘા હતા અને હું મુરઘી. તમે બંનેએ મને બહુ જ ત્રાસ આપી આપીને મારી નાખી હતી. ચાલો મુરઘા બનવા તૈયાર થઇ જાવ."

હાથના ખુલ્લાં પંજાને તે બંને સામે ગોળ ગોળ ફેરવતા કદમ કાંઇક બબડાટ કરવા લાગ્યો.

ટેન્ટ પાસે ઊભેલો પ્રલય કદમના કરતૂત જોઇને હસી પડ્યો હતો પણ અત્યારે સમય ન હતો. તેની હાથમાંથી રિર્વોલ્વર પ્રલયે તે બે ચીની સૈનિકોની સામે તાકી. ગોળો દબાવ્યો. ફિસ...ફિસ...ના અવાજ સાતે એકદમ ગોળ ગોળ ઘુમતી આગ ઓખતી ગોળીઓ છુટી અને તે બંનેના સીનામાં સમાઇ ગઇ.

બંનેની છાતીમાંથી લોહીના ફુવારા છુટ્યા. મરતા મરતા પણ તે બે સિપાઇઓના ચહેરા પર હજી આશ્ચર્યના ભાવ છવાયેલા હતા. બંનેએ છાતી પર હાથ ઘુમાવ્યો. બીજી ક્ષણે ધડામ કરતા પાછળ ઉથલી પડ્યા, અને ધરતી પર તે બંનેના દેહ તરફડીયા મારવા લાગ્યા.

"અરે... અરે...! મારા જાદુમાં કોણે ખલેલ પહોંચાડ્યો ?" આશ્ચર્ય સાથે કદમે ગોળી છૂટી હતી તે દિશામાં નજર કરી.

"ભાઇ છેલાલાલ હું તારો મોટો ભાઇ ચેલાલાલ છું, અને આ જોરદાર જાદું પણ મેં કર્યો છે." હસતાં-હસતાં પ્રલય બોલી ઉઠ્યો.

"અરે...ચેલાલાલભાઇ તમે તો મારા બંને મુરઘાને હલાલ કરી નાંખ્યા... જ્યારે જોવું ત્યારે તમે મારા જાદુને નિષ્ફળ બનાવવાની કોશીસ કરો છો. આમ નહીં ચાલે, ચાલો ચેલાલાલ આ બંનેની છાતીમાંની ગોળીઓ ફરીથી તમારા રિર્વોલ્વરમાં લઇ લો. અત્યારે તો મારે આ બંનેને મુરઘા જ બનાવવા છે."

"પરંતુ મારી પાસે સમય નથી એટલે હવે તમારા જાદુને બંધ કરો, મિ.ચેલાલાલ અને છેલાલાલ." બંને એકદમ ચમકી જઇ પાછળ ફરીને જોયું.

સર સોમદત્ત ગંભીર મુદ્રામાં તેઓની સામે ઊભા હતા.

"યસ સર...!" આદર સાથે પ્રલય અને કદમ બોલી ઉઠ્યાં.

"પ્રલય... આ લાશોને આસપાસની ઝાડીમાં છૂપાવી દો. નહીંતર કોઇની નજરે આ મૃતદેહો પર પડશે તો વગર ફોગટની મુસીબતમાં..." કહેતાં મેજર સોમદત્ત ત્યાં બનેલા ટેન્ટમાં ઘુસી ગયા અને પછી ચેક કરવા લાગ્યા. મદદરૂપ થઇ શકે તેવી જ કોઇ જ બાતમી તેમને મળી નહીં. ત્યાં સુધી લાશોનો નિકાલ કદમ અને આદિત્ય કરી આવ્યાં.

"સૂર્યોદય થાય તે પહેલાં આપણે કોઇ એવી જગ્યા પર પહોંચી જઇએ કે પૂરો દિવસ કોઇની નજરે ચડ્યા વગર વીતાવી શકાય." વિજયસિંહાએ કહ્યું.

"ચાલો, ઝડપ કરો... આપણે આ ગીચ જંગલમાં જ ક્યાંક દિવસ પસાર કરવો પડશે..." ઝડપથી આગળ વધતા સોમદત્ત બોલ્યા.

Chapter 3

આદિત્યનું અપહરણ

ધીરે-ધીરે ધરતીના પટ પર અંધકારની ચાદર દૂર થતી જતી હતી અને પૂર્વ દિશામાં સૂર્યનારાયણના આગમનનો સંદેશો આપતા ગુલાલનો છોર ઉછળી રહ્યા હોય તેવી રતાશ તરી

આવી.

તેઓએ એક નાની પણ ઊંચી ટેકરી શોધી કાઢી હતી. જે એકદમ ઊંચા તાડ જેવા ચિનારના વૃક્ષોની ઘટાથી ઢંકાયેલી હતી. ટેકરી પર થોડી સમથળ જગ્યા પણ હોવાથી, ત્યાં વિશ્રામ લેવાનું ઉચિત સમજી મેજર સોમદત્તે ત્યાં પડાવ નાંખવા માટે આદેશ આપી દીધો.

કોઇપણ વારાફરતી એક જણ સાવચેતી સાથે ચોકી કરે તે સિવાય બધા આરામ કરે તેવું નક્કી કરવામાં આવ્યું.

આદિત્યે ત્યાં ચોકી કરવાનું પહેલાં નક્કી કર્યું. તે ચિનારના મોટા વૃક્ષ પર ચડી ગયો. અને દૂરબીન લઇ ચારે તરફ ચાંપતી નજર રાખવા લાગ્યો. તે સિવાય સૌ નિંદ્રાધીન થયા.

જંગલમાં એકદમ ખામોશી છવાયેલી હતી. સવારના આમથી તેમ ઉડતા પક્ષીઓના કિલકિલાટથી વાતાવરણમાં જાણે સંગીતના સુર રેલાતા હોય તેવું લાગી રહ્યું હતું. થોડી જ વારમાં ક્ષિતિજમાંથી સૂર્યનો લાલ ચળકતો ગોળો નીકળી આવ્યો અને તે સાથે જ ધરતી પર પ્રકાશપુંજ છવાઇ ગયો.

એકદમ સચેત રીતે આદિત્ય વૃક્ષની મોટી ડાળ પર બેઠો હતો. વાતાવરણમાં ઠંડક હતી એટલે તેને ઝોકા આવતા હતા. એમ લાગતું હતું કે હમણાં જ આંખો બીડાઇ જશે. પણ ગમે તેમ તોય 'રો'નો એજન્ટ હતો, અને કોઇપણ પરિસ્થિતિમાં રહેવાની ટ્રેનિંગ આપવામાં આવી હતી.

અચાનક સરરર... સરરર... સરર... આવતા અવાજ સાથે તે ઝબકી ગયો અને પછી દૂરબીન લગાવી ચારે દિશામાં નિરીક્ષણ કરવા લાગ્યો.

ક્યાંય કોઇ જ જણાતું ન હતું. ફરીથી ખામોશી છવાઇ ગઇ. "કોઇ જીવજંતુ કે પક્ષીનો અવાજ હશે" તેમ માની આદિત્ય દૂરબીન ગળામાં લટકાવ્યું અને પછી આરામથી બેસી ગયો.

કેટલોય સમય એમને એમ પસાર થયો. સૂર્ય ઝડપથી આકાશમાં ઉપર ચડતો જતો હતો.

અને ફરી એકવાર ચરરર... ચરર... ચરચરાટીનો અવાજ શાંત વાતાવરણમાં આવ્યો.

આદિત્ય એકદમ સચેત થઇ ગયો. રિર્વોલ્વરને હાથમાં લઇ ચારે તરફ ઘુમાવી જોયુ.ક્યાંય કશું જ ન હતું. આદિત્યે ત્યાં સૂતેલા પોતાની સાથીઓ તરફ નજર ફેરવી. સૌ શાંતિથી ઊંઘી રહ્યાં હતાં. કેટલીય પળો એમને એમ વીતી પછી કોઇ જ બનાવ ના બનતા આદિત્ય નિશ્ચિંત બની ગયો. છતાં પણ તે સજાગ હતો.

સૂર્ય ધીમે-ધીમે માથા પર આવતો જતો હતો. એકદમ ઠંડુ વાતાવરણ હોવાથી તાપની તો કોઇ જ અસર થતી ન હતી. પરંતુ ઉજાગરાને લીધે આદિત્યની આંખો સતત બળતી હતી.

ધીમે-ધીમે આતિત્ય આંખો બંધ કરીને શાંતિથી બેસી રહ્યો અને તેને ખબર ન પડી ક્યારે તેને ઝોકું આવી ગયું.

'તડાક' અચાનક આદિત્યની પીઠ પર કોઇની લાતનો પ્રહાર થયો અને તે સાથે જ વૃક્ષની ડાળી પર બેઠેલા આદિત્યે પોતાનું સંતુલન ગુમાવ્યું. વૃક્ષની ડાળી પરથી તેનો દેહ હવામાં તરતો નીચે ધરતી તરફ આગળ વધવા લાગ્યો.

હેબતાયેલો આદિત્ય કાંઇ પણ વિચારે તે પહેલાં તેનો દેહ ધરતીની એકદમ નજીક આવ્યો. આદિત્યને હતું કે તેના હાડકાં, પાંસળીઓ તૂટી જશે. પરંતુ ધરતી પર તેનો દેહ પટકાય તે

પહેલા જ નીચે બીછાવેલી જાળમાં પડ્યો. અને જાળમાં જ તેનો દેહ અધ્ધર લટકી રહ્યો. તરત તેને જાળમાં લપેટી લેવામાં આવ્યો. આદિત્યને કશું જ સમજણ ન પડી કે તેની સાથે શું થઇ રહ્યું છે, પણ તેને પોતાની બેદરકારી પર અફસોસ થયો.

પણ હવે અફસોસ કરવાથી કાંઇ જ વળે તેમ ન હતું. તેનો દેહ જાળમાં લપેટાઇ ગયો હતો. હાથ-પગ હલાવી આદિત્યે જાળમાંથી છૂટવા પ્રયત્ન કર્યો પણ તેમ તે વધુ જ ગૂંચવાતો ગયો.

અચાનક જાળ ત્યાંથી ધરતી પર પટકાઇ એ જંગલના ઊંડાણ તરફ સરકવા લાગી. ધમપછાડા કરતા આદિત્યને સુઝ્યું કેચીસો પાડી પોતાની સાથીઓને જાણ કરે, પણ તેમ કરતાં તેના બધા જ સાથીઓ પણ દુશ્મનોની જાળમાં ફસાઇ જાય તેમ હતા. તેથી તેણે ચીસો પાડવાનું મુલતવી રાખ્યું.

જાળ એમ ને એમ ઢસડાતી જતી હતી. તેની સાથે આદિત્યનો દેહ પણ ધરતી પર આમતી તેમ અથડાતો ગુલાંટીયા ખાતો આગળ સરકી રહ્યો હતો. કેટલીયવાર તે વૃક્ષોના થડમાં અથઢાતા આદિત્યને ચોટ લાગતી હતી અને તીવ્ર પીડા ઉપડતી હતી પણ તે અત્યારે એકદમ લાચાર હતો.

કેટલોય સમય જાળમાં વીંટળાયેલો દેહ ઢસેડાતો હતો. લગભગ કલાકના સમય સુધી ઢસડાતા આદિત્યને કેટલીય જગ્યાએ છોલાયું. અને તેમાંથી લોહી નીકળી રહ્યું હતું.

હજુ પણ આદિત્યને સમજણ પડતી ન હતી કે શું થઇ રહ્યું છે ? તેને જાળમાં વીંટાળનાર દુશ્મનો કોણ છે ? છેલ્લે પોતાની જાતને ભગવાન ભરોસે મૂકી તે પીડા સહન કરતો રહ્યો.

જાળમાં ઢસેડાતો તેનો દેહ એક ખુલ્લી જગ્યા પર આવ્યો કે તરત તેનો દેહની ચારે તરફ ભાલાઓ ભોંકાયા. કારમી વેદનાથી આદિત્ય તરફડી ઉઠ્યો.

નજર ઉઠાવી આદિત્યએ ઉપરની દિશામાં જોયું કે તેના શરીરમાંથી ધ્રુજારીનું એક લખલખું ફરી વળ્યું.

કેટલાય જંગલીઓ તેની આસપાસ ઊભા હતા અને તે સૌના હાથમાં ભાલા હતા, જે આદિત્યના શરીરમં ભોંકાયેલા હતા.

આદિત્ય સમજી ગયો કે તે કોઇ જંગલી આદિવાસીઓનાં પંજામાં સપડાઇ ગયો છે.

અચાનક કદમ એકદમ ઝબકીને જાગી ગયો. તેને સમજણ ન પડી કે એકાએક તેની નીંદર શા માટે ઊડી ગઇ, વાતાવરણમાં ઠંડક હોવાથી છતાંય તેના ચહેરા પર પરસેવો બાઝી ગયો હતો.

રૂમાલથી ચહેરો પરનો પરસેવો લૂછતા કદમે તેની આસપાસ નજર કરી તેના સાથીઓ સૌ ઊંઘી રહ્યા હતા. તેઓ પર નજર ફેરવી કદમે રાહતના દમ લીધો. પછી ખિસ્સામાંથી મોબાઇલ કાઢી મોબાઇલમાંના ઘડિયાળ પર નજર રાંખી.

કદમ એકદમ ચોંકી ઉઠ્યો.

અત્યારે બપોરના ત્રણ વાગ્યાનો સમય થયો હતો. તેઓ સૌ રાત્રિની લાંબી અને મુશ્કેલીભરી મુસાફરીથી થાક્યા હતા. તેથી સૌ ઊંઘતા હતા.

પણ... પણ... અત્યારે ત્રણ વાગ્યાનો સમય થવા આવ્યો છતાં પણ આદિત્યે તેને શા માટે જગાડ્યો નહીં ? કેમ કે ત્રણ કલાકના સમય પછી કદમને જગાડી આદિત્યે ઊંઘી જવાનું એમ

તેઓ વચ્ચે નક્કી થયેલું હતું. પણ ત્રણ કલાકને બદલે અત્યારે દસ કલાક થવા આવ્યા હતા. તો પણ આદિત્યે તેને કેમ ન જગાડ્યા...? તે પ્રશ્ને કદમના અંદર ભુચાલ મચાવી દીધા. તે ઝડપથી ઊભો થયો અને લગભગ દોડતો જ્યાં આદિત્ય જે વૃક્ષ પર બેસી ચોકી કરતો હતો ત્યાં ધસી ગયો.

ત્યાં પહોંચતા જ કદમ એકદમ સ્તબ્ધ બની ગયો. કારણ કે ત્યાં આદિત્ય હતો જ નહી.

"આદિત્ય ક્યાં ગયો...?" પ્રશ્ને કદમને શરીરમાં ધ્રુજારી પ્રસરી ગઇ. જે વૃક્ષ પર આદિત્ય બેઠો હતો. કદમ તેનું નિરીક્ષણ કર્યું તે વૃક્ષને ત્રણ-ચાર ડાળ તૂટી પડી હતી, જે ધરતી પર પડી હતી.

આનો મતલબ એ થયો કે કોઇએ આદિત્ય પર હુમલો કર્યો છે, અને આદિત્ય તે વૃક્ષની ડાળી પરથી નીચે પછડાયો છે અને તેથી જ આદિત્યના શરીરના વજનથી કેટલીય ડાળો તૂટી નીચે પડી હતી.

આટલું બધું બની ગયું છતાં સૌ ઊંઘી જ રહ્યા હતા. તે વાતનું કદમને આશ્ચર્ય થયું, એવું શું બન્યું હશે...? પ્રશ્નનો જવાબ કદમને મળતો ન હતો. "શું આદિત્ય દુશ્મનોના હાથમાં જડપાઇ ગયો હશે...?"

ધરતી પર કોઇ વજનવાળી વસ્તુ ઢસરડીને ત્યાંથી લઇ ગયા હોય તેમ ઘાસમાં, માટીમાં ઢસડવાના નિશાન પડેલા હતા.

કદમ ઝડપથી ટેકરી તરફ જવા દોટ મૂકી. અહીં રહેવું એકદમ અસલામત તેને લાગ્યું. તે તથા તેની સાથીઓ પકડાઇ જવાય તે પહેલાં અહીંથી રવાના થઇ જવું તેને ઉચિત લાગ્યું.

કદમ ટેકરી પાસે પહોંચ્યો.

"સર... સર...!" ટેકરી પર આવતાં કદમ ઊંચા અવાજે બોલ્યો. તેનાં અવાજ સાથે સર સોમદત્ત, પ્રલય અને વિજયસિંહા સફાળા જાગી ગયા.

મેજર સોમદત્ત ઝડપથી બેઠા થઇ ગયા.

"શું થયું કદમ...?" તેની તરફ દોડતાં આવતા કદમની સામે તેમણે નજર ઘુમાવી પૂછ્યું.

"સર...! આદિત્યનું અપહરણ થયું છે, તેને ઉઠાવી જવામાં આવ્યો છે." ફૂલાતા શ્વાસે કંટ્રોલ કરતાં કદમ બોલી ઉઠ્યો.

"શું...?" પ્રલય સફાળો ઊભો થઇ ગયો. "કોણ... કોણ આદિત્યને ઉઠાવી ગયું.?" તેના ચહેરા પર ચિંતાના ભાવ સાથે ગુસ્સો તરી આવ્યો.

"કદમ...તું અહીં બેસ પહેલાં બધી વિગત જણાવ." કદમનો હાથ પકડી બેસાડતાં વિજયસિંહાએ કહ્યું.

બે મિનિટમાં જ કદમનો ઉછળતો શ્વાસ ધીમો પડ્યો. કદમે માથા પર હાથ ફેરવી પરસેવો લૂછ્યો.

"સર...! મારી ઊંઘ એકાએક ઊડી ગઇ. મને સમજાયું નહીં કે ઊંઘ કેમ ઊડી ગઇ. વિચારતાં હું બેઠો થયો. પછી મોબાઇલ કાઢી સમય જોયો. સમય જોતાં જ હું એકદમ ઉછળી પડ્યો. સર અત્યારે બપોરના ત્રણ ને પંદર મિનિટ થઇ છે. ત્યારે ત્રણ વાગેલા જોઇ આદિત્યે મને બે-

ત્રણ કલાક પછી જગાડ્યો નહીં અને અત્યારે દસ કલાઇ થઇ ગયા. તેનું કારણ જાણવા હું ઝડપથી જ્યાં આદિત્ય ચોકી કરતો હતો તે ચીનારના વૃક્ષની નીચે આવ્યો." ઊંડો શ્વાસ લેતા કદમે આગળ વધ્યું.

"સર ! વૃક્ષની ઉપર આદિત્ય ન હતો. અને વૃક્ષ પરથી તેના નીચે પડવાના અને આદિત્યને ઢસરડીને લઇ જવાના નિશાનો પણ મેં જોયા."

"કદાચ કોઇ જાનવર તેને પકડી લઇ ગયું હોય તેવું બને. અહીં વાઘ, ચિત્તાઓનો ઘણો જ ત્રાસ ફેલાયેલો છે." વિજયસિંહાએ ચિંતાભર્યા સ્વરે કહ્યું.

"ચાલો ઝડપથી તે સ્થળ પર એક નજર કરી લઇએ પછી આદિત્યને શોધવા નીકળવું પડશે. આમ મિશનની શરૂઆત થયા પહેલા મારા એજન્ટનો ભોગ લેવાય તે કદાપિ હું સહન નહીં કરું..." તમતમતા તીખા સ્વરે સર સોમદત્ત બોલી ઉઠ્યાં.

થોડી જ વારમા સૌ તે વૃક્ષની પાસે પહોંચ્યાં, જે ચિનારના વૃક્ષ પર આદિત્ય બેઠો હતો.

મેજર સોમદત્તે બારીકાઇથી તે સ્થળનું નિરીક્ષણ કર્યું. "કદમ...તારી વાત એકદમ સાચી છે. આદિત્યનું અપહરણ કરવામાં આવ્યું છે. તે ચોક્કસ દુશ્મનોનાં પંજામાં ફસાઇ ચૂક્યો છે."

"સર...! હું તેને પાતાળમાંથી પણ શોધી કાઢીશ. જો દુશ્મનોએ આદિત્યને કંઇ પણ નુકસાન પહોંચાડ્યું હશે તો દુશ્મનોનો હું ખાતમો બોલાવી દઇશ." પ્રલયનો ચહેરો ક્રોધથી તમતમતો હતો. "ખૈર હું આદિત્યને શોધવા માટે જાઉં છું." બોલતાં પ્રલય આગળ વધ્યો.

"થોભ..." મેજર સોમદત્તે પ્રલયના બાવડા પર હાથ મૂક્યો... "આપણે સૌ સાથે જ ચાલીએ છીએ. હવે આ સ્થળ પર રહેવું જોખમકારક છે. ચાલો આપણે આપણો સામાન ઉઠાવી લઇએ."

"યસ સર...!" વિજયસિંહા બોલ્યો અને પછી સૌ ફરીથી ટેકરી પર આવ્યા. ઝડપથી બધું જ સંકેલી લઇ, ફરીથી તે ચિનારના વૃક્ષ પાસે આવ્યા. વૃક્ષની નીચેથી કોઇને ઢસરડીને લઇ જવાના નિશાનો હતા. તેઓ નિશાનોનું પગેરું શોધતા આગળ વધ્યા.

લગભગ અડધા કલાક સુધી તે નિશાનના સહારે તેઓ આગળ વધતા રહ્યા. પણ ત્યારબાદ આગળ ગીચ વૃક્ષોની ઝાડી હોવાથી ત્યાંથી ઢસડવાના નિશાન લુપ્ત થઇ જતા હતા.

"સર...! અહીંથી નિશાન દેખાતા નથી. આ ગીચ ઝાડીમાં અહીંથી આદિત્યન ઊંચકી જવામાં આવ્યો હોય તેવું લાગે છે..." કદમ બોલ્યો.

"કરેક્ટ...કદમ. અહીંથી આદિત્યને ઊંચકી જવામાં આવ્યો છે. અને તેનો મતલબ કે અહીંથી આસપાસમાં જ તેઓ આદિત્યને લાવ્યા હશે..." પ્રલયે કહ્યું.

"હં...! તારી વાત સાચી છે." કંઇક વિચારતાં મેજર સોમદત્ત આગળ બોલ્યા: "આપણે અહીંથી છૂટા પડી જંગલની આસપાસનો બધો જ એરિયા છાણીં નાંખવો પડશે અને આદિત્યના કોઇપણ સમાચાર મળે તો એકબીજાને વાયરલેસથી જાણ કરવી. પરંતુ કોઇએ કોઇનું નામ બોલવું નહીં અને વાત કોર્ડવર્ડમાં જ કરવી."

"ઠીક છે સર...! તો આપણે સૌ અહીંથી છુટા પડીએ છીએ અને લાલા કપડાનો કટકો હું અહીં વૃક્ષ પર બાંધી દઉં છું. એટલે સાંજ થતાં આપણે અહીં જ એકઠાં થઇશું." થેલો ખોલી લાલ કપડાને તેણે ત્યાં વૃક્ષ પર ચડી નીચેથી બરોબર જોઇ શકાય તેમ એક ડાળ પર બાંધી

દીધો.

"ચાલો... જય હિન્દ..." મેજર સોમદત્ત બોલી ઉઠ્યા અને સૌ ગીચ વૃક્ષોના ઝૂંડમાં અલગ-અલગ દિશામાં જવા આગળ વધી ગયા.

પૂરો દિવસ રખડી-રખડી સૌ એકદમ થાકી ગયા. સાંજનો સમય થવા આવ્યો હતો. ન તો કોઇએ આજે નાસ્તો કર્યો હતો ન ભોજન. આદિત્યની ફિકરમાં બધું જ ભુલાઇ ગયું હતું.

સૂર્યનો લાલ ચટાક દેખાતો ગોળો પશ્ચિમની ક્ષિતિજમાં ડૂબી રહ્યો હતો. ધરતીના પટ પર અંધકાર છવાતો જતો હતો, તેમ તેમ જંગલમાં ભેંકારતા અને ખોફ છવાતો જતો હતો. પક્ષીઓ પોતાના માળામાં પાછા ફરી રહ્યાં હતાં.

સૌ સાંજના છ વાગ્યાના સમયે નક્કી કરેલા સ્થળે પહોંચી આવ્યા હતા. સૌના ચહેરા પર થાકની સાથે નિરાશા છવાયેલી હતી.

"સર... આદિત્યની કોઇ ભાળ મળી...?" એકઠા થતાં જ સૌ પ્રથમ કદમ બોલી ઉઠ્યો.

મેજર સોમદત્તે પ્રલયની સામે જોયું. પ્રલયના ચહેરા પર પણ હતાશા તરવરતી હતી.

"સર...! જંગલ છાણી નાંખ્યું, પણ આદિત્યનો ક્યાંય પત્તો લાગ્યો નહીં..." અફસોસભર્યા સ્વર સાથે પ્રલયે કહ્યું.

"સર...! મેં પણ જંગલમાં પૂરી તપાસ કરી પણ ક્યાંય આદિત્યના સગડ મળ્યા નહીં..." વિજયસિંહા બોલી ઉઠ્યો.

"ખૈર...હું પણ તમારા સૌની જેમ નિરાશ બનીને પાછો ફર્યો છું પણ આપણે નિરાશ થવાની જરૂર નથી. જો આદિત્ય જીવતો હશે તો તેને પાતાળમાંતી પણ શોધી કાઢીશું..." ગળગળા સ્વર સાથે મેજર સોમદત્ત બોલ્યા કે પ્રલય અને કદમની આંખોમાં ભીનાશ તરવરી ઉઠી.

એક ઊંડો શ્વાસ લઇ મેજર સોમદત્ત બોલ્યા, "આપણા પાસે સમય એકદમ ઓછો છે. આપણી પહેલી ફરજ મેજર કતારસિંગને શોધવાની અને ચીનના લશ્કરના સિપાઇઓના પંજામાંથી છોડાવવાની છે. આજની રાત કયામતી રાત છે. એક તરફ આદિત્યને શોધવાનો તો બીજી તરફ મેજર કતારસિંગને શોધી છોડાવવાનો. મેજર કતારસિંગને શોધવા આપણે જંગલમાં એકદમ ગાઢ અંધકાર પ્રસરી જાય ત્યાં સુધી જ વાટ જોવાની છે."

"પણ સર...! આદિત્યને શોધવા તે પણ જરૂરી છે. ગમે તેમ તો આપણો સાથી છે, ભાઇ." કદમે કહ્યું.

"કદમ મને પણ આદિત્યની ઘણી જ ફિકર છે. પછી દેશની રક્ષાનો મામલો હો કે દેશની આન, બાન, શાનનો મામલો હોય ત્યારે આપણે ખુદની કુરબાની આપવી પડે અને મારે મારા પુત્રો જેવા સાથીઓની."

"સર...! જંગમાં લડતાં-લડતાં મરવાનું અમે પસંદ કરીશું. દેશ માટે કુરબાન થવું તે આપણા માટે ગર્વની વાત છે. પણ સર ! આદિત્ય શહીદ નથી થયો, પણ ગુમ થયો છે. તેને લીધા વગર આગળ વધવું મારા માટે તો અશક્ય છે." તીખા અવાજે પ્રલય બોલ્યો.

"પ્રલય... હું તારી ભાવના સમજુ છું. અને કદર પણ કરું છું. ઇશ્વર આદિત્યની રક્ષા કરે.... પણ પહેલાં આપણે જે મિશન માટે આવ્યા છીએ તે ન ભૂલવુ જોઇએ....છતાં તમારામાંથી

કોઇ મારી સાથે આગળ વધવા તૈયાર ન હોય તો મારા તરફથી છુટ છે.પણ હું થોડી જ વારમાં મેજર કતારસિંગને શોધવા માટે આગળ વધી જવાનો છું." એકદમ મક્કમતા સાથે મેજર સોમદત્ત બોલ્યાં.

કદમ સાથે લાવેલી પાણીની આખી બોટલ પી ગયો. તેને સમજાતું ન હતું કે તે શું કરે. પ્રોટોકોલ પ્રમાણે મેજર સોમદત્તનો આદેશ તેઓએ માનવો જ પડે અને કદમે આજ સુધી મેજર સોમદત્તના આદેશની અવગણના કરી ન હતી. કેમ કે સોમદત્તે તેને ઉછેરી મોટો કર્યો હતો. તેની જિંદગી મેજર સોમદત્તને આભારી હતી. પણ... પણ... જો પાતના સાથીદારની શોધ કર્યા વગર તે આગળ વધી જાય તો પોતે ક્યારેય આદિત્યની સામે નજર મિલાવીને જોઇ પણ નહીં શકે. આદિત્ય સૌથી નાનો હતો અને સૌ તેને નાના ભાઇ જેટલો જ પ્રેમ આપતા હતા. તો શું તે મેજર સોમદત્તનો આદેશ માની પોતાના નાના ભાઇ જેવા આદિત્યને ભૂલી જાય ? કદમે પોતાના માથાના વાળ બંને હાથ પકડીને પીંખી નાંખ્યા.

"પ્રલય...અંધકાર છવાઇ જતાં જ આપણે આગળ વધવાનું છે... ધીસ ઇઝ માય ઓર્ડર." મેજર સોમદત્તે કહ્યું. પ્રલયના જડબાં સખતાઇ સાથે ભીડાઇ ગયા. પહેલા તો તેને થયું કે તે સખત શબ્દોમાં ના કહી દે પરંતુ શિસ્ત અને ફરજ સામે તેનું સર ઝુકી ગયું.

"ઠીક છે સર ! અમે તૈયાર છીએ." ભારેખમ અવાજે પ્રલય બોલ્યો.

"સર...હું તૈયાર નથી. તમે સૌ આગળ વધો હું આદિત્યને શોધી તમારી સાથે થઇ જઇશ અને આદિત્ય ન મળ્યો તો હું મિશનમાં આગળ નહીં વધું. હું સમજુ છું કે મને લો એન્ડ ઓર્ડરના ધોરણે સસ્પેન્ડ કરવામાં આવશે. સર ! મને તમે યોગ્ય સજા આપશો તે મંજૂર છે." કદમે સખ્ત શબ્દોમાં કહ્યું.

"ઠીક છે...પહેલાં જ મેં સૌને કહ્યું છે કે મારી સાથે ન ચાલવું હોય તો તમારી મરજી. હું તમને દબાણ નહીં કરું." કડક શબ્દમાં બોલતાં મેજર સોમદત્તે તીખી નજરે કદમની સામે જોયું. કદમ નીચું જોઇ ગયો.

પછી મનને મક્કમ કરી પોતાનો સામાન ખભા પર મૂકતા બોલ્યો, "હું આદિત્યને શોધવા જાઉં છું... સર... મને માફ કરજો..." ત્યારબાદ તે જંગલની ગીચ ઝાડીઓની અંદર ઘુસી ગયો.

"ચાલો... આપણે આગળ વધવાનું છે. અંધકાર છવાઇ ગયો છે. હવે વિલંબ કરવાનો મતલબ નથી. તમારામાંથી કોઇને નાસ્તો કરવો હોય તો તે કરી લ્યો. કાલનું ભોજન મળશે કે નહીં તે નસીબ જાણે..."

"સર ! હું તૈયાર છું. આદિત્યને ગુમાવ્યા પછી ભોજન તો ઠીક મારે મન પાણી પીવું પણ હરામ છે..." હોઠ ચાવતાં પ્રલય ગળગળા સ્વરે બોલ્યો.

"વિજયસિંહા... તમારો શું નિર્ણય છે ?" મેજર સોમદત્તે વિજયસિંહાની સામે જોયું.

"સર...! આદિત્ય પણ દેશ માટે એટલો જ જરૂરી છે, જેટલા મજેર કતારસિંગ છે. આદિત્યએ દેશ માટે હંમેશા જાનના જોખમે કેટલાય સાહસો ખેડયા છે. સર...!" પણ મને આદેશ આપવામાં આવ્યો છે કે સર સોમદત્ત જે કહે તેમ જ મારે કરવું. એટલે તમારા આદેશનું પાલન કરવું એટલે હું તૈયાર છું."

વિજયસિંહાએ પોતાનો સામાન ઉપાડ્યો.

થોડી વારમાં જ સૌ ગીચ જંગલમાં રસ્તો કરતા આગળ વધી ગયા.

તે ભયાનક રાત હતી. ગાઢ જંગલમાં મોત ચારે તરફ પોતાનું જડબું ફાડીને ઊભું હતું.

ચારે તરફ રાની પશુઓની ત્રાડો સંભળાઇ રહી હતી. ભેંકાર સન્નાટો અને ગાઢ અંધકારમાં એકલો માણસ ફફડીને જ મરી જાય તેવા વાતાવરણમાં મન મક્કમ કરી કદમ આગળ વધતો જતો હતો. આકાશમાં વાદળો છવાયેલા હોવાથી અંધકાર એકદમ હાથને હાથ ન દેખાય તેવો ગાઢ હતો. મોત ક્યારે અને કઇ તરફતી આવશે એ નક્કી ન હતું.

કદમના એક હાથમાં રિર્વોલ્વર પકડેલી હતી. બીજા હાથમાં મોબાઇલ હતો. જેમાંની ટોર્ચ જ્યારે પણ જરૂર જણાય ત્યારે એકદમ ચાલુ કરવા તેની આંગળી ટચ સ્ક્રીન પર મંડરાયેલી હતી.

ફુઉઉઉ...ફુઉઉઉ... જાણે અચાનક કોઇએ કેરોસીનથી બળતો પ્રાયમસ ચાલુ કર્યો હોય તેવો અવાજ ખામોશીભર્યા સન્નાટામાં ફેલાયો. કદમ એકદમ ચમકી ગયો ક્યાંય કશું જ દેખાતું ન હતું. છતાંય અવાજ એકદમ તેની નજીકથી આવતો હતો.

અચાનક તેની પીઠ પર સળવળાટ થતાં જ કદમ ચમકી ગયો. અને બીજી જ ક્ષણે પાછળ ઘુમતા તેણે મોબાઇલમાંની ટોર્ચને ચાલુ કરી પાછળનું ર્દશ્ય જોઇ કદમ એકદમ હેબતાઇ ગયો.

તેની પાછળની જગ્યા પર એક મોટો અજગર વૃક્ષની મોટી ડાળ પર લટકતો હતો. તેની લખોટા જેવી બે લાલ આંખો અંધકારમાં એકદમ ચમકતી કદમની સામે તાકી રહી હતી.

હેબતાયેલો કદમ પાછળ ફરે તે પહેલાં લટકતો અજગર સરક્યો અને પછી કદમની કમર પર વીંટળાઇ ગયો. કદમના હાથ ધ્રુજી ઉઠ્યા.

હાથમાંનો મોબાઇલ છટકીને નીચે પડ્યો.

અજગર લાંબો હતો તેનો પૂંછડીવાળો ભાગ હજુ વૃક્ષની ડાળ પર તેણે વીંટાળી રાખ્યો હતો.

ધીમે ધીમે તે કદમની કમર પર ભીંસ લેતો જોતો હતો. હેબતાયેલા કદમે મનને મક્કમ કર્યું. અને અજગરના પંજામાંથી છૂટવા માટે ઉપાય વિચારવા લાગ્યો.

અજગરે લીધેલી ભીંસને લીધે કદમને લાગતું હતું કે તેની પાંસળીઓ તૂટી જશે. એકદમ ભીંસથી તેનો શ્વાસ રૂંધાતો હતો. ચહેરા પર પરસેવો નીતરી રહ્યો હતો.

કદમને મેજર સોમદત્ત, પ્રલય, આદિત્ય યાદ આવી ગયા. આદિત્ય ગુમ થયો હતો. પોતે જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતો હતો. સર સોમદત્તને ખબર પણ નહીં પડે કે આદિત્યને શોધવા ગયેલા કદમને અજગર ગળી ગયો.

અજગરની ભીંસ એકદમ વધતી જતી હતી. તીવ્ર પીડાથી કદમ ટપટી ઉઠ્યો. અજગર પોતાની પૂંછડીના જોર પર કદમને અધ્ધર ઊંચકવા લાગ્યો. કદમના પગ નીચેથી ધરતી સરી ગઇ. હવે તે હવામાં અધ્ધર લટકતો હતો.

મોત અને જિંદગી વચ્ચે બે-ચાર પળોનું અંતર હતું. કદમ ધીમે-ધીમે રિવોલ્વરવાળો હાથ ઉપર કરતો હતો. પણ હાથ ઉપર કરવામાં તેને કારમી પીડા થતી હતી. ધીમે-ધીમે અજગર તેને ઉપર ઉઠાવવા જતો હતો.

અજગરનું જડબું તેના માથાની ઉપર મંડરાયેલું હતું. જે ધીમે-ધીમે પહોંળુ થતું હતું. તેના

મોંમાંથી પડતી ચીકણી લાળોથી કદમનો ચહેરો ખરડાઇ ગયો.

કદમની આંખોની અંદર લાળો જતાં કારમી બળતરા ઉપડતી હતી. આંખો ખોલવાનું પણ મુશ્કેલ બનતુ જતું હતું. અજગરની લાલ અંગારા જેવી આંખો સતત કદમના ચહેરાની સામે તકાયેલી હતી.

જીવન-મરણના સટોસટનો ખેલ શરૂ થઇ ચૂક્યો હતો. અજગર પોતાનું પહોળું કરેલું મોં કદમના માથા તરફ લંબાવતો જતો હતો.

પ્રયત્નપૂર્વક એકદમ બળતી આંખો ખોલી કદમે તે જોયું.હવે કશું વિચારવાનો સમય પણ ન રહ્યો ન હતો. બે-ચાર ક્ષણો પછી તેને અજગર સ્વાહા કરી ગળી જવાનો હતો.

કદમે ઝડપથી પોતાના ખુલ્લા હાથને પોતાના બુટ તરફ લંબાવ્યો. તેનું ધ્યાન સતત અજગરની મંડરાયેલી આંખો પર હતું. પણ મગજ બુટના પટ્ટામાં છૂપાવેલી છૂરી કાઢવા તરફ હતું. કદમનો પગ ઊંચો હતો અને તેને સ્પર્શતા તેનો હાથ ફાંફા મારતો હતો. અજગરે કદમને એવી રીતે ભીંસમાં લીધો હતો કે તેનો હાથ પગ સુધી પહોંચતો ન હતો.

મોં પહોળુ કરી મોંમાં કદમના માથાને લેવા અજગર એકદમ તૈયાર હતો અને તે કદમની એક-એક હિલચાલ પર પણ નજર રાખતો હતો. ધીમે-ધીમે તે કદમના શરીર પર ભીંસ વધારતો જતો હતો.

કદમનો હાથ હજુ પગને સ્પર્ષ કરી બુટમાંથી છૂપાવેલ છૂરીને કાઢવા ફાંફા મારી રહ્યો હતો. અજગરે તેની છાતીથી પેટ સુધી એવો ભીંસમાં લીધો હતો કે કદમને શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી.તેને લાગતું હતું કે હમણાં જ તેની પાંસળીઓનો ભુક્કો થઇ જશે. અને તેનુ હાર્ટ, ફેફસાં સાથે સાથે આંતરડા પણ બહાર આવી જશે.

જીવન જીવવાની જિજીવિષા તેને કંઇક કરવા પ્રેરિત કરી રહી હતી. પણ તેના બૂટમાંની છૂપાવેલી છરી હાથમાં આવે તો જ કદમની જિંદગી બચી શકે તેમ હતી અને તેનું અંતર ફક્ત ચાર-પાંચ ઇંચનું જ રહી જતું હતું. તે હતી તેની જિંદગી અને મોત વચ્ચેનું અંતર હતું જે અંતર દૂર કરવા કદમ એકદમ મરણીયો પ્રયત્ન કરતો હતો. જેમાં સફળતાની શક્યતા એકદમ ઓછી લાગતી હતી.

મોત તેના માથા પર મંડરાયેલું હતું. જીવનની આશાને ધીમે-ધીમે અંત આવતો જતો હતો. કદમની આંખોમાં આસું છલકાયા. વીતી હરએક ક્ષણની યાદ આવી ગઇ. પોતાના સ્વજન એવો મેજર સોમદત્ત, પ્રલય, આદિત્યની સાથે પોતાના પ્રાણથી પ્યારી તાનિયાના ચહેરા એક પછી એક આંખોની સામેથી પસાર થતા હતા. તે એકદમ તરફડતો હતો. મોત કરતાં મોતની યાતના તેને સતત તડપાવતી હતી. દુશ્મનની ગોળી ખાઇ મરવું તે દેશ માટે શહીદ થવા બરાબર હતું પણ આ મોતો..? ઓહ...! કદમના મોંમાંથી પીડાભરી ચીસ નીકળી અને ગાઢ જંગલના અંધકારમાં વીલીન થઇ ગઇ. અજગરનું પહોળું થયેલું મોં તેના માથાના વાળને સ્પર્શ કરતુ હતું. "મા ભવાની જેવી તમારી મરજી" જિંદગીનું છેલ્લું સ્મિત તેના ચહેરા પર છવાયું.

અચાનક જંગલના ગાઢ અંધકારને પ્રકાશપૂંજમાં ફેરવતું ઇશ્વરની સાક્ષાત દર્શન કરાવતી હોય તેવું પ્રકાશપુંજ વેરતા વીજળીના જોરદાર લીસોટા આકાશ ધરતી પર વેરાયા. અને પછી જોરદાર અને કર્કશ ધમાકાના અવાજ સાથે ગર્જના કરી ધરતીને ધ્રુજાવતી ગર્જનાનો અવાજ થયો, જાણે આભ ફાટ્યું, ધરતી પર ભુચાલ થઇ હોય તેવી ધણધણાટીનો ધ્રુજારીભર્યો

ખોફનાક ધમાકાથી અજગર એકદમ ચમકી ગયો અને પછી કુદરતના પ્રકોપથી શિકારને છોડી ઝડપથી ધરતી પર સરક્યો તે સાથે જ તેની ચુંગલમાંથી છૂટેલો કદમ ધરતી પર ધબાકની સાથે પછડાયો.

નીચે પડેલો કદમ એકદમ જોરજોરથી શ્વાસ લઇ રહ્યો હતો. અજગર તો ક્યાંય સરી જઇ દૂર નાસી ગયો હતો.

એકાએક વરસાદ પૂર ઝડપે તૂટી પડ્યો.

વરસાદના પાણીથી પલળતો કદમ ધરતી પર સૂતો ઊંડો શ્વાસ લઇ રહ્યો હતો. વરસાદના પડતા પાણીથી તેને થોડી રાહત થઇ.

અચાનક સન્નટાભર્યા ભેંકાર જંગલમાં ધુમ ધુમ ધાક ધાક જેવા જોરદાર અવાજથી વાતાવરણ ગુંજી ઉઠ્યું.

કદમ એકદમ ચમકીને બેઠો થઇ ગયો.

ધુમ...ધુમ... ધાક... ધાક... અવાજ નિરંતર આવતો હતો.

કદમ તે અવાજ શાનો છે તે એક ચિત્તો સાંભળી રહ્યો હતો.

અને પછી અચાનક ગાઢ અંધકારમાં જાણે સૂર્યનારાયણ પ્રગટ થયા હોય તેમ પૂર્વ દિશામાં ઘેરા અંધકારને ચીરતો લાલ-પીળો પ્રકાસપૂંજ ફેલાવા લાગ્યો.

થોડીવાર તો કદમને કશું જ સમજાયું નહીં. પણ પછી વાગતા અવાજના રિધમથી તે ચોંકી ઉઠ્યો. તે અવાજ જંગલના ઊંડાણમાં વાગતા નગારાનો હતો. અને જે પ્રકાશપૂંજ ક્ષિતિજ પર રેલાતો હતો તે મશાલોનો પ્રકાશ હતો.

અહીં જરૂર કોઇ વસ્તી હોવી જોઇએ અને તે જાતિનો કોઇ ઉત્સવ શરૂ થયો હશે, જેથી મશાલો સળગી ઉઠી છે, અને નગારાઓ વાગી રહ્યાં છે.

"જંગલી..." અચાનક કદમના દિમાગમાં લાઇટ થઇ, "આ... આ... વસ્તી કોઇ જંગલી આદિવાસીઓની હોવી જોઇએ... એટલે..." એનો મતલબ સમજતા કદમ ચોંકી ઉઠ્યો.

"આ અવાજ અને મશાલોનો પ્રકાશ કોઇ જંગલીઓની વચ્ચે અણધારી બીના બની હોય તો જ આટલી મોડી રાત્રે તેઓ વસ્તીને સાવધાન કરવા અને આવતી આફતનો સામનો કરવાની તૈયારી રૂપે હોય છે." વિચારતો કદમ ઝડપથી ઊભો થયો અને પછી વરસતા વરસાદની પરવા કર્યા વગર તે અવાજની દિશામાં દોડવા લાગ્યો. ગાઢ અંધકારમાં કશું દેખાતું ન હતું. વરસાદ પડવાથી માટી ભીની થઇ ચીંકણી બની જતા બે-ત્રણ વાર કદમ લપસી પડ્યો. બે-ત્રણ વખત તોતીંગ વૃક્ષો સાથે અથડાયો. પણ કદમ તેની પરવા કર્યા વગર દોડી રહ્યો હતો. થોડી થોડી વારે થતી વીજળી તેને અંધકારમાં અવરોધમાં બે-ચાર પળ માટે મદદરૂપ થતી હતી. કદમ પુરો પલળી ગયો હતો. વરસાદના ઝાપટા તેના મોં પર વીંઝાતા હતા. તેથી માંડ-માડં આંખોને તે ખોલી શકતો હતો. કાદવ અને પાણીથી ભરેલા ખાબોચીયામાં અથડાતો-કૂટાતો તે વેગ ગતિ સાથે સતત પૂરપાટ વેગ સાથે દોડી રહ્યો હતો.

ખબર ન હતી, પણ તેના દિમાગમાં આવેલા વિચારથી એકદમ દિમાગ વિચારોથી ઉથલ-પાથલ થઇ રહ્યું હતું. તેને જ ખબર ન હતી કે તે શા માટે એકદમ દોડતો અવાજની દિશામાં ભાગી રહ્યો છે, અને તે પણ વાગ્યા-તૂટ્યાની પરવા કર્યા વગર.

"શું હતું તે ઢોલનો અવાજ અને પ્રકાશનું રાજ...?"

ધમધમ... ધડામ...

ધમધમ... ધડામ...

સતત જોર-જોરથી નગારાનો અવાજ ખોફભર્યો જંગલમાં ગુંજતો હતો.

Chapter 4

વીર યોદ્ધો

આગળ વધતાં મેજર સોમદત્ત, પ્રલય અને વિજયસિંહાએ પણ તે નગારાનો અવાજ સાંભળ્યો હતો, અને પૂર્વ દિશામાં વેરાતો પ્રકાશપુંજ પણ જોયો હતો.

"સર...! આગળ કોઇ જંગલી ચીનાઓની વસ્તી લાગે છે. અને સર...! જંગલીઓનો કોઇ પ્રોગ્રામ હશે, જે પ્રોગ્રામમાં એકઠા થવા માટે ઢોલ વગાડતા હશે." વિયજસિંહાએ કહ્યું.

"આપણે ત્યાં જઇ તપાસ કરવી જોઇએ. તે માનવભક્ષી આદિવાસીઓ હોય અને તેના સંકજામાં આદિત્ય ફસાયો હોય તેવું બની શકે." પ્રલય બોલ્યો.

"ના... અહીં માનવભક્ષી આદિવાસીઓ નથી રહેતા પણ થોડા સુધરેલા આદિવાસીઓ છે. જે જાનવરોને મારી તેનું માંસ ખાય છે. વળી તેઓ અનાજમાં ચોખ્ખા પણ પકાવે છે." વિજયસિંહાએ માહિતી આપી.

વિજયસિંહા અહીંના વિસ્તારનો એકદમ પરિચિત હતો. તેથી જ તેને મેજર સોમદત્ત સાથે મૂકવામાં આવ્યો હતો.

"શું કરશું સર ?" વિચારમાં ખોવાયેલા મેજર સોમદત્તને પ્રલયે પૂછ્યું.

"અહીંથી તે વસ્તી કેટલી દૂર હશે ?" મૌન ધારણ કરી કશું વિચારતાં સોમદત્ત એકાએક બોલી ઉઠ્યો.

"સર...અવાજ અને પ્રકાશને જોતા તેનું અંતર વધુમાં વધુ એક કિલોમીટરનું હશે." વિજયસિંહા બોલ્યો.

"સારું ત્યારે. આપણે ત્યાં આદિત્યની તપાસ કરતા આવીએ. આદિત્ય ત્યાં નહીં હોય તો પણ આદિત્ય વિશે કોઇ સમાચાર મળી જાય." મેજર સોમદત્તે કહ્યું કે તરત પ્રલયના ચહેરા પર આનંદની લકીર ફરી વળી. પ્રલયને પણ આદિત્યને શોધ્યા વગર આગળ વધવાનું મન થતું ન હતું. પણ તે ફરજની આગળ લાચાર હતો, મેજર સોમદત્તના વિચારથી તે ખુશ થયો.

"સર...! આપણે ત્યાં ઝડપથી પહોંચી જઇશું. મારું મન કહે છે ચોક્કસ આદિત્ય ત્યાં હશે." ઉત્સાહ સાથે પ્રલયે કહ્યું.

"હા, ચાલો આદિત્યને શોધ્યા વગર મારું પણ મન આગળ જવા તૈયાર નથી." પ્રલયની સામે સ્મિત ફેરવી મેજર સોમદત્ત બોલ્યા. પછી સૌ અવાજની દિશામાં ઝડપથી આગળ વધ્યા.

નગારાનો તાલબદ્ધ અને ખોફ ફેલાવતો અવાજ જંગલમાં ઘુમી રહ્યો હતો. હજુ સતત વરસાદ પડતો હતો. કદમ દોડતો હતો. કદમ ઝડપથી આદિત્યને શોધી પોતાની ફરજ બજાવવા મેજર સોમદત્ત સર પાસે પહોંચવા થનગની રહ્યો હતો.

વરસાદના વેગ સાથે સતત અવિરતપણે ચાલુ હતો. કદમને વરસાદ અને અંધકારને લીધે કશું જ દેખાતું ન હતું. તે દોડતો-દોડતો હાંફી રહ્યો હતો. વૃક્ષ સાથે અથડાવવાથી અને વરસાદના પાણીથી ભરેલા ખાબોચિયામાં પડવાથી તેને શરીરમાં ઘણી ઇજાઓ થઇ હતી. પણ કદમ તેની પરવા ન હતી. કદમને એ પણ ખ્યાલ ન રહ્યો કે તેની રિર્વોલ્વર ભેઠમાંથી પડી ગઇ હતી.

નગારાનો અવાજ સતત નજીક આવતો જતો હતો.

કદમ તે સ્થળથી એકદમ નજીક આવીને અટકી ગયો અને પોતાના શ્વાસ કાબૂમાં લેતો વૃક્ષના ટેકે ઊભો રહ્યો.

તે હજુ વૃક્ષોના ઝૂંડમાં હતો તેનાથી થોડે દૂર એક મોટું ચોગાન હતું. ત્યાં કેટલાય લોકો કમર પર પોતીયું વાળીને ઢોલની તાલ પર નાચી રહ્યા હતા અને મશાલો લઇને ઘુમી રહ્યા હતા. જે મશાલો વરસાદના પાણીથી ભીંજાઇને બંધ થઇ ગઇ હતી પણ ત્યાં બનાવેલા એક મોટા કૂંડમાંથી હજુ આગની જવાળા લબકારા મારી ઉપર ઉઠતી હતી. તે હવનકુંડની ઉપર જૂના સડેલા પતરાનો માચડો બનેલો હોવાથી સતત વરસાદમાં પણ ત્યાં અગ્નિ પ્રગટી રહ્યો હતો.

કદમની ચકોર નજર ઘુમતી-ઘુમતી આગળનું દેખાતું દ્રશ્ય જોઇ રહી હતી. હવનકુંડની થોડે જ દૂર ખોડેલા લાકડાના બે થાંભલા વચ્ચે એક માણસને હાથ-પગ દોરડા વડે બાંધીને ત્યાં ઊભો રાખવામાં આવ્યો હતો.

તે માણસ પર નજર પડતા કદમ એકદમ ચોંકી ઉઠ્યો. સાથે સાથે તેના ચહેરા પર ખુશીની લહેર ફરી વળી.

કદમ ઝડપથી એક મોટા વૃક્ષ પર ચડી ગયો. એ વૃક્ષની એક મોટી ડાળી હવનકુંડ તરફ ફેલાયેલી હતી. તેના પર આસ્તેઆસ્તે સરકીને આગળ વધતો હતો.

હવે સંપૂર્ણ દ્રશ્ય તેને એકદમ ચોખ્ખું દેખાઇ રહ્યું હતું. કદમે ઝડપથી કમરપટ્ટા પર હાથ મૂક્યો. તે એકદમ હેબતાઇ ગયો. તેના કમરપટ્ટામાં ખોસેલી રિર્વોલ્વર તેના સ્થાને ન હતી. રિર્વોલ્વર ક્યારે પડી ગઇ તેનો ખ્યાલ કદમને ન હતો.

"હવે...? હવે શું કરવું ?" રિર્વોલ્વરના જોર પર તે આદિવાસીઓને ધમકાવી આદિત્યને છોડાવવા માગતો હતો. પણ અત્યારે તેની રિર્વોલ્વર તેની પાસે ન હતી.

"ગમે તે થાય...આદિત્યને છોડાવ્યા વગર અહીંથી જવું નથી. પછી ભલે આદિત્યની સાથે તેનો પણ ભોગ લાગી જાય." મક્કમતા સાથે કદમ વિચાર્યું.

વરસાદ ધીમે ધીમે ઓછો થતો જતો હતો. જંગલીઓ સતત નગારા વગાડતા હવનકુંડની આસપાસ નાચી રહ્યા હતા.

એકદમ કાળા દેખાતા અને ઘટ્ટ રૂંવાટીવાળા જંગલીઓ અગ્નિની ઉઠતી જવાળામાં ભૂતપ્રેતનો આભાસ આપતા હતા.

કદમ વૃક્ષની ડાળ પર થઇ આદિત્યા ઉપરના ભાગમાં આવ્યો અને ત્યાંથી નીચે જમ્પ મારવાની તૈયારી કરી બેસી ગયો. ગમે તે સમયે તે નીચે કૂદી પડવા માટે તૈયાર હતો.

મેજર સોમદત્ત, પ્રલય અને વિજયસિંહા હવનકુંડની એકદમ નજીક વૃક્ષોની ગીચતા વચ્ચે ચુપચાપ ઊભા હતા. તેઓએ પણ આદિત્યને ત્યાંથી જોઇ લીધો હતો. આદિત્યને ત્યાં બાંધી તે જંગલીઓ શું કરવા માગે છે તે તેઓ સમજી ન શક્યા, પણ આદિત્ય જંગલીઓ વચ્ચે ફસાઇ ગયો છે અને આદિત્યના મોતનો ખેલ ખેલાઇ રહ્યો છે એટલું તો તેઓ સમજી ગયાં.

એકાએક ઢોલ-નગારાના અવાજો બંધ થઇ ગયા. એક જ ક્ષણમાં ભેંકાર સન્નાટો વ્યાપી ગયો. જંગલીઓ ઝડપથી ટપોટપ મેદાનની આસપાસ ઉગેલા વૃક્ષની ઉપર ચડી ગયાં.

બનતી નવીન ઘટના જોઇ કદમ સાથે મેજર સોમદત્ત, પ્રલય, વિજયસિંહા પણ અચરજ પામી ગયા. અચાનક ઢોલ નગારાને ત્યાં જ પડતાં મૂકી જંગલીઓ ત્યાંથી વૃક્ષ પર કેમ ચડી ગયા તેની કોઇને સમજણ ન પડી.

કદમ વૃક્ષની ડાળ પરથી આદિત્યને છોડાવવા જમ્પ મારવાની તૈયારીમાં હતો, તો પ્રલય દોડી જઇ આદિત્યને બચાવવા દોડવાની તૈયારીમાં હતો, પણ મેજર સોમદત્તે પ્રલયના ખભા પર હાથ મૂકી થોડીવાર શાંતિથી હવે શું બનશે તે જોવા માટે ઇશારો કર્યો.

વાતાવરણ એકદમ ખોફનાક સન્નાટાથી ઘેરાઇ ગયું હતું. કઇ ક્ષણે શું થશે તે કોઇની સમજમાં આવતું નહોતું.

અચાનક ગાઢ જંગલ તરફથી એકદમ ઘુરકવાનો અવાજ સાંભળી સૌ ચોંકી ઉઠ્યા. વૃક્ષ પરથી જમ્પ લગાવવા તૈયાર થયેલો કદમ પણ એમને એમ પોઝિશનમાં બેઠ રહ્યો.

ઘુરકવાનો અવાજ એકદમ નજીક આવતો જતો હતો. કોઇ જંગલી નિશાચર પ્રાણી ત્યાં ચોકમાં આવી રહ્યું હોય તેવું તેના ઘુરકાટ પરથી લાગી રહ્યું હતું.

અને પછી...

એકાએક ગીચ વૃક્ષોનાં ઝૂંડમાંથી એક તાકતવર વાઘ બહાર નીકળી આવ્યો. તેની લાલ અંગારા જેવી આંખો સતત ત્યાં બંધાયેલા આદિત્યની સામે સ્થિર થયેલી હતી. તે પોતાનું વિકરાળ જડબું ફાડી આદિત્યની તરફ ત્રાડ નાખતો આગળ વધવા લાગ્યો.

આદિત્ય બંધનમાંથી છૂટવા માટે એકદમ છટપટવા લાગ્યો, પણ બંધનો એકદમ સખત થતા જતા હતા. આદિત્યના ચહેરા પર વરસાદના પાણી સાથે પરસેવો નીતરી રહ્યો હતો. તેની આંખમાં નર્યોનીતર્યો ખોફ છવાયેલો હતો.

હવે સૌની સમજમાં આવી ગયું હતું કે ત્યાં આદિત્યને કેમ બાંધવામાં આવ્યો હતો.

"સર...! હું આદિત્યને બચાવવા જાઉં છું. આદિત્ય બંધનમાં બંધાયેલો છે. તે છુટી નહીં શકે અને વાઘ તેનું મારણ કરી જશે." પ્રલયના અવાજમાં ઉત્તેજના હતી.

"ગો અહેડ બોય..." મેજર સોમદત્તે પ્રલયનો ખભો થપથપાવ્યો. પ્રલય વાઘને પહોંચી વળશે તેનો પૂરો વિશ્વાસ હતા. છતાં પણ મેજર સોમદત્તે પોતાની રિવોલ્વર ખેંચી કાઢી. કોઇપણ ક્ષણે તેના હાથમાંથી રિવોલ્વરમાં ગોળીઓ ઓકવા તૈયાર હતી.

પ્રલયે ઘુંટણ નીચે બેલ્ટમાં લગાવેલું ખંજર કાઢ્યું. પછી હાથમાં પકડી એક યોદ્ધાની જેમ છાતી કાઢી મેદાન તરફ આગળ વધી ગયો.

જમ્પ મારવા માટે કદમ એકોક ચમકી ગયો અને માંડ માંડ પોતાના શરીરનું બેલેન્સ જાળવી

આંકો પટપટાવા લાગ્યો.

ક્ષણ માટે તો તેને દૃશ્ય સ્વપ્ન જેવું લાગ્યું. પણ પછી આંખોમાં વિશ્વાસ બેઠો.

ગીચ વૃક્ષોની ઝાડીમાંથી પ્રલય હાથમાં છુરો લઇ મેદાનમાં એકાએક પ્રગટ થયો. કદમ માટે તે ન માની શકાય તેવી વાત હતી, કેમ કે પ્રલય, મેજર સોમદત્ત અને વિજયસિંહા તો તેને છોડીને આગળ વધી ગયા હતા તો પ્રલય એકાએક કેમ પ્રગટ થયો તે તેની સમજમાં ન આવ્યું. પણ પ્રલયને જોઇને તેને ખૂબ જ આનંદ થયો.

વાઘ એકદમ ઘુરકાટી કરતો ત્યાં બાંધેલા આદિત્ય તરફ આગળ વધી રહ્યો હતો.

એકાએક પ્રલય આદિત્ય અને વાઘની વચ્ચે આવી પગ પહોળા કરી ઊભો રહી ગયો.

પોતાના શિકારની વચ્ચે ખલેલ પડતા વાઘ એકદમ ક્રોધિત થઇ મોં ફાડી ઘુરકાટ કરતો પ્રલય તરફ આગળ વધ્યો અને પછી આગળના પગના પંજા નમાવી એકાએક પ્રલયની ઉપર છલાંગ લગાવી.

પ્રલય એકદમ તૈયાર જ હતો.

છલાંગ લગાવી પોતાની પર કુદતા વાઘને પ્રલયે વચ્ચેથી જ પકડી પાડ્યો.

વાઘ અને પ્રલય બંને નીચે પટકાયા. પ્રલયે વાઘ પરની પકડ છોડી નહી. તે વાઘના પેટમાં એકદમ ભીંસ વધારતો જતો હતો.

વાઘ મોં નમાવીને પોતાના જડબામાં પ્રલયનું માથું પકડવાની કોશિશ કરતો હતો અને પ્રલયની પકડમાંથી છુટવા પોતાના પંજાના નહોરને પ્રલયના શરીર પર મારતો હતો.

આદિત્ય એકદમ દહેશત સાથે બંને વચ્ચેનું યુદ્ધ જોઇ રહ્યો હતો. તેને પણ એકદમ આશ્ચર્ય થયું હતુ કે પ્રલય તેની અને વાઘની વચમાં એકાએક પ્રગટ થઇ કૂદી પડ્યો. આદિત્યે પોતે જીવવા રહેવાની આશા મૂકી દીધી હતી કેમ કે તેના બંધન છુટે તેમ ન હતા અને ભૂખ્યો વાઘ તેને છોડે તેમ ન હતો.

વાઘ અને પ્રલય વચ્ચે એકદમ ખુંખાર યુદ્ધ છેડાઇ ગયું હતું. પ્રલયના મોંમાંથી પણ વાઘ જેવો જ અવાજ નીકળી રહ્યો હતો. વાઘના પંજાના મારને લીધે તેના કપડાં કેટલીય જગ્યાથી ફાટી ગયા હતા અને ચામડી ચીરાતા લોહીની ટસરો પણ ચારે તરફથી ફૂટી નીકળી હતી. તેને કારમી બળતરા થતી હતી. પણ અત્યારે તે પીડા જોવાનો સમય ન હતો. જરા સરખી ચૂક થતા જ માથું વાઘના મોંમાં આવી જાય તેમ હતું.

પ્રલય અને વાઘ જમીન પર પટકાયેલા હતા અને એકબીજાને મહાત કરવાની કોશિશ કરી રહ્યા હતા. પ્રલયના હાથમાંનું ખંજર ત્યાં જ ધરતી પર પડ્યું હતુ. પણ તેના હાથની પકડ છોડ્યા સાથે જ વાઘ તેના પર હાવી થઇ જાય તેમ હતો.

પ્રલય માંડ માંડ બેઠો થયો. વાઘ પણ પાછલા પગે ઊભો થયો. વાઘ પ્રલયના માથાને પોતાના જડબામાં સમાવવા ઝપટ મારી. પ્રલયે માથું એક તરફ ઝુકાવી દીધું અને પછી પોતાનામાં હતી એટલે તાકાત એકઠી કરી વાઘના પેટ પર બંને હાથની પકડને દબાવવા લાગ્યો. સાથે સાથે તે ઊભા થવાની કોશિશ પણ કરવા લાગ્યો.

પણ બીજી જ ક્ષણે ફરીથી એકવાર બંને ધરતી પર પટકાઇ ગયા. વાઘ નીચે હતો અને પ્રલય

તેના પર પડ્યો હતો. પછીની બીજી જ ક્ષણે પોતાની અસીમ તાકાતથી પ્રલય જમ્પ મારીને ઊભો થઇ ગયો. જમ્પ મારતી વખતે બંને હાથની પકડમાંથી વાઘને છોડી દીધો હતો પણ ઊભા થતા જ ઝડપથી પ્રલયે વાઘની ગરદન ફરતે પોતાના બાવડાને તાકાત સાથે વીંટાળી દીધો. જમ્પ મારતા-મારતા નીચે પડેલ ખંજને પણ ચપળતાપૂર્વક એક હાથમાં લેવાનું ચૂક્યો ન હતો.

હવે વાઘ પણ પાછળના પગે ઊભો થયેલો હતો અને આગળના પગના પંજામાં નહોર વડે પ્રલય પર હુમલો કર્યો હતો. તો પ્રલય તેની ગરદન પૂરી તાકાત સાથે દબાવતો જતો હતો અને બીજા હાથમાં પકડેલા ખંજરને વાઘના પેટ તરફ લઇ જતો હતો.

"શાબ્બાશ પ્રલય... શાબ્બાશ, લગાવ જોર..." અચાનક વૃક્ષ પરથી ઠેકડો મારી નીચે કૂદતા કદમ ચિલ્લાયો.

કદમને જમ્પ મારી નીચે કૂદતો જોઇ મેજર સોમદત્ત, વિજયસિંહા અને ત્યાં બંધાયલો આદિત્ય જોઇ દંગ રહી ગયા.

કદમનો અવાજ સાંભળી પ્રલયના ચહેરા પર પ્રસન્નાતા ફેલાઇ. પણ પ્રલયનું ધ્યાન સતત પંજાના નહોર વડે પોતાને ચીરતા વાઘ પર જ હતું. નહોર વાગતા તેને કારમી પીડા થતી હતી, પણ તેના તરફ ધ્યાન આપ્યા વગર પ્રલય હાથમાંના ખંજરને વાઘના પેટ તરફ લઇ જઇ રહ્યો હતો અને તેમાં પણ તેને ઘણી જ સફળતા મળી હતી પણ વાઘ આમતી તેમ પોતાના શરીરને ઉછાળતો હતો એટલે પ્રલયને ખંજર ભોંકવાનો મોકો મળતો ન હતો.

"શાબાશ પ્રલય શાબાશ...ખતમ કરી દે વાઘને. તું ભારતમાંનો શુરવીર યોદ્ધા છે, લગાવ સાલ્લાને. તે આપણા આદિત્યને મારવા આવ્યો હતો." તાળી પાડતો કદમ ચિલ્લાઇને પ્રલયના જોશને વધારી રહ્યો હતો.

અચાનક પ્રલયના હાથમાંથી પક્કડ વાઘના ગરદન પરથી છૂટી ગઇ. વાઘ એકાએક પ્રલય પર કૂધો, બંને નીચે ધરતી પર પટકાયા.

પ્રલયની ગરદન અને વાઘનું વિકરાળ મોં વચ્ચે લગભગ બે થી ત્રણ ઇંચનું જ અંતર હતું. પ્રલય વાઘને ધક્કો મારીને દૂર કરવાની કોશિશ કરતો હતો. જ્યારે વાઘ પ્રલયની ફાડી ખાવાની કોશિશમાં હતો.

બંને તાકાતવાર યોદ્ધા એકબીજાને ખત્મ કરવા ભરપૂર પ્રયત્ન કરી રહ્યાં હતા.

મેજર સોમદત્ત રિવોલ્વર લઇને મેદાનમાં ધસી આવ્યા. વાઘ પ્રલયને ફાડી નાંખે તે પહેલાં તે વાઘને ગોળી મારી દેવા તત્પર બન્યા હતા.

પ્રલયે પોતાના બંને પગને વાળીને વાઘના પેટ પર ગોઠવ્યા અને પછી પૂરી તાકાત સાથે વાઘની પેટ પર લાત મારી. વાઘ અધ્ધર હવામાં ઉઠાવ્યો, જેવો તે જમ્પ મારી નીચે આવ્યો કે તરત પ્રલયે પોતાના હાથમાં રહેલા ખંજરને વાઘના પેટની નીચે પકડી રાખ્યો.

ખચ્ચ... ના અવાજ સાથે પ્રલયના હાથમાંનો ખંજર વાઘના પેટમાં અડધો ઘૂસી ગયો. પ્રલયે જોર કરી ખંજરને ગોળ ફેરવ્યો.

વાઘે જોરદાર ત્રાડ નાંખી.

પ્રલયે ખંજર બહાર કાઢ્યું, તે સાથે વાઘના તૂટેલા આંતરડા પણ બહાર આવી ગયા.

પીડાથી કહરાતો વાઘ મરણિયો બનીની પ્રલયનું માથું પોતાના પહોળા થયેલાં મોંની અંદર લઇ લેવા ઝાપટ મારી. પ્રલય એક તરફ ખસી ગયો.

ધાંય...ધાંય...ધાંય...મેજર સોમદત્તના હાથમાં પકડેલી રિવોલ્વરમાંથી આગ ઓકતી કેટલીય ગોળીઓ છૂટી અને વાઘના દેહમાં સમાઇ ગઇ.

વાઘ એકદમ લથડયો અને પછી પ્રલય પર ધડામ દઇને પડ્યો. પ્રલયે દાંત કચકચાવી વાઘના દેહ પર જોરદાર લાત મારી. વાઘનો દેહ કેટલાય ફૂટ દૂર જઇને પડ્યો. વાઘનો દેહ એકદમ તરફડીયા મારતો હતો.

ધીમે-ધીમે તેના તરફડીયા શાંત થયા, આંખો બીડાઇ અને તેણે પોતાની જાતને મોતના હવાલે કરી દીધી.

પ્રલય કપડાં ખંખેરતો ઊભો થયો.

સૌ પ્રલય તરફ દોડ્યા. કદમે પ્રલયને બંને હાથ વડે ઊંચકી લીધો અને ગોળ-ગોળ ફરવા લાગ્યો.

"ઓ... ઓ... છોડ હવે તું કાં મને હેરાન કરે છે. " હસતાં પ્રલય બોલ્યો.

વિજયસિંહાએ ઝડપથી આદિત્યના બંધનોને છોડ્યા.

"સોરી બેટા...! તને કદાચ ખોટું લાગ્યું હશે. પણ હું મારી ડ્યુટી ફરજને લીધે લાચાર છુ. મારે આજ રાત્રિના ગમે તેમ કરીને મેજર કતારસિંગને છોડવવાના છે..." કદમની માથે વ્હાલથી હાથ ફેરવતાં સર સોમદત્ત બોલી ઉઠ્યા. પછી તેમણે પ્રલયને બાથ લઇ લીધો. "ધન્ય છે તારી જનેતાને પ્રલય તું ખરેખર માં ભારત માનો સપૂત છે."

સૌ એકબીજાને આનંદથી મળ્યા. મસ્તીના મૂડમાં આવેલ આદિત્ય અને કદમ ભાંગડા નૃત્ય કરવા લાગ્યાં. પણ તેઓનો આનંદ બે-ચાર મિનિટ સુધી જ રહ્યો.

એકાએક ત્યાં વૃક્ષો પર છુપાયેલા આદિવાસીઓ ઠેકડા મારી-મારી વૃક્ષ પરથી નીચે કૂધા અને ત્યાં ઊભેલા મેજર સોમદત્તની ટીમે ઘેરી વળ્યાં.

ક્ષણ માટે સૌ સ્તબ્ધ બની ગયા. મેજર સોમદત્તે ઝડપથી પોતાની રિવોલ્વર ખેંચી કાઢી પણ ત્યા એકઠા થયેલા જંગલીઓની સંખ્યા લગભગ પચાસ જેવી હતી અને સૌના હાથમાં કુકરીઓ પકડેલી હતી. તેઓ ગોળ કુંડાળુ કરી ચારે તરફ ઊભા રહ્યાં.

ધમ...ધમ..ધડામ અચાનક નગારાનો અવાજ સન્નાટાભર્યા વાતાવરણને ગુંજી ઉઠ્યો.

અને પછી ખબર નહીં પણ ક્યાંથી જંગલીઓના ટોળે ટોળાં ઉમટલા લાગ્યા. પચાસથી સો થયા અને સોમાંથી બસો થયા. સૌ મજેર સોમદત્તની ટીમને ઘેરી ઊભા રહી દેકારો કરી રહ્યાં હતાં.

"સર...આ તો આપણે બધા જ ફસાઇ ગયા..." હોઠ ચાવતા કદમે કહ્યું, "આ લોકોને ગોળીબાર કરી બીવડાવી ભગાડવા સિવાય આપણી પાસે ઉપાય નથી."

"કદમ...ગોળીબારથી બે-પાંચ જંગલીઓ મરશે, ત્યારપછી બાકીના જંગલીઓ આપણા પર તૂટી પડશે અને આપણને પીંખી નાંખશે..." દીધ્ર શ્વાસ લેતાં સોમદત્તે રિવોલ્વરવાળો હાથ નીચો કર્યો.

વાગતા ભેદી નગારાના અવાજ પર ત્યાં એકઠા થયેલા જંગલીઓ મેજર સોમદત્તની ટીમ ફરતા નાચવા લાગ્યા.

"હવે શું કરશું સર...? હું તે લોકો પર તૂટી પડું...?" પ્રલયના અવાજનો પડઘો ગુંજી ઉઠ્યો.

"ના પ્રલય... આપણે વાટ જોઇને તેઓ શું કરે છે. જોખમ લાગતા જ આપણે ગોળીબાર કરતાં-કરતાં જંગલની અંદર ઘુસી જઇ અહીંથી નાસી જવાની કોશિશ કરશું. પણ તમે કોઇ ઉતાવળ ન કરતા, મારા સંકેતની વાટ જો... જો..." બૂમબરાડાના અવાજ વચ્ચે મેજર સોમદત્ત જોર-જોરથી બોલતા હતા.

જોર-જોરથી રાડો નાંખતા જંગલીઓ કોઇ ગીતનું કોરસ ગાઇ રહ્યાં હતાં. તેના શબ્દોને સાંભળતા મેજર સોમદત્ત એકદમ ચોંકી ઉઠ્યા અને સ્તબ્ધ બની ગયા.

"સાંભળો... સાંભળો... આ લોકો આપણને દેવદૂત કહીને કશું ગાઇ રહ્યાં છે. એટલે તેઓ શું કરવા માંગે છે તે નક્કી ન થાય ત્યાં સુધી કોઇપણ ગોળીબાર ન કરજો..." કદમે રાડ નાંખી.

"તારે અહીં આવવાની જરૂર જ શું હતી...?" તું તારે જંગલમાં બોર ખાતાં-ખાતાં જિંદગી કાઢી નાંખત તોપણ તારે માટે સારુ હતું. મારા ભાઇ મારા નામનો ઉપકાર બતાવ નહી. સમજ્યા વગર એકાએક વૃક્ષ પરથી ટપકી પડ્યો. જાણે આ બધા તારા નાતિબંધુ હોય... કહેતો આદિત્ય હસી પડ્યો.

"અરે...! મારા નહીં આ બધા તારા સંબંધી છે અને હવે અહીંની છોકરી સાથે તારા લગ્ન કરીને તને જમાઇ બનાવી હંમેશા અહી રાખવા માંગે છે, સમજ્યો."

"તમે કેમ ખબર પડી કે મને જમાઇ બનાવશે. તું મારાથી રૂપાળો છો, કદાચ કોઇ જંગલીની છોકરી તારા પર ફિદા થઇ ગઇ હશે. એટલે જ આ બધું મંડળ નાટક કરી રહ્યું છે." ખોટો ગુસ્સો બતાવતાં આદિત્યે કદમ સામેં મોં ચડાવ્યું. તેનું વર્તન જોઇ મેજર સોમદત્ત સાથે સૌ હસી પડ્યા.

"લગ્ન કરવાની ઉતાવળ તને છે, મને નહીં. જો જે આદિત્ય થોડાક સમય પછી અમે અહીં પાછા આવશું ત્યારે તું પણ આ લોકો જેવો જ જંગલી બની ગયો હોઇશ અને આમ જ આવ વા... કુંકુ... કુ કુ... કરીને નાચતો હોઇશ. તારી કાંધ ઉપર ચાર બબુઆ લટકતા હશે, અને બાપા... બાપા... કરતા હશે."

સૌ હસી-હસીને મજાક કરી રહ્યા હતા.

એકાએક જંગલીઓનો નાચ બંધ થઇ ગયો. ફરીથી એકવાર જંગલને ચીરતો ખોફનાક સન્નાટો છવાઇ ગયો.

અને પછી સૌ આવીને પ્રલયની આજુબાજુ ઊભા રહી ગયા. એક જંગલી દોડતો વૃક્ષના થડના લાકડાનો મોટો ટુકડો ઉપાડી લાવ્યો અને તેની ઉપર પ્રલયને બેસાડ્યો.

"વા... વા... ભાઇ વા... આદિત્ય આ તો ગજબ થયો તારું સ્થાન પ્રલયને મળ્યું.." કદમ હસ્યો.

"પ્રલયની બાજુમાં તું પણ બેસી જા એટલે તને પણ ચાંદલો કરી પોંખી લે. એટલે અમે તમને બંનેને પડતા મૂકી આગળ વધી જઇએ..." આદિત્યની વાતથી સૌ ફરીથી ખડખડાટ હસી પડ્યા.

થોડી જ વારમાં કેટલીય સ્ત્રીઓ આવી, તેના હાથમાં કેળાના પાંદડા હતા અને પાંદડામાં કંકુ જેવી કાંઇ વસ્તુ સાથે ચોખા હતા.

સૌ પ્રલયને ઘેરી વળી અને વારાફરતી ચાંદલા કરી પ્રલય પર ચોખા છાંટવા લાગી અને કંઇક બોલતી જતી હતી.

મેજર સોમદત્તે ચાઇનિઝ ભાષામાં કંઇક પૂછ્યું.

સૌ આશ્ચર્યથી દંગ થતાં મેજર સોમદત્તની સામે જોઇ રહ્યા અને તેની ભાષામાં તેઓ મેજર સોમદત્તને કંઇ કહેવા લાગ્યા.

"પ્રલય... તારા તો લગ્ન થઇ ગયા ભાઇ, કેટલાંય વરસથી તું કુંવારો હતો. તે આજ તને એક બે નહીં પણ ઘણી જ સ્ત્રીઓએ તને પસંદ કર્યો છે. અને આ બધી સ્ત્રીઓ તારાથી લગ્ન કરવા માંગે છે. ભાઇ તું તો અહીંનો જમાઇ બની ગયો, એટલે હવે તારે પણ પોતીયું પહેરી અહીં જ રહેવું પડશે." કહેતાં કહેતાં કદમ ખડખડાટ હસવા લાગ્યો.

"તું મારા મગજનું દહીં ન કર, નહીંતર હમણાં જ તારું માથું ફાટી નાખીંશ." પ્રલયે કદમને બનાવટી ગુસ્સો કરતા કહ્યું.

"ભાઇ પ્રલય તું મારા પર શા માટે ચિલ્લાય છે, આ તો આ લોકોની ભાષા મને આવડે છે. એટલે તેઓ એ સર સાથે વાત કરી તને માંગી લીધો એટલે હું કહું છું."

"તને એક જ ને ચાઇનિઝ ભાષા આવડે છે. તેવા ફાંકામાં ન રહેતો, તારા કરતાં પણ આ લોકોની ભાષા હુ સરળતા સાથે સમજી શકું છું."

"સર...! આ લોકો શું ઇચ્છી રહ્યાં છે...?" વિજયસિંહાએ સોમદત્તની સામે જોતાં પૂછ્યું. તેને ચાઇનિઝ ભાષા આવડતી ન હોવાથી, તેના ચહેરા પર મૂંઝવણના ભાવ ફેલાયેલા હતા.

"વિજયસિંહા આ લોકો પ્રલયને એક યોદ્ધાના સ્વરૂપમાં જોઇ રહ્યાં છે. પ્રલયે જે વાઘને માર્યો તે વાઘ અહીંના કેટલાંય લોકોને ફાડીને હજમ કરી ગયો છે. અને તે લોકો વાઘના મારણ માટે આદિત્યને પકડીને મૂક્યો હતો અને અચાનક પ્રલય વચ્ચે કૂદી પડ્યો. વાઘને મારી નાંખતા તેઓ પ્રલય પર એકદમ ખુશ થયા છે. અને એક મહાન યોદ્ધા તરીકે પૂજી રહ્યાં છે." મેજર સોમદત્ત બોલ્યા. તેની પૂરી વાત સાંભળી સૌ આનંદમાં આવી ગયા.

"સર...! હવે આપણે નીકળવું જોઇએ. આપણે હજુ મેજર કતારસિંગને શોધી કાઢી ચીનના લશ્કર વચ્ચેથી છોડાવવાના છે..." ગંભીર બની જઇએ કદમે કહ્યું.

"હા...આપણે હમણાં જ નીકળીશું પણ આ લોકોની તેની રસમ પૂરી કરવા દે પછી તે લોકો આપણને કોઇ મદદરૂપ બની શકે તે બાબતે મારે થોડી ચર્ચા કરવી છે." મેજર સોમદત્તે કહ્યું.

થોડી વારમાં જ ચાંદલા-ચોખાથી પ્રલયને વધાવવાની રસમ પૂરી કરી, પછી તે કબીલાનો સરદાર પ્રલયના પગ પાસે બેસી ગયો.

"હે મહાન યોદ્ધા, તે અમારા કબીલાનું રક્ષણ કર્યું છે. તે અમારા લોકોને મારી ખાતાં એક માનવભક્ષી વાઘને મારી નાંખ્યો છે. તું શૂરવીર યોદ્ધા છે."

પ્રલયે ઊભા થઇ કબીલાના સરદારને પણ ઊભો કર્યો. "હે મહાન સરદાર એ તો મારી ફરજ હતી. અને ઇશ્વરની ઇચ્છા હતી એટલે બધું થઇ ગયું. તેમાં આપ સૌ ખુશ છો,તે જ મારા માટે

મોટી વસ્તુ છે."

પ્રલયની વાત સાંભળી સૌ ખુશ-ખુશ થઇ ગયા. અને પછી નાચવા લાગ્યા. કબીલાના સરદારે મેજર સોમદત્તની સાથે સૌને પોતાના આવાસમાં લઇ જઇ બેસાડ્યા. સરદારનું મકાન એટલે વાંસથી બનેલો મોટા ભુંગળા જેવું હતું પણ અદરની સજાવટ એકદમ સરસ હતી.

ફટાફટ સૌને ખીર પીરસવામાં આવી.

"સરદાર... અમને તમારી મદદની જરૂર છે." ખીર ખાતાં સોમદત્ત બોલ્યા.

"કહો... અમે સૌ તમારા માટે જાનની બાજી પણ લગાવી દઇશું..." સરદાર બોલ્યો, તેમને પ્રલય મેજર સોમદત્ત તેમની ટીમના સરદાર છે, તે સમજાવ્યું હતું.

"અમે અહીં અમારા એક માણસની શોધમાં આવ્યા છીએ, જે હુબહુ મારા જેવો જ લાગે છે."

"અરે...! મેં આ સરદાર જેવા માણસને જોયા છે અને તેની પાછળ અહીંના સિપાઇઓ પડ્યા હતા. એટલે જ હું ક્યારનોય વિચાર કરતો હતો કે તે માણસ એકલો હતો અને નાસતો છુપાતો હતો. તો હવે કેમ આ બધા સાથે અહીં આવી ગયો. સરદાર તે ખરેખર તમારા જેવો જ લાગતો હતો." દિનતાંગ નામનો એક જંગલી ઊભો થઇ બોલ્યો.

"તે કઇ તરફ નાસતો ગયો છે, તેની તને ખબર છે ?" પ્રલયે તેને પૂછ્યું.

"હા... તે અહીંથી પૂર્વ દિશા તરફ ગયો છે. તેના પાછળ કેટલાય સિપાઇઓ તેને પકડવા ગયા છે. એટલે જ આશ્ચર્ય થતા હું અહીંથી પાંચ માઇલ સુધી તેનો પીછો કરતા તે લોકોની પાછળ ગયો હતો." ફૂલાંતા શ્વાસને રોકતાં દિનતાંગ બોલી ઉઠ્યો.

"દિનતાંગ એ માણસની અમને ખાસ જરૂર છે. તેને માટે તો અમે અહીં આવ્યા છીએ.... એ માણસ મળી જાય તો અમારું કામ પૂરું થઇ જાય."

"દિનતાંગ... તમારી સાથે ચાલશે અને પાંચ માઇલ પછી તેનુ પગેરું પણ શોધી આપશે..." હાથ જોડી સરદાર બોલ્યો.

"હા... હું તમારી સાથે આવવા તૈયાર છું. આ નરભક્ષી વાઘે મારા નાના ભાઇનો ભોગ લીધો છે. તેને મારવા માટે મેં અહીંના સિપાઇઓના સુબેદારને વાત કરી હતી. પણ તે હરામખોરોએ મને ધુત્કારી કાઢ્યો હતો. અને એટલે જ અહીંના સિપાઇઓ પર મને વિશ્વાસ નથી. એટલે જ તેઓની ગતિવિધિ પર હું ધ્યાન રાખતો હતો અને મને એટલે જ આ બધી વાતની ખબર છે."

"શાબાશ દિનતાંગ... તે ખૂબ જ સરસ કામ કર્યું છે. હું તારા ભાઇને તો પાછો નહીં લાવી શકું પણ તે માનવભક્ષી વાઘને મારી મને તેનો હવે સંતોષ છે." પ્રલયે કહ્યું.

"આપ સૌ આજની રાત અહીં રહો. કાલે સુર જ ઉગતાં જ તમે દિનતાંગ સાથે તમારા માણસને શોધવા નીકળી પડજો. પણ આજની રાત અમને તમારી મહેમાનગતિ માણસવાનો લહાવો ધ..." કબીલાનો સરદાર સર સોમદત્ત સામે હાથ જોડી બોલ્યો.

"તમારી મહેમાનગતિને હું આવકારું છું. સરદાર... પણ અમારે આજની રાત કયામતની રાત છે. ગમ તેમ કરી અમારા સાથીને શોધવાનો છે. નહીંતર તે માર્યો જશે..." મેજર સોમદત્તે કહ્યું.

"હા... ચોક્કસ જે ઇશ્વરે ધાર્યુ અને અમે અમારા સાથી સાથે પાછા આવ્યા તો ચોક્કસ તમારી

મહેમાનગતિને માણીને જાશું..." કહેતાં સોમદત્તે પોતાના સાથીઓની સામે જોઇ બોલ્યા.

"દોસ્તો, આગળ વધવાની તૈયારી કરો. અત્યારે રાત્રિના સમયમાં જ આપણે મેજર કતારસિંગને શોધી પાછા લાવવાના છે. આપણી પાસે એક-એક ક્ષણ કિંમતી છે."

"યસ સર...! અમે તૈયાર છીએ." આદિત્ય બોલ્યો.

Chapter 5

ખતરનાક ખેલ

ધુડડડડ... ધડુમ... એકાએક જાણે આભ ફાટ્યું હોય તેવો આકાશમાં જોરદાર કડાકા થયાની બીજી જ સેકન્ડ સાપની જીભની જેમ લબકારા મારતી જોરદાર પ્રકાશપૂંજથી અંધકારના આવરણને તોડી વિજળીના પ્રકાશપૂંજ ચારે તરફ રેલાયો અને પછી મુશળધાર વરસાદ તૂટી પડ્યો.

ખામોશી... એકદમ ખામોશીભર્યા વાતાવરણમાં ગીચ જંગલની અંદર કેટલાય મોતના મરજીવા મક્કમ પગલે આગળ વધતા હતા.

વરસાદની ગતિ એકદમ તીવ્ર હતી. બારેમેઘ ખાંગા થઇને ધરતી પર વરસી રહ્યાં હતાં.

ખોફનાક જંગલ અને તેમાંય રાત્રિનો સમય અને બીજી તરફ ધોધમાર વરસાદ. ક્યાંય કશું જ દેખાતું ન હતું. થોડી થોડી વારે ગર્જનાના ધડાકા પછી વીજળી ધરતી પર એવી રીતે ત્રાટકતી હતી કે જંગલમાં ગીચ ઝાડીમાંથી રસ્તો કરતા આગળ જતા મેજર સોમદત્ત અને તેના સાથીઓને લાગતું હતું કે હમણાં જ વીજળી તેઓના પર ત્રાટકશે. ખોફ અને બિહામણાં જંગલમાં ક્યાંય કશો જ અવાજ ન હતો. ફક્ત ઝીંકાતા વરસાદનો અવાજ ભેંકાર સન્નાટામાં ડર પેદા કરતા હતો.

સૌએ શરીર પર રબર કોટેડવાળા શર્ટની નીચે તેવા જ રબર કોટેડ પેન્ટ પહેર્યા હતા. પગમાં ઘુંટણ સુધીના ચામડાના બુટ હતા. જંગલ ખોફનાક હતું કે ક્યારે સાપ, વીંછી જેવા ઝેરીલા જીવો પગમાં ડંખ મારે તે નક્કી ન હતું. ચારેકોર ખતરો મંડરાયેલો હતો તેથી ઘુંટણ સુધીના બુટ પહેરવા જરૂરી હતી.

સૌના હાથમાં એ.કે.56 મશીનગન હતી. સૌથી આગળ ચાલતા પ્રલયના હાથમાં લેઝરનો આછો પ્રકાશ વેરતી ટોર્ચ હતી જે જરૂર પડતાં જ ઉપયોગ કરતો હતો. તેની સાથે દિનતાંગ રસ્તો બતાવતો ચાલતો હતો. સૌ તેઓની પાછળ મકકમ પગલે આગળ વધતા હતા. વરસાદ અને કાદવ કિચડ ભર્યો રસ્તો ખરેખર એક-એક ઇંચ પર ખતરો મંડરાયેલો હતો.

"સર...! આપણે ક્યાં જઇ રહ્યાં છીએ તેની ખબર પડતી નથી અને..." કદમની વાત અધૂરી રહી ગઇ.

"સસસસ... ચૂપ..." એકદમ ધીમા અવાજ સાથે મેજર સોમદત્ત બોલ્યા. સૌ એકદમ ખામોશ થઇ પોતાની જગ્યાએ જરાય હલનચલન કર્યા વગર ઊભા રહ્યા. પ્રલયે પોતાના હાથમાંની લેઝર લાઇટ બંધ કરી દીધી.

"તમે સૌ અહીં જ ઊભા રહેજો. હું હમણાં જ આવું છું..." જવાબની વાટ જોયા વગર મેજર

સોમદત્ત નીચે બેસી ગયા અને પછી વૃક્ષોના ઝૂડમાં ઘુસી ગયા. તેઓ જે જગ્યાએ હતા ત્યાંથી થોડે દૂર ખડખડ કરતી ટબાંગ સિયાંગ નદી ફુલ જોશમાં વહેતી હતી. તેના પર એક મોટો લાકડાનો પુલ બનાવેલો હતો અને તે પુલ પર કેટલાય સૈનિકો ભરી રાઇફલો સાથે પહેરો દઇ રહ્યાં હતાં. જે મેજર સોમદત્તની નજરે ચડતા તેઓએ સૌને તે જ જગ્યાએ થોભવાનું કહી, પોતે પુલ તરફ આગળ લાગ્યાં.

સરસ્વતી પર્વતના ખોળામાં નાચતી-ખેલતી નીકળતી ડિબાંગ સિયાંગ નદીમાં વરસાદને લીધે અત્યારે ઘોડાપુર આવેલા હતા. ધુમ્મમ... જોરદાર અવાજ સાથે તેના ઉછળતા પાણી એકદમ પુલને સ્પર્શતા-સ્પર્શતા આગળ વધી રહ્યાં હતાં.

નદીના પાણીના અવાજ સિવાય ત્યાં ખોફનાક સન્નાટો ફેલાયેલો હતો. હજુ વરસાદ પૂરઝડપે વરસી રહ્યો હતો.

જમીન પર મગરમચ્છની જેમ ચારે પગે સરકતા મેજર સોમદત્ત કિચડમાં રહીને આગળ વધતા હતા. અત્યારે તેઓ પૂરા કિચડમાં ગરકાવ થયેલા હતા. ફક્ત તેનું માથું જ બહાર દેખાતું હતું.

સરકતા-સરકતા તેઓ પુલ તરફ આગળ વધી રહ્યાં હતાં. પુલ પર ચોકી કરતાં સિપાઇઓ તેનાથી એકદમ અજાણ હતા.

પુલની એકદમ નજદીક પહોંચી મેજર સોમદત્ત ત્યાં જ ચીપકી રહી પુલ પર નિરીક્ષણ કરવા લાગ્યા.

થોડી-થોડી વારે થતાં વીજળીના પ્રકાશમાં પુલનુ દ્દશ્ય દેખાતું અને પછી ઘેરા અંધકારમાં ઓગળી જતુ હતું. મેજર સોમદત્તે જોયું તો પુલની તેની તરફ બે સિપાઇઓ હાથમાં રાઇફલો લઇને ઊભા હતા અને સામે છેડે પણ બે સિપાઇઓ ઊભા હતા. પુલની વચ્ચેના ભાગમાં એક લાકડાની કેબિન બનેલી દેખાતી હતી અને કેબિનના અંદરની આછો પ્રકાશ લાકડાની ધારોમાંથી બહાર દેખાતો હતો.

સામે જ બે સિપાઇઓ રાઇફલ લઇને ઊભા હતા અને તે આગળ વધે કે તરત વીજળીના થતા પ્રકાશમાં ચોક્કસ નજરે ચડી જાય તેમ હતા.

"હવે શું કરવું...?" મેજર સોમદત્ત વિચારમાં પડી ગયા. પણ પછી થોડી જ ક્ષણોમાં તેઓએ એક ખતરનાક નિર્ણય લઇ લીધો.

સિપાઇઓની સામે થઇને જવું એટલે મોતના મોંમાં માથું મૂકવા જેવું હતુ. મેજર સોમદત્ત કાદવમાં સરકતા પુલની એક તરફ આગળ વધ્યાં.

નદીનું પાણી એકદમ ઘુઘવાટ સાથે ધસમસી રહ્યું હતું. મેજર સોમદત્તે નક્કી કર્યું કે પાણીમાં ઘુસી જઇ પુલના વચ્ચેના ભાગમાં નીકળી ત્યાં બનેલી કેબિનમાં પહોંચી જવું. પણ તેઓ તે વિચાર એકદમ ખતરનાક હતું. પાણીના વહેણ એટલા ઝડપી હતા કે પાણીમાં પડી પુલની વચ્ચે જો તેઓ નીકળી ન શકે તો નદીના પાણીમાં જ વહી જાય.

મેજર સોમદત્તનો નિર્ણય આખરી હતો. એટલે મનને મક્કમ કરી એકાગ્રતા સાથે તેઓ કાદવમાં સરકતા નદીના વહેણ તરફ આગળ વધવા લાગ્યા.

પાણીના ધોધનો ઘુઘવાટ ખામોશ વાતાવરણમાં જોરદાર ધ્વનિ ઉત્પન્ન કરતો હતો. તેના ભીષણ અવાજ અને મેઘલી વરસતી કાળઝાળ અંધારી રાત ભલભલા મર્દના છાતીના

પાટિયાને તોડી નાંખે તેમ હતા.

નદીના પુરપાટ વહેતા પાણીની એકદમ નજદીક પહોંચી મેજર સોમદત્ત પાણીની અંદર સરકી ગયા. બીજી જ ક્ષણે શોર મચાવતા પાણીના ધોધ સાથે તેનો દેહ ગુલાંટિયા ખાતો વધવા લાગ્યો. મેજર સોમદત્ત પોતાના દેહનું સમતોલન રાખવા અથાગ પ્રયાસ કરવા લાગ્યા, પણ પાણીનો વેગ એટલો બધો જોરદાર હતો કે તેને સફળતા મળતી ન હતી. ધીમે-ધીમે પાણીમાં તણાતો તેનો દેહ પુલની તરફ આગળ ધસી ગયો.

પાણીના ભયાનક શોર સિવાય કશું જ સંભળાતુ ન હતું. ક્ષણ માટે મેજર સોમદત્તનું મગજ સૂન થઇ ગયું. પણ પછીની બીજી જ ક્ષણે તેઓએ પોતાના મગજ પર કંટ્રોલ મેળવી લીધો.

પાણી સાથે ઉછળતો દેહ પુલની આગળ વધતો હતો. દેહને સ્થિર કરવા મેજર સોમદત્ત અથાગ પ્રયત્ન કરતા હતા. જો પુલની નીચેથી તેનો દેહ પસાર થઇને આગળ વધી ગયો તો પછી તેઓ પોતાનું રક્ષણ ક્યારેય કરી શકે તેમ ન હતા.

મેજર સોમદત્ત દાંત ભીંસ્યા. એક ઊંડો શ્વાસ લીધો અને પછી વહેતા પાણીમાં ગુલાંટ મારી તેનો દેહ લગભગ પુલની નજદીક પહોંચી ગયો હતો. પુલ અને મેજર સોમદત્ત વચ્ચે માત્ર એક જ ઇંચનું અંતર હતું. અચાનક ઉછળતા પાણી સાથે મેજર સોમદત્તનો દેહ પણ ઉપર ઉઠ્યો અને બીજી જ ક્ષણે મેજર સોમદત્તના જમણાં હાથનો પંજો પુલના લોખંડના સળીયામાં એકદમ સખતાઇ સાથે ચોંટી ગયો. મેજર સોમદત્તનો દેહ પાણીના વેગ સાથે આગળ ઢસડાયો અને ત્રાંસો થઇ પંજાના સહારે પુલની નીચે લટકી રહ્યો.

એક હાથના બળ પર લટકતા હાથે મેજર સોમદત્તે શરીરને બેલેન્સ રાખવાની કોશિશ કરતા હતા તો ધસમસતા પાણીના વહેણ તેને ઢસડી જવાની સતત કોશિશ કરતા હતા.

મેજર સોમદત્તે પોતાનો બીજો હાથ તે લોખંડના એંગલને પકડવાની કોશિશ કરતા હતા. પણ પાણીનો વેગ તેને તેમ કરવા દેતો ન હતો.

એક હાથના પંજા પર દેહની સાથે પાણીના વહેણનો સતત મારો આવતો હતો અને હાથમાંથી સળીયો છુટતાં-છુટતાં રહી જતો હતો.

મેજર સોમદત્તે દાંતને ભીંસ્યા. બાદ ઊંડો શ્વાસ લઇને રોક્યો અને પછી દુખતા હાથના પંજાને ધ્યાન આપ્ય વગર તેઓ હાથને ઉપર ઉઠાવવા લાગ્યા. ખૂબ જ મહેનત અને મુશ્કેલીઓ સામનો કરી તેઓ બીજા હાથથી સળીયાને પકડવા મથતા હતા.

અચાનક પાણીમાં વેગ આવ્યો અને ફરીથી તેઓને બીજો હાથ સળીયાથી દૂર થઇ ગયો. હવે તેનો સળીયો પકડેલો હાથ એકદમ કળજાઇ ગયો હતો અને સખ્ત દુખતો હતો. હવે બે-ચાર ક્ષણોમાં બીજા હાથમાં સળીયો નહીં આવે તો જે હાથમાં સળીયો પકડેલો હતો તે પણ છુટી જાય અને પોતે વહેણમાં તણાતા આગળ નીકળી જશે, વિચારી મેજર સોમદત્ત પકડેલા હાથને કોણીમાંથી વાળવા લાગ્યા. 'જય મા ભવાની' તેના મોંમાંથી માતાજીના નામનો પોકાર નીકળ્યો અને જાણે મા સમરથ ભવાની તેઓની મદદે આવ્યા હોય તેમ તેનો સળીયો પકડેલો હાથ વળી ગયો અને તેથી તેઓનો દેહ ઉપર ઊંચકાયો, અને પછી ક્ષણનો પણ વિલંબ કર્યા વગર મેજર સોમદત્તે બીજા હાથને મજબૂતાઇથી સળીયા પર જકડી દીધો. હવે તેઓનો દેહ બંને હાથના સહારે પાણીમાં લટકતો હતો. તેઓ લટકતા લટકતા ઠંડા શ્વાસ લેવા લાગ્યા.

થોડી પળો બાદ બંને હાથની તાકાત વડે તેઓએ પોતાના શરીરને ઉપર ઉઠાવ્યુ અને પછી તેનો

એક હાથ પુલની કિનારીના છેડા પર મજબૂતાઇ સાથે જકડાઇ ગયો. ત્યારબાદ ફરીથી શરીરને હાથની તાકાત વડે ઊંચું કરી બીજો હાથ પણ પુલની કિનારી પર જકડી દીધો. ત્યારબાદ તેઓ ધીરે-ધીરે પુલની રેલીંગ પકડી પુલની વચ્ચે બનેલી કેબિનના પાછળના ભાગમાં સરકી ગયા.

પાણીના જોરદાર ઘુઘવાટનો અવાજ જાણે કેટલાય પ્રેતો એકઠા થઇ ચીસો પાડી રહ્યાં હોય તેવો આવતો હતો.

મજેર સોમદત્તે ધીમે-ધીમે સરકતા કેબિનમાં બનેલી નાની બારી પાસે આવ્યા, અને પછી ડોક લંબાવી કેબિનની અંદર નજર કરી.

કેબિનની અંદર ત્રણ સિપાઇઓ બેઠા હતા અને તાસ ખેલી રહ્યાં હતા. તાસ ખેલતાં-ખેલતાં તેઓ શરાબના ઘુંટ ભરતા હતા. રમવામાં તેઓ એવા તલ્લીન હતા કે પુલ પર શું થઇ રહ્યું છે તેની પણ તેઓને દરકાર ન હતી. સામે પુલના બંને છેડા પર સિપાઇઓ તૈનાત હોવાથી તેઓ એકદમ નિર્ભય હતા.

લાકડાની તે કેબિનની દીવાલને ચીપકી મેજર સોમદત્ત ધીરે-ધીરે આગળની તરફ સરકી રહ્યાં હતા. અને પછી તેઓ કેબિનના દરવાજા પાસે આવી એકદમ સાવધાની સાથે ઊભા રહી ક્યાંય કોઇ હિલચાલ થતી નથી... તે શાંતિથી જોઇ રહ્યાં. ત્યારબાદ તેનો હાથ પોતાના ખિસ્સામાં સરક્યો. જ્યારે બહાર આવ્યો ત્યારે તેના હાથમાં રિવોલ્વર ચમકતી હતી.

તેઓના ચહેરાની ર્દઢતા જોઇ તેઓ કોઇ ખતરનાક વિચાર કરી રહ્યાં હોય તેવું દેખાતું હતું.

એક ઊંડો શ્વાસ લીધા પછી મેજર સોમદત્તે બુટ વડે દરવાજાને અંદરની તરફ ધીમેથી ધક્કો માર્યો. દરવાજો ફાઇબરનો બનેલો હોવાથી જરાય અવાજ કર્યા વગર ખુલી ગયો અને પછી મેજર સોમદત્ત સખ્ત ચહેરા સાથે દરવાજાની વચ્ચે ઊભા રહ્યાં. આછા પ્રકાશમાં તેઓનો ખૂનસ ભરેલો સખ્ત ચહેરો ખતરનાક લાગી રહ્યો હતો. તેઓના ચહેરા અને કપડાં પરથી હજુ પાણી નીતરી રહ્યું હતું.

કાળઝાળ ખોફભર્યા ચહેરા સાથે મોતના દૂત સમા ઊભેલા મેજર સોમદત્તને જોઇ ત્રણે સિપાઇ જાણે અચાનક ભોરીંગ નાગ ડંખ દઇ ગયો હોય તેમ ચમક્યા અને સ્તબ્ધ થઇ ગયા. તાસના પત્તા ખોલતાં હાથ એમને એમ રોકાઇ ગયા. એક સિપાઇ અચાનક જાણે સુનમુનમાંથી બહાર આવ્યો હોય તેમ ઝબક્યો અને પછી તેના હાથ થોડે દૂર દીવાલના ટેકે પડેલી રાઇફલ તરફ આગળ વધ્યા.

ફિસ...ના એકદમ ધીમા અવાજે સાથે મેજર સોમદત્તની રિવોલ્વરમાંથી ગોળી છૂટી અને રાઇફલ પકડવા આગળ વધેલા હાથના ફુરચા ઉડી ગયા.

પાણીના ઘુઘવાટમાં તેની ચીસનો અવાજ શમી ગયો.

"હું પૂછું તેનો સાચો જવાબ આપજો, નહીંતર મારા હાથમાંની રિવોલ્વર તમને હંમેશને માટે શાંત કરી દેશે." કડક શબ્દોમાં બોલતાં મેજર સોમદત્તે કઠોર નજરે સિપાઇઓ સામે જોયું.

"પ... પ... પૂછો શું પૂછવા માંગો છો...?" ગભરાયેલો એક સૈનિક ધ્રુજતા અવાજે બોલી ઉઠ્યો.

"ઇન્ડિયન આર્મીના મેજરને અહીંથી પસાર થઇ આગળ જતા જોયા છે...?" મેજર સોમદત્તના અવાજમાં કઠોરતા હતી.

"અ... અમારી નાઇટ ડ્યુટી છે. રાત્રિના નવ વાગ્યા પછી અહીંથી કોઇ જ પસાર થયું નથી. પણ હા... દિવસમાં અહીં ચોકી પર રહેલા સિપાઇઓ દારૂ પીને નશામાં અર્ધબેહોશ ભરી હાલતમાં મળી આવ્યા હતા."

મેજર સોમદત્ત સમજી ગયા કે પુલ પરના સિપાઇઓની આવી હાલત કરવા માટે મેજર કતારસિંગ અને તેની ટીમનો જ હાથ હશે.

"અત્યારે અહીં આસપાસ કેટલા સિપાઇઓ ચોકીપહેરો પર હાજર છે...?" તે ગભરાયેલા સિપાઇના કપાળ પર પોતાની રિવોલ્વર તાકી મેજર સોમદત્તે પૂછ્યું.

"અમે ત્રણ સિવાય પુલના બંને છેડે બે-બે સિપાઇઓ છે."

"હું પુલનું નથી પૂછતો બેવકૂફ... હું તારા પુલની આસપાસની ચોકીઓની વાત કરું છું. સાચો જવાબ આપજે નહીંતર તું તો ગયો જહન્નમમાં."

"અમારા સિવાય અહીંથી એક કિલોમીટરના અંતરે ચોકી આવેલી છે. અને ત્યાં લશ્કરનો પડાવ છે, ચોકીની આસપાસ..." તેના શબ્દ અધૂરા રહી ગયા.

"હરામખોર... તું આપણી સિક્રેટ બાતમી અજાણ્યા શખ્સને આપે છે... અને તે પણ આપણા દુશ્મનને..." ત્યાં ઊભેલા ત્રણ સિપાઇઓમાંથી એક જણ ચીલ્લાયો. તે ગુસ્સા સાથે મેજર સોમદત્તની સામે જોઇ રહ્યો.

મેજર સોમદત્તે તીખી નજરે તેની તરફ જોયું અને પછી રિવોલ્વરવાળો તેનો હાથ ઘુમ્યો.

ફ્સિ...અવાજ સાથે ગોળી છૂટી અને તીવ્ર ઝડપે આગના લિસોટા વેરતી ગોળી તે સિપાઇના છાતીમાં ઘુસી ગઇ.

તે સિપાઇ ચીસ પાડતો છાતી પર હાથ મૂકી નીચે પટકાયો. બે-ચાર ક્ષણ તડફડ્યો અને પછી તેનો દેહ શાંત થઇ ગયો.

પણ તેની ચીસનો અવાજ પાણીના ઘુઘવાટમાં પુલ પર ગુંજી ઉઠી.

અને પછી અચાનક ટપ... ટપ... ટપ... પુલ પર ચાલવાનો અવાજ આવવા લાગ્યો. કોઇ પુલ પરથી તે કેબિન તરફ આવી રહ્યું હતું.

ઠંડા પાણીમાં પલળેલા હોવા છતાં મેજર સોમદત્તના કઠોર ચહેરા પર પરસેવાનું બુંદ ટપકી રહ્યાં હતા.

દાંત કચકચાવી મેજર સોમદત્તે દાંત ભીંસ્યા અને પછી પોતાની રિવોલ્વરના ટ્રીગર પર ઝડપથી બે વખત આંગળી દબાઇ... "હવે સમય બગાડવો પાલવે તેમ નથી." વિચારી મેજર સોમદત્તે બાકીના બંને સિપાઇની છાતીમાં ગોળી ધરબી દીધી.

બંને સિપાઇના ચહેરા પર ક્ષણ માટે આશ્ચર્યના ભાવ ફેલાયા જે બીજી જ ક્ષણે ગોળી લાગ્યાની પીડાઓ ચહેરા તરડાઇ ગયા અને ચીસ પાડતાં બને નીચે પટકાયા. તેઓ પણ તેના સાથીની પાછળ બીજી ટ્રેન પકડી ઉપર જવા માટે ખુદાગંજ એક્સપ્રેસમાં રવાના થઇ ગયા.

'ટપ... ટપ... ટપ...'નો નિરંતર આવતો અવાજ કેબિનની નજદીક આવી રહ્યો હતો. મેજર સોમદત્ત હવે તેના અંદર આવવાનો ઇંતજાર કરી રહ્યાં હતાં.

એકાએક કેબિનના આથા અંધકારમાં સિપાઇનો ચહેરો ડોકાયો અને તે પૂરો અંદર આવી ગયો. અંદર સ્થિત પોતાના સાથીઓની લોહી ખરડાયેલી લાશો જોઇ તે ક્ષમ માટે સ્તબ્ધ થઇ ગયો તેના પગ આગળ વધતા અટકી ગયા. હબો-બકો થઇ તે ડોળા તાણી-તાણી લાશોને જોઇ રહ્યો હતો.

એ જ સમય હતો. તેના પર કાબુ મેળવવાનો.

મેજર સોમદત્ત ફર્શની છત પરથી જમ્પ મારી કુધા. બીજી જ ક્ષણે તેનો દેહ તે સિપાઇની ઉપર આવીને પડ્યો. પડતાં મેજર સોમદત્તે પોતાના જમણા હાથ વડે તેની ગરદન પર નાગચુંડની જેમ ભીંસમાં લઇ લીધી.

તે સિપાઇ મેજર સોમદત્તનો ભાર ન ઝીલી શકતા ઊંધા મોંએ નીચે પટકાયો.

તે ચીસ પાડવા જાય તે પહેલા મેજર સોમદત્તના ડાબા હાથમાં પકડેલી રિવોલ્વરની નાળ તેના કપાળ પર સ્પર્શ કરતી સ્થિર થઇ અને બીજી ક્ષણે રિવોલ્વરનો ગોળો દબાયો.

ફિસ...ના અવાજ સાથે રિવોલ્વરમાંથી નીકળેલી ગોળી તે સિપાઇના ભેજામાં સમાઇ ગઇ. મેજર સોમદત્તનના બીજા હાથનો ભરડો તેની ગરદન પર સખ્ત રીતે હોવાથી તેના મોંમાંથી ચીસ પણ ન નીકળી. તે સિપાઇ મેજર સોમદત્તના હાથમાં બે-ચાર ક્ષણો માટે તરફડ્યો. બીજી ક્ષણે તેની ગરદન નમી ગઇ અને આંખોમાંની રોશની બુઝાઇ ગઇ. તેનું ધબકતું હૃદય બંધ પડી ગયું.

મેજર સોમદત્તે તેના દેહને નીચેની ફર્શ પર પડતો મૂક્યો પછી કેબિનની બહાર ગરદન ઘુમાવી બંને છેડે નજર કરી પણ પુલ પર એકદમ સન્નાટો પ્રસરેલો હતો. ક્યાંય કોઇ જ હિલચાલ ન હતી.

મેજર સોમદત્તે ધીરે ધીરે બહાર આવ્યા અને પછી સાવચેતીપૂર્વક નજર ઘુમાવતા-ઘુમાવતા કેબિનમાં પડેલી લાશોને બહાર ખેંચી કાઢી. ત્યારબાદ ઢસેડીને પુલની ધાર પાસે લાવી સિપાઇઓની લાશોને પાણીમાં પધરાવી દીધી. ત્યારબાદ તેઓ પુલ પર ચત્તા થઇને સૂઇ ગયા અને પછી છીપકલીની જેમ દીવાલ પર ચોંટીને ચાલે તેમ પુલ પર સરકતા તેઓ પુલના આગળના છેડા તરફ આગળ વધ્યા. તેઓના હાથમાં પકડેલી રિવોલ્વર ગમે ત્યારે આગ ઓકવા માટે તૈયાર હતી.

સરકતા સરકતા મેજર સોમદત્ત પુલના છેવાડે ઉભેલા બંને સિપાઇની એકદમ નજીક પહોંચી ગયા. પુલ પર ઓછો ઉજાસ ફેલાયેલો હતો પણ તે ઉજાસ પુલના ફર્શ પર પડતો ન હતો. જે મેજર સોમદત્તને માટે લાભકારી હતું.

ધીમે ધીમે મેજર સોમદત્ત પોતાનું શરીર સંકોરીને બેઠા થતા હતા, પણ તેઓની નજર સતત બે સિપાઇઓ તરફ હતી.

બેઠા થયા પછી ધીરેથી તેઓ ◌ીને બેઠા થતા હતા, પણ તેઓની નજર સતત બે સિપાઇઓ તરફ હતી.

બેઠા થયા પછી ધીરેથી તેઓ ઊભા થઇ ગયા.

ત્યાં ઊભેલા સિપાઇઓમાંથી એકને પોતાની પાછળ થતી હિલચાલનો આભાસ થયો. સિપાઇએ ગરદન ઘુમાવી પાછળ જોયું.

તે જ વખતે મેજર સોમદત્તે છલાંગ મારી. તેના બંને હાથના પંજામાં તે બે સિપાઇની ગરદન

સપડાઇ ગઇ.

બીજા સિપાઇને તો ખ્યાલ પણ ન આવ્યો કે અચાનક શું થઇ ગયું ? પણ પેલા સિપાઇને ખબર પડી ગઇ હતી કે કોઇ દુશ્મન તેના પાછળથી વાર કરે છે.

ગરદન ભાંગી જાય તે પહેલાં સિપાઇએ હાથમાંની રાઇફલ ઘુમાવી પાછળ ઊભેલા શખ્સના માથામાં ફટકારી દીધી.

મેજર સોમદત્તનું માથું પીડાથી ધણધણી ઉઠ્યું. માથામાં રાઇફલનો બટ લાગતા તે જગ્યાએથી લોહી ફૂટી નીકળ્યું.

ફટકાનો ઘા એટલો સખત હતો કે મેજર સોમદત્ત સિવાય બીજો કોઇ હોત તો ચોક્કસ ચક્કર ખાઇને નીચે પડ્યો હોત. ક્ષણ માટે મેજર સોમદત્તની આંખોમાં ચારે તરફનું દૃશ્ય ઘુમવા લાગ્યું. પણ બીજી જ ક્ષણે તેઓએ પોતાના મગજ પર ગુમાવેલો કંટ્રોલ પાછો લઇ લીધો અને પછી બંને હાથના પંજાને શરીરના પૂરા જોશ સાથે દબાવતાં બંને સિપાઇઓને હાથના જોર પર ઊંચકી લીધા.

સિપાઇઓની પગ નીચેની ધરતી સરકી ગઇ. બંને હવામાં અધ્ધર લટકતાં લટકતાં પોતાના રુંધાતા શ્વાસને કંટ્રોલ કરવા લાગ્યા.

હા...આ...આ...આ... મેજર સોમદત્તના મોમાંથી જંગલના સિંહ જેવો ઘુરકાટનો અવાજ નીકળ્યો અને પછી બંને હાથના પંજા પર લટકતા તે બે સિપાઇઓને પોતાના બળ સાથે એકદમ ગોળ ગોળ ઘુમાવવા લાગ્યા અને પછી પૂરી તાકાત સાથે દબાંગ સિયાંગના પૂરજોશથી વહેતા પાણીમાં ઘા કરી દીધી. બંનેની ચીસોના અવાજ પાણીના ઘુઘવાટમાં સમાઇ ગયા.

બંને સિપાઇએ દબાંગ સિયાંગના વહેતા પાણીમાં ઘા કરી મેજર સોમદત્ત કાંઇપણ વિચારે તે પહેલાં આકાશમા વીજળીના ચમકારા થયા. ક્ષણના ઉજાસમાં પુલના છેવાડે ઊભેલા સિપાઇની નજરે મેજર સોમદત્ત ચડી ગયાં.

ધુડડડ...ધડામ...આકાશમાં જોરદાર કડાકો થયો. તેની સાથે જ તે સિપાઇએ જોરથી રાડ નાખી.

"હું...એ...એ..." ચીસ નાખતા સિપાઇએ મેજર સોમદત્ત સામે રાઇફલ તાકી અને પછી જોરદાર ધમાકાઓ સાથે આગ ઓકાતી કેટલીય ગોળીઓ મેજર સોમદત્તને મારવા ધસી આવી.

મેજર સોમદત્ત ક્ષણનો પણ વિલંબ કર્યા વગર પુલ પર છલાંગ મારી ચત્તા સૂઇ ગયા. સુતા સુતા જ તેમણે પોતાની રિવોલ્વરને ખિસ્સામાંથી ઝડપથી કાઢી અને પછી સામે પ્રહાર કર્યો.

જરા પણ અવાજ કર્યા વગર છુટેલી ગોળીને સિપાઇના માથા પરના વાળને સ્પર્શ કરતી આગળ નીકળી ગઇ, અને બીજી ક્ષણે તે સિપાઇની રાઇફલ ફરીથી ધણધણી ઊઠી.

વાતાવરણમાં આગના ચમકારા સાથે ગોળીઓના ધમાકાના અવાજ ગુંજી ઉઠ્યા.

નીચે સૂતેલા મેજર સોમદત્તને ગરદન ફેરવીને તે સિપાઇની દિશા તરફ નજર ફેરવી અને પછી છીપકલીની જેમ સરકતા સરકતા પુલના ફર્શ પર તે સિપાઇ તરફ આગળ સરકવા લાગ્યા.

ધાંય...ધાંય...ધડામ...ફરીથી કેટલીય ગોળીઓ છુટીને મેજર સોમદત્ત પરથી પસાર થઇ ગઇ.

વળતા જવામાં મેજર સોમદત્તે પણ ગોળીઓ છોડી. ત્યારબાદ ત્યાં ફરીથી સન્નાટો છવાઇ ગયો. ગાઢ અંધકારમાં કશું જ દેખાતું ન હતું. મેજર સોમદત્ત એકદમ સાવધાની સાથે ઊભેલા સિપાઇ તરફ આગળ સરકવા લાગ્યા.

ટપ...ટપ...ટપ...તે સિપાઇનો દોડવાનો અવાજ પુલ પર ગુંજી ઉઠ્યો. તે દોડતો મોતની પરવા કર્યા વગર મેજર સોમદત્ત તરફ ધસી આવ્યો હતો.

ગાઢ અંધકારમાં મેજર સોમદત્તે આંખો તાણી તાણીને તે દિશામાં જોયું પણ ટપ...ટપ...ટપ...ના અવાજ સિવાય અંધકારમાં કશું જ દેખાતું ન હતું.

ધાંય...ધાંય...ધાંય...ફરીથી મેજર સોમદત્ત જ્યાં ઊભા હતાં તે તરફ ગોળીઓ છૂટી.

મેજર સોમદત્તે દાંત કચકચાવી જડબાં ભીંસ્યા અને પછી પુલની કિનારી તરફ સરકી ગયાં.

તે ક્ષણ પછી બીજી જ ક્ષણે પગલાનો અવાજ એકદમ નજીક આવ્યો.

ટપ...ટપ...ટપ...નો અવાજ થોડીવાર પહેલા તેઓ સૂતા હતા ત્યાં આવ્યો. તે સિપાઇ તો જ્યાં થોડી વાર પહેલા સૂતા હતા ત્યાંથી આગળ નીકળી ગયો.

ચપળ ચિત્તાની જેમ છલાંગ મારતા મેજર સોમદત્ત જમ્પ મારી ઊભા થયા અને બીજી જ ક્ષણે દોડતા અવાજની દિશામાં જમ્પ મારી.

ધડામ...તેઓ તે સિપાઇની પીઠ સાથે અથડાયાં. તે સિપાઇ તેના વજનથી નમીને આગળ નીકળ્યો, અને બીજી જ ક્ષણે મેજર સોમદત્તે વીજળીના ઝબકારામાં તે સૈનિકને જોયો અને ફરીથી તેના પર છલાંગ લગાવી પાછળથી પકડી લીધો. સૈનિક ધડામ દેતા ઉછળીને આગળ પડ્યો. મેજર સોમદત્ત તેની પીઠ પર ઘોની જેમ ચોંટી ગયાં.

બીજી વખત છલાંગ મારતી વખતે મેજર સોમદત્તના હાથમાં પકડાયેલી રિવોલ્વર નીચે ફર્શ પર પડી ગઇ. રિવોલ્વરની પરવા કર્યા વગર મેજર સોમદત્તે પાછળથી તે સૈનિકની ગરદન દબાવવાનું શરૂ કર્યું. તે સૈનિક પણ તાકાતવાર હતો. તેણે બંને હાથને પાછળ પાડીને મેજર સોમદત્તના માથાના વાળ પકડી લીધા અને પછી એકદમ ઝાટકા સાથે ખેંચવાનું શરૂ કર્યું.

મેજર સોમદત્તને લાગ્યું કે તેના વાળ જડમૂળમાંથી ઉખડી જશે. પણ તેઓ પીડાની પરવા કર્યા વગર પોતાનું ધ્યાન તે સૈનિકની ગરદનને દબાવવામાં લગાડ્યું.

તે સૈનિક તાકાતવર નીકળ્યો. તેણે પૂરા બળ સાથે મેજર સોમદત્તને આગળની તરફ ઝુકાવી દીધા અને પછી તાકાત સાથે જોરથી આંચકો માર્યો. મેજર સોમદત્ત તેના આગળની તરફ ગબડી ગયા. તેના હાથમાંથી સૈનિકના ગરદનની પકડ છુટી ગઇ.

જેવા મેજર સોમદત્ત આગળ ગબડી પડ્યા કે સિપાઇ છલાંગ મારતા તેના ઉપર જમ્પ મારી. ત્યારબાદ મેજર સોમદત્તની ગરદન તેના લોખંડી હાથના પંજામાં સપડાઇ ગઇ. તે મેજર સોમદત્તની છાતી પર ચડી બેઠો.

ક્ષણ માટે મેજર સોમદત્તને લાગ્યું કે તેની ગરદનના હાડકાં તૂટી જશે, પણ પછી મેજર સોમદત્ત તે સિપાઇ તેની ગરદન તોડી નાખે તે પહેલા તેના પર ચડી બેઠેલા સિપાઇને ઉપરથી ઉથલાવવા માટે બંને પગને ઊંચા કરી વાળ્યા અને પગના પંજાને વાળી તેની ગરદનમાં ફસાવવાની કોશિશ શરૂ કરી. પણ તેની પગની પકડમાં તેની ગરદન આવતી ન હતી.

એક તો એંસી કિલોનો તે સિપાઇનો તેમની છાતી પર પડેલ વજન અને બીજી તરફ તેના લોખંડી પંજામાં પકડાયેલી તેની ગરદન જે કોઇપણ ક્ષણે તૂટી પડે તેમ હતી અને મેજર સોમદત્તના શ્વાસની દોરી તૂટી જાય તેમ હતી.

હવે મેજર સોમદત્ત મરણીયા બન્યાં. બે-ચાર ક્ષણોનો ખેલ હતો. જો પોતે તે સિપાઇની ગરદન પગ વડે પકડી ન શકે તો બે-ચાર ક્ષણોમાં જ તેઓનો શ્વાસ રુંધાઇ જવાનો હતો.

મેજર સોમદત્તે પોતાનું પૂરું ધ્યાન તે સિપાઇની ગરદન પર એકત્રિત કર્યું અને પછી ફરીથી પગને વાળી તેની ગરદનમાં ફસાવવાની ભરપૂર કોશિશ કરી અને નાગચુડની જેમ તેના બંને પગની આંટી સિપાઇની ગરદનમાં ફસાઇ ગઇ. પૂરું બળ વાપરી મેજર સોમદત્તે ઝાટકો આપ્યો તે સાથે તેના પર સવાર થયેલ સિપાઇ પાછળના ભાગમાં ઉથલી પડ્યો.

સિપાઇ જોરજોરથી ચીસો નાખતો હતો. પણ ત્યાં ચીસો સાંભળનાર કોઇ જ ન હતું.

અચાનક મેજર સોમદત્ત નીચે નમ્યા. અને પછી તેના હાથ સિપાઇના વાળમાં જકડાઇ ગયા. બીજી જ પળે મેજર સોમદત્તે હાથની તાકાત વડે પહેલવાન સિપાઇને ઊંચો ઉઠાવી લીધો. જે તેની અસીમ તાકાતનો પરિચય હતો.

ઊંચા ઉઠાવેલા સિપાઇના મોંમાંથી ચીસો નીકળી રહી હતી. તે પોતાના માથાના વાળ છોડાવવા ધમપછાડા કરતો હતો. ત્યારબાદ મેજર સોમદત્તે તેના માથાના વાળ વડે જ તે સિપાઇને ગોળ ગોળ ફેરવવાનું શરૂ કર્યું. સિપાઇનું શરીર મેજર સોમદત્તના હાથમાં પકડાયેલા માથાના વાળના સહારે હવામાં અધ્ધર તરતું ગોળ ગોળ ફરવા લાગ્યું અને પછી મેજર સોમદત્તે તેના પકડેલા માથાના વાળને છોડી દીધા. સિપાઇનો હવામાં અધ્ધર તરતો દેહ તે પુલને પાર કરી આગળ નીકળી ગયો અને જોશભેર વહેતા દબાંગ સિયાંગ નદીના પાણીમાં કેટલીય ઊંચાઇએથી પછડાયો અને પાણીમાં ગરકાવ થઇ ગયો. એક વખત તે સિપાઇનો દેહ પાણી પર આવ્યો. પછી ગાંડીતુર બનેલી દબાંગ સિયાંગ નદીના પુરમાં તણાઇ ગયો.

મેજર સોમદત્ત પુલ પર ઊભા ઊભા પોતાના શ્વાસને કાબૂમાં લેવાનો પ્રયત્ન કરતા હતા. પછી તેઓએ નીચા નમી પોતાની રિવોલ્વર શોધી કાઢી. ત્યારબાદ પુલ પરથી પોતાના સાથીઓ તરફ જવા આગળ વધી ગયાં.

જે સ્થળે પોતાની સાથીઓ છુપાયા હતા ત્યાં પહોંચી મેજર સોમદત્તે ભૈરવ પક્ષીની ચીસની કિલકિલાટી જેવો અવાજ કાઢ્યો કે તરત બીજી જ પળે તેઓની પાસે પ્રલય, આદિત્ય, કદમ અને વિજયસિંહા પહોંચી આવ્યા.

"રસ્તો સાફ છે, ચાલો આગળ...આપણી પાસે સમય એકદમ ઓછો છે..." એટલું કહેતાં જ તેઓ પુલ તરફ આગળ વધી ગયા.

Chapter 6

ચેકપોસ્ટ નષ્ટ

પુલ પસાર કરી તેઓ વિના વિઘ્ને આગળ વધી ગયા. અંધારી મેઘલી રાતના કાળા ડિંબાગ અંધકાર સાથે તેઓના પહેરેલા કાળા કપડાં ભળી જતાં હોવાથી તેઓ કોઇની નજરે ચડે તેમ ન હતા. છતાં પણ દુશ્મનોથી તેઓ ચારે તરફ ઘેરાયેલા હતા. એકદમ સાવચેતીપૂર્વક આગળ

પગલા ભરતા હતા. પુલ પસાર કરી થોડા આગળ વધ્યા અને ગાઢ જંગલ શરૂ થઇ ગયું. ગીચ જંગલ અને મેઘલી રાત સાથે સન્નાટાભર્યું વાતાવરણ ખોફ પેદા કરતું હતું.

"સર...! અત્યારે આપણે તિબેટની બોર્ડરની અંદર ઘુસી ગયા છીએ અને હવે આપ મેસેજ પાસ કરી નાખો." ધીમા અવાજે વિજયસિંહા બોલ્યા.

"વિજયસિંહા...આગળ હજુ ચાઇનાની ચેકપોસ્ટ આવશે. અને જો ચેકપોસ્ટ પાર કર્યા વગર આપણે મેસેજ પાસ કરીશું તો તરત ચેકપોસ્ટ પર પૂછવામાં આવશે કે અહીંથી કોઇ પાસ થયું છે કે નહીં...? તો તરત આપણો મેસેજ સાચો કે ખોટો પાસ થયાની ખબર પડી જાય."

"સરની વાત સાચી છે. થોડી ધમાલ કર્યા પછી મેસેજ પાસ કરવાથી તેઓની ચેકપોસ્ટ પરથી પણ આપણા પસાર થયાના સમાચાર તેઓને મળશે." પ્રલયે કહ્યું.

"અહીંથી હવે ચેકપોસ્ટ કેટલી દૂર હશે ?" કદમે વિજયસિંહાને પૂછ્યું.

"આપણે ચેકપોસ્ટથી એકદમ નજીક છીએ. જંગલ ગીચ હોવાથી ખબર પડતી નથી પણ તમે સામેની દિશામા દૂરબીન વડે નજર કરશો તો ચેકપોસ્ટ પર આછો પ્રકાશ અને હિલચાલ જોવા મળશે." કહેતા વિજયસિંહાએ ગળામાં લટકાવેલું નાઇટવિઝન દૂરબીન કાઢી કદમના હાથમાં આપ્યું.

ત્યાં જ ઊભા રહી કદમે દૂરબીન વડે નિરીક્ષણ કર્યું. પણ ગીચ વૃક્ષોના ઝૂંડને લીધે પ્રકાશ કે હિલચાલ નજરે ન ચડી.

"આદિત્ય, ગોડ એહેડ." કહીને કદમે નાઇટવિઝન દૂરબીન આદિત્યને આપ્યું. આદિત્ય દૂરબીનને ગળામાં લટકાવ્યા બાદ ત્યાં ઊગેલા એક મોટા વૃક્ષ પર વાંદરાની જેમ ચડી ગયો, વૃક્ષની ખૂબ જ ઊંચી એક ડાળી પર ચડી આદિત્યે નિરીક્ષણ કર્યું.

વિજયસિંહાની વાત સાચી હતી. નાઇટવિઝન દૂરબીનને આછા લીલા કલરમાં આદિત્યે આછા પ્રકાશપૂંજને જોયુ. પછી તે ધીમે ધીમે ત્યાં દૂરબીનના ફોક્સને એડજેસ્ટ કરતો ગયો. ત્યારબાદ ત્યાંનું દૃશ્ય એકદમ સ્પષ્ટ દેખાવા લાગ્યું.

ત્યાં બનેલી ચોકીનું એક કાચું મકાન હતું. મકાન આગળતી નીકળતો રસ્તો અને રસ્તા વચ્ચે બનેલું લાકડાનું ફાટક દેખાયું. ફાટકથી બંને તરફ લોખંડના તારની ફેન્સીંગ એકદમ આછી નજરે ચડતી હતી. ફાટકને બંને બાજુ સિમેન્ટની ગુણોના થોકડા પકડેલા હતા. આદિત્યને ખબર હતી કે તે ગુણોમાં રેતી ભરેલી હશે.

થોડીવાર નિરીક્ષણ કર્યા વગર તે ચુપચાપ વૃક્ષની નીચે ઉતરી આવ્યો.

"સર...! ત્યાં ચોકી છે અન કેટલાંય સૈનિકો તૈનાત છે." વૃક્ષ પરથી નીચે ઉતરી આવી આદિત્ય બોલ્યો.

"ઠીક છે, ચાલો આપણે તેઓને ચારે તરફથી ઘેરી લઇને ફાયરિંગ શરૂ કરી દઇએ." મેજર સોમદત્ત બોલ્યા.

"પણ સર...! ચોકીની આગળ એક ફાટક બનાવેલું છે. અને ફાટકની બંને તરફ તારની ફેન્સીંગ બનેલી છે. આપણે બીજો કોઇ ઉપાય શોધવો પડશે."

"આદિત્યની વાત સાચી છે. ચોકીની બંને તરફ લાંબા અંતર સુધી તારની ફેન્સીંગ છે અને તે

ફેન્સીંગમાં રાત્રિના સમયે વિધુત પ્રવાહ પ્રસાર કરવામાં આવે છે." વિજયસિંહા બોલી ઉઠ્યો.

મેજર સોમદત્ત થોડી વાર વિચારવશ અવસ્થામાં ઊભા રહ્યા. પણ થોડી વારમાં જ તેમણે નિર્ણય લઇ લીધો.

"કદમ, તું અને આદિત્ય અહીં ક્યાંક ચોકીની નજીક છુપાઇ જાવ. અમે જમણી તરફ આગળ વધીને ત્યાંથી ચોકી પર ફાયરિંગ કરી તેઓનું ધ્યાન અમારી તરફ દોરીશુ. સતત ફાયરિંગ થતા જ સૌ સિપાઇઓ ફેન્સીંગની જમણી તરફના બાગમાં ધસી આવશે અને તેનો લાભ તમારે બંનેએ ફાટક પસાર કરી ચોકીમાં ઘુસી જવાનું છે." મેજર સોમદત્તે કદમ અને આદિત્ય સામે જોયું. પછી આગળ બોલ્યાં... "ધ્યાન રહે દેશ માટે તમે બંને અગત્યના એજન્ટ છો. એટલે ગોળી તમને ન લાગવી જોઇએ બલકે તમારી ગોળીઓથી દુશ્મનોને ભુંજી નાખજો. જરૂર પડે તો પહેલા સ્મોક બોમ્બનો ઉપયોગ કર્યા પછી અંદર ઘુસજો. જેથી તમારા બંને પર કોઇની નજર ન પડે. ઓ.કે.?"

"યસ સર ! અમે બંને તૈયાર છીએ અને દુશ્મનોને ખતમ કરી આગળ વધીશું." કદમ બોલ્યો.

"ચાલો," કહી મેજર સોમદત્ત બોલ્યા અને તેની સાથે પ્રલય, વિજયસિંહા અને દિનતાંગ સૌ ફાટકની ડાબી તરફ જવા વૃક્ષોના ઝૂંડમાંથી આગળ વધ્યા.

"દિનતાંગ,તું ક્યાં સુધી તેની પાછળ આવ્યો હતો ?" પ્રલયે પૂછ્યું.

"સાબ, મૈ યહાં સે આગે નહીં જા સકતા થા, ઇસલિયે મૈંને સિપાઇ કા સામાન ઉઠાને કા કામ કિયા. ઇધર સે સામાન લેકર મૈ દો કિલોમીટર તક આગે ગયા થા ઔર બાદમેં વાપસ આ ગયા થા. આપકે લોગ ઇધર સે કરીબ તીન-ચાર કિલોમીટર આગે સિપાઇઓ કે પંજે મેં ફસે હુએ હૈ." દિનતાંગ બોલ્યો.

"સર...! મને લાગે છે આ ફાટકથી આગળ ત્રણ કિલોમીટરના ક્ષેત્રમાં ક્યાંક મેજર કતારસિંગ ચીની સૈનિકો વચ્ચે સપડાયેલા હશે."

"હા...અને તેઓ ચીનના સિપાઇઓના હાથમાં પકડાઇ જાય તે પહેલાં તેઓને છોડવવા જ પડશે."

"સર...મારા ખ્યાલથી તેઓ પાસે રાઇફલની ગોળીઓ અને બીજો સામાન પણ ખૂટી ગયો હોવો જ જોઇએ." વિજયસિંહા બોલ્યો.

વાતો કરતા કરતા તેઓ ફાટકની ડાબી તરફ ફાટકથી દૂર તારની ફેન્સીંગ પાસે પહોંચી ગયા.

ફેન્સીંગની આગળ એક મોટો ખડક જેવો ટેકરો બનેલો હતો. સૌ ત્યાં આવી ટેકરાની પાછળ છુપાઇ ગયા. ત્યારબાદ પ્રલયે એ.કે.47 ગનને હાથમાં લીધી અને પછી ફાટકની તરફ સતત ગોળીઓ છોડવા માંડી.

ગોળીઓના ધમાકાઓથી શાંત વાતાવરણ ગુંજી ઉઠ્યું. આગના લિસોટા વેરતી કેટલીય ગોળીઓ ફાટક તરફ છુટી. પ્રલય આડેધડ ફાયરિંગ કરી રહ્યો હતો.

"બસ, હવે ગોળીબાર બંધ કરો અને વાટ જોઇએ કે ગોળીબારની શું અસર થાય છે." મેજર સોમદત્તે પ્રલયના ખભા પર હાથ મૂક્યો.

પ્રલયે તરત ગોળીઓ છોડવાનું બંધ કર્યું. ત્યારબાદ ગળામાં લટકતા નાઇટ વિઝન દૂરબીન વડે

ફાટક તરફ મીટ માંડી જોઇ રહ્યો.

ગોળીબાર થતા જ ફાટક પાસે એકદમ ધમાલ મચી ગઇ. રાડારાડ અને દેકારા વચ્ચે કેટલાય સિપાઇઓ આમથી તેમ દોડતા પોઝિશન લેતા પ્રલયની નજરે ચડ્યાં.

"સર...! તેઓ સૌ સાવધાન થઇ ગયા છે અને ફાટકની આસપાસ પોઝિશન લઇ બેઠા છે. ત્યાં મોટા પાયે ધમાલ મચી ગઇ છે."

"ગુડ...! હવે આપણે અહીંથી ફાયરિંગ શરૂ કરી બધાને આપણી તરફ ઘેરાબંધી કરવા માટે મજબૂર બનાવી દઇએ. જેથી કદમ અને આદિત્ય ફાટકમાં ઘુસી જઇ સૈનિકોના પાછળથી ગોળીબાર શરૂ કરી દે." કહી મેજર સોમદત્ત પોતાની એ.કે.47 લઇને ત્યાં નજીકમાં એક વૃક્ષ પર ઝડપથી ચડી ગયા અને પછી ત્યાંથી વૃક્ષની એક મોટી ડાળની આડ લઇ અંધાધૂંધ ફાયરિંગ કરવા લાગ્યા. તે સાથે ટેકરીની બંને તરફથી પ્રલય અને વિજયસિંહાએ પણ ફાયરિંગ શરૂ કરી દીધી.

વાતાવરણ ગોળીઓના ધમાકાથી ગુંજી ઉઠ્યું અને પછીની થોડી ક્ષણો પછી સામેથી પણ તે લોકો પર સતત ફાયરિંગ શરૂ થઇ ગયું.

"ગુડ...! સર તેઓ આપણા તરફ ગોળીબાર કરતા કરતા આ તરફ આવી રહ્યા છે." દૂરબીન પરથી નજર ખસેડી પ્રલયે કહ્યું.

"ફાયરિંગ ચાલુ રાખો...ગમે તે થાય તેઓ બધા જ આપણી તરફ આવી જાય અથવા મોતના મોંમાં ધકેલાઇ જાય." મેજર સોમદત્ત બોલી ઉઠ્યા અને પછી ફરીથી તેઓએ એ.કે.47 લઇ ગોળીબાર શરૂ કર્યો. સાથે જ પ્રલય અને વિજયસિંહાએ પણ ગોળીબાર ચાલુ કરી દીધો.

ફરી એકવાર સન્નાટાભર્યા વાતાવરણ ગોળીઓના ધમાકાથી ગુંજી ઉઠ્યું.

પ્રલયે જોયું સિપાઇઓ ગોળીબાર કરતાં કરતાં તે લોકોની દિશામાં આગળ વધતા હતા. તેઓ પણ વૃક્ષોને આડમાં લઇ સતત ગોળીબાર કરતા હતા.

એકાએક શું થઇ રહ્યું છે તે સિપાઇઓને સમજાયું નહીં. ગેટ પર ઊભેલા ચાર સિપાઇઓને બાદ કરતા બધા જ સિપાઇઓ થઇ રહેલ ગોળીબારની દિશામાં ફંટાઇ ગયાં.

"કદમ...કરો કંકુના. હવે ચાર પક્ષી જ બાકી બચ્યા છે. તે સિવાય બધા જ ઊડી ગયા છે. તું કહેતો હો તો ચારેની છાતીમાં ગોળીઓ ધબેડી દઉં." આદિત્યે કહ્યું.

"થોડી વાર થોભ. હજુ પૂરા સિપાઇઓ ત્યાં પહોંચ્યા નથી. બધા સિપાઇઓ તે દિશા તરફ ધસી જાય પછી આ ચારેને મારી અંદર ધૂસી તે સિપાઇની પાછળથી ફાયરિંગ શરૂ કરી દઇશું" કદમ નાઇટવિઝન દૂરબીનની ફાટકના અંદરની તરફનું દૃશ્ય જોઇ બોલ્યો.

"બીડું...મને ઉતાવળ છે યાર..."

"ભલે આવે તું છાનોમાનો ઊભો રહે." કદમે કહ્યું.

"પણ બીડું...ઉતાવળ સમી જશે તો પછી પ્રોબ્લેમ ઊભો થશે."

"તું તારી ઉતાવળ ફરીથી શરૂ કરી દેજે." કહેતા કદમ હસ્યો.

"પણ યાર જલદી કરને..."

"શું જલદી કરું ? તેઓ ધીમે ધીમે ગોળીબાર તરફની દિશામાં જાય છે. હું રાડો પાડી અહીંથી કહું કે ભાઇસાબ જલદી દૂર જાવ. અમારા પિતાશ્રી આદિત્યને તમારા પર ગોળીબાર કરવાની ઉતાવળ ઉપડી છે." કદમ કાંઇક એવા લહેકા સાથે બોલ્યો કે પછી બંને ખડખડાટ હસી પડ્યા.

લગભગ પાંચ મિનિટનો સયમ વીત્યો.

સામસામા ફાયરિંગ સતત ચાલુ હતાં.

"ચાલ બેટા આદિત્ય...તારી ઉતાવળને મીટાવ. તે સૈનિકો લગભગ ફેન્સિંગની તારની આસપાસ ગોઠવાઇ ગયા છે. ચારેના ધજીયા ઉડાડીએ એટલે ફાટક આપણા બાપનું."

"જય હો પિતાશ્રી..." બોલતાં જ આદિત્યે નિશાન તાક્યું અને પછી ગોળીબારના થયેલા જોરદાર ધમાકા સાથે ફાટક પાસે ઊભા ચાર સિપાઇઓની ચીસોનો અવાજ દબાઇ ગયો. ચારે સિપાઇઓ ગોળી ખાઇને નીચે પછડાયા."

બોર્ડરની ચોકી પર ધમાલ ચાલી રહી હતી. ત્યારે મજેર કતારસિંગ તેઓથી લગભગ પાંચ-સાત કિલોમીટરના અંતરે પડાવ નાખીને પડ્યા હતા. ચીની સૈનિકોએ તેઓને ચારે તરફથી ઘેરી લીધા હતા. મેજર કતારસિંગ અને તેમની ટીમના સાથીઓએ સવારથી કશું જ ખાધું ન હતું. પાણી પણ ખૂટવા આવ્યું હતું. સાથે સાથે ગોળીઓ અને બોમ્બનો સ્ટોક પણ ખૂટવાની તૈયારીમાં હતો. સામેથી સૈનિકો સતત ફાયરિંગ કરતા તેઓનો ઘેરો નાનો કરતા જતા હતા. હવે થોડા જ સમયની વાર હતી કે તેઓ ક્યાં તો ચીની સૈનિકોના હાથમાં આવી જાય અથવા ચીની સૈનિકોની ગોળી ખાઇ મોતને ભેટે.

"સાથીઓ..." ધીમા પણ સુસવાતા અવાજે બોલતા મેજર કતારસિંગે પોતાના સાથીઓ તરફ નજર ફેરવી. તેઓના ચહેરા પર હજુ મક્કમતા સાથે ઝનૂન પણ ઊભરાઇ આવતું હતું.

"સાથીઓ...આપણે ચીની સૈનિકોના ઘેરામાં ફસાઇ ચૂક્યા છીએ અને આપણી પાસે ખોરાક તો ઠીક પીવાનું પાણી અને સાથે સાથે ગોળીઓના મેંગેઝીન અને બારૂદ પણ ખલાસ થવા આવ્યા છે. છતાં પણ આપણે છેલ્લા શ્વાસ સુધી ઝઝુમતા રહેવાનું છે. દોસ્તો, આપણે સૌ મા ભારતીના પુત્રો છીએ. ભારતની રક્ષા માટે હંમેશા કુરબાની આપતા આવ્યા છીએ અને..." અને શબ્દ પર ભાર મૂકી તેઓ આગળ બોલ્યા, "અને આજ ભારત માંની રક્ષા માટે કુરબાની આપવાનો સમય થઇ ગયો છે. આજની રાત આપણી સામે ચાઇનાના ઘણાબધા સિપાઇઓ છે એટલે તેઓને ખતમ કરી ઘેરો પાર કરવો મુશ્કેલ છે. અને પકડાઇ જવા કરતા હું શહીદ થવામાં માનું છું. છતાં પણ આપ સૌની સલાહ હું લેવા માગું છું." બોલી તેઓએ પોતાના સાથીઓ તરફ નજર ફેરવી.

"સર...! અમે સૌ આપની સાથે દેશની રક્ષા કરતા કરતા શહીદ થવાનું એ અમારું અને દેશનું ગૌરવ સમજીશું. આપ કહેશો તો અમે સૌ એકબીજાને ગોળી મારી ખતમ થઇ જઇશુ, પણ દુશ્મનોના હાથમાં પકડાઇ જવાનું હરગીઝ સહન નહિ કરીએ."

બધા જ સાથીઓની પ્રતિજ્ઞા સાંભળી મેજર કતારસિંગની આંખોમાં પાણી ફરી વળ્યાં.

મને આપ સૌ પર ગર્વ છે. પણ મારા થકી આપ સૌ દુશ્મનની જાળમાં ફસાયા છીએ તેનો મને અફસોસ છે અને હું આપ સૌની હૃદયપૂર્વક ક્ષમા માગું છું. કેમ કે હવે આપણી પાસે સમય નથી. ખેર...હવે બીજી વાત કરું તો આપણા લશ્કરના વડા સાથે સંપર્ક સ્થાપિત કરી મેં

આપણી પોઝિશન જણાવી દીધી છે. ભારતીય લશ્કર આપણાં માટે કાંઇ કરી શકવા માટે સમર્થ છે. પણ સમય નથી. આટલા ટૂંકા સમયમાં અહીં આવી પહોંચી આપણને સલામત રીતે ભારત લઇ જાય તે શક્ય નથી. હવે તો બસ એક જ ઉપાય છે. ચીની સૈનિકો સામે છેલ્લો જંગ ખેલી લેવો અને પરમવીર ગતિ પામવું."

"સર...અમે સૌ તૈયાર છીએ."

"હા. સર...ચીની સિપાઇઓ સાથે એક એક હાથ કરવાનાં મુડમાં છીએ."

"સર... આપણે એક-એક સિપાઇ ચાર-પાંચ ચીની સૈનિકોને ખત્મ કર્યા પછી જ મરીશુ."

સૌ સેનિકો એકદમ ઝનૂનમાં હતા.

"તો ઉઠાવો આપણી બંદૂકો અને ચાલો આપણે ચીની સૈનિકો પર સામેથી હુમલો કરી દઇએ." ત્રાડ જેવો અવાજે મેજર કતારસિંગ બોલી ઉઠ્યા. અત્યારે તેઓ એક મહાન યોદ્ધાના રૂપમાં દીપી ઉઠ્યા હતા.

ચીની સૈનિકોમાં અફડાતફડી મચી ગઇ હતી. ક્યારે ક્યાંથી ગોળીબાર થતો હતો અને કોણ વીંધાઇને પડતો હતો તેની જ ખબર પડતી ન હતી. સાથે દુશ્મન ક્યાં છે? અને કોણ છે ? તે પણ સમજાતું ન હતું.

ફાટક પાસેના ચાર સૈનિકો ગોળી ખાઇને માર્યા ગયા હતા તો ફાટકની ડાબી તરફથી સતત ગોળીબાર થતો હતો અને ત્યાં દોડી ગયેલા ચીની સૈનિકો ખત્મ થતા જતા હતા.

"બીડુ હોજા શરૂ, સાલ્લા ચાર ચીની ઉંદર ખત્મ થઇ ગયા છે. તે સિવાય બધા ડાબી તરફ આડેધડ ફાયરિંગ કરતા ભાગ્યા છે. આપને મોકો છે. ફાટક પાર કરી ચોકીમાં ઘુસી જવાનો..." આદિત્ય બોલ્યો અને પછી નીચા નમી વૃક્ષોની ઘટા વચ્ચે પસાર થતાં કદમ અને આદિત્ય ફાટક તરફ દોડ્યા. બંને એકદમ સાવધાન હતા અને તેના હાથમાં પકડાયેલી મશીનગન કોઇપણ પળે ગોળીબાર કરવા માટે તૈયાર હતી. દોડતા બંને ફાટકની બંને તરફ આવી ગયા અને ત્યાં ફાટકની બંને તરફ ખડકાયેલ સિમેન્ટ-રેતીના બાચકાઓ પાછળ નીચે ઘુંટણીયે બેસીને છુપાઇ ગયા. બંનેની નજર અંદર ફાટક તરફ હતી. ક્યાંય કોઇ જ હિલચાલ દેખાતી ન હતી. દૂર-દૂર રાડરાડ અને ગોળીબારના અવાજ આવતા હતા. ત્યાં ફાટકની આસપાસ એક પણ સિપાઇ દેખાતો ન હતો.

કદમે આદિત્ય સામે ઇશારો કર્યો. અને પછી બંને ફાટક નીચેથી પસાર થઇ અંદર ઘુસી ગયા. અને એકબીજાની વિરુદ્ધ દિશામાં મોં રાખી સાવચેત પગલે આગળ વધવા લાગ્યા. કદમ ચારેની તરફ નજર રાખતો હતો, તો આદિત્ય પાછળની તરફ એમને એમ સરકતા બંને ત્યાં બનેલી છાવણીના ટેન્ટ પાસે આવી ગયા.

કદમ ધીરેકથી ટેન્ટનું કપડું ખસેડીને અંદર નજર કરી.

કોઇ અધિકારી બેઠો હતો અને તેની સામે ઊભેલા કેપ્ટનની ધૂળ કાઢી ધમકાવી રહ્યો હતો. કદમ ધ્યાનથી તેઓની વાતો સાંભળવા લાગ્યો.

"આ બધું શું ચાલી રહ્યું છે, કેપ્ટન...? આ ધડાકાઓનો અવાજ શાનો છે...?" ચાલુ ડ્યુટીમાં શરાબ પીને સૂઇ જવા માટે તને કેપ્ટન નથી બનાવ્યો." તે ચાઇનીઝ ભાષામાં વાત કરતા હશે."

"મને ખબર છે આ બધી વાતો તે સ્વપ્નમાં જોઇ હશે પણ હકીકત કાંઇક બીજી છે. આટલી

રાડારાડ અને ગોળીબાર એક તેંદુઆ માટે ન હોય. તું હંમેશા કામચોરી કરી બહાના કાઢે છે." ઓફિસરનું દિમાગ છટકી ગયું હતું. તે ગુસ્સાથી રાતોપીળો થતો હતો.

"હું... હું... હમણાં જ તપાસ કરી તમને સમાચાર આપું છું. બાકી ચિંતા ન કરો, કોઇની તાકાત નથી કે આપણા આટલા બધા સૈનિકોની હાજરીમાં ઘુસી આવે..."

"ભાઇ... તું જાને તપાસ કરને અહીં ઊભા-ઊભા લવારો કરવાનું બંધ કર..." ઓફિસર વિફરી પડ્યો.

"તપાસ કરવા ત્યાં લાંબા થવાની જરૂર નથી બીડું...અમે જ તમારા બંનેની ખાતેદારી કરવા ઇન્દ્રના દરબારમાંથી પ્રગટ થયા છીએ..." કેપ્ટનના પાછળ **20**ની નાળ દબાવતાં આદિત્ય ટેન્ટનુ કપડું ઊંચુ કરી અંદર ઘુસી આવ્યો હતો અને તૂટી-ફૂટી ચાઇનીઝ ભાષામાં તે વાત કરી રહ્યો હતો. કદમ અને આદિત્યને તે બંને અધિકારી અને કેપ્ટન કામચોર હોય તેવું લાગતા, કદમના ઇશારાથી આદિત્ય અંદર ઘુસી આવ્યો હતો.

"ક... કોણ છો તમે...?" ઓફિસર ફટાક દઇને ઊભો થઇ ગયો.

"તારા પિતાશ્રીને ઓળખીશ ભાઇ...? કેમ ન ઓળખ્યો, તારા પિતાશ્રી એટલે ભારત. તમારી સલ્તનતને છીન્નભિન્ન કરી નાંખનાર...ડોકલામમાંથી તગડી નાંખનાર, હું ભારતનો સિપાઇ છું... કેમ હવે ઓળખાણ પડીને..."

"તે અહીં આવીને તારું મોત માંગ લીધું છે... અહી ચારે તરફ સિપાઇઓ છવાયેલા છે. તેને મોતના મોંમાંથી કોઇ જ બચાવવા ભારતથી અહી નહીં આવી શકે અને તું સિપાઇઓની ગોળીઓથી છલની થઇ જઇશ. માટે જલદી મશીનગન દૂર કરી અમારા હવાલે તારી જાતને કરી દે..." ગુસ્સાથી તમતમતા અવાજે બોલનાર ઓફિસર અંદરથી ધ્રુજતો હતો.

"અરે ભાઇ હું તો ચીનના સૈનિકોને ખુદાગંજ એક્સપ્રેસમાં લઇ જન્નતમાં લઇ જવા માંગું છે અને તારા બધા સિપાઇઓ તો ચાલતી ગાડીમાં ચડી બેઠા છે. બસ તારી અને આ તારા આળસુ કેપ્ટનની વાટ જોવાય છે."

"લે...તારો કેપ્ટન પણ ગાડીમાં બેસી ગયો. બસ..." અચાનક કમદ અંદર પ્રગટ થયો અને તેના હાથમાં સાયલેન્સર યુક્ત રિવોલ્વર પકડેલી હતી. રિવોલ્વરમાંથી ગોળી છુટી અને તે કેપ્ટનના હ્રદયમાં સમાઇ ગઇ. કેપ્ટન વગર ચીસ પાડ્યે પોતાના બંને હાથ છાતી પર મૂકી આશ્ચર્ય સાથે કદમ તરફ જોતાં-જોતાં જ નીચે પછડાયો અને બે પળ તરફડીયાં મારી હંમેશા માટે ખામોશ થઇ ગયો.

"હવે તારો વારો મિ.માઇકલ. તું પણ ગોળી ખા." રિવોલ્વરને તેના સીન પર ગોઠવતાં આદિત્ય બોલ્યો.

"ત... તમારી ભૂલ થાય છે. હું માઇકલ નથી..."

"તો પછી તેનો ભાણેજ થતો હોઇશ... વાલીડા મરવા માટે તૈયાર થા..."

"ના... ના... ના... મને મારશો નહીં..." તે ઓફિસરના ચહેરા પર થોડી જ વારમાં પરસેવાના બુંદો ટપકલા લાગ્યા.

"ખૈર... તને મરવું નથી તો પછી તું ફોન કરી લશ્કરને જાણ કર કે તમારો બાપ એટલે હું મેજર કતારસિંગ તમારા લશ્કરનો ઘેરો તોડીને અહીં તારી પાઠપૂજા કરવા માટે આવી પહોંચ્યો છે...

જલ્દી કર. જો ખુદાગંજ એક્સપ્રેસમાં તારા કેપ્ટન પાછળ રવાના ન થવું હોય તો..." કદમની વાત સાંભળી તે ઓફિસર એકદમ હેબતાઇ ગયો.

"ત... તમે મેજર કતારસિંગ છો...? એવું ન બને. કતારસિંગની ચારે તરફ લશ્કર ઘેરો ઘાલીને જંગલમાં પડાવ નાંખ્યો છે. અને આટલા લશ્કર વચ્ચેથી છટકીને કતારસિંગ અહીં પહોંચી જ ન શકે..." તેના ચહેરા પર અવિશ્વાસના ભાવ ફેલાયેલા હતા.

"માન્યામાં નથી આવતું ને તું મેજર કતારસિંગને ઓળખે છે...?" આદિત્યે પૂછ્યું.

"હા...અહીંથી જ તેઓ પસાર થઇને આગળ ગયા હતા. એટલે મને તેઓનો ફોટો મોબાઇલ વડે મોકલવામાં આવ્યો છે. જે અત્યારે પણ મારા મોબાઇલમાં સેવ છે."

કદમે હોઠ ચાવ્યા...તેને પોતાની યોજના પર પાણી ફરી વળતું દેખાડ્યું.

"તું મોબાઇલ કાઢ અને મને બતાવ ચાલ... જલ્દી કર..." આદિત્યે તેના માથાના વાળ પકડીને ખેંચ્યા.

"બતાવું છું... બતાવું છું..." કહેતાં જ તેણે પોતાના ખિસ્સામાંથી મોબાઇલ કાઢ્યો. અને વોટ્સઅપ ખોલી અંદર આવેલો મેજર કતારસિંગનો ફોટો બતાવ્યો.

"જુઓ... આ તમે નથી..." ચહેરા પરનો પરસેવો લૂછતાં તે બોલ્યો.

અંદરનો ફોટો જોઇને આદિત્ય અને કદમ એકદમ સ્તબ્ધ બની ગયા. તેઓની સામે મેજર કતારસિંગનો ફોટો હતો પણ તે ફોટોમાં મેજર સોમદત્તનું આબેહૂબ નકલ હતી.

"ભાઇ... હવે તો મેજર કતારસિંગને ઓળખ્યા ને તમારા મને આ ફોટામાંના મેજરની તસવીરમાં ઘોડા-ગધેડા જેટલો ફરક છે..." જાણે કોઇ મોટો ગાઢ જીતી લીધો હોય તેમ તેના ચહેરા પર મગરૂરીના ભાવ ફેલાઇ ગયા. થોડી વાર માટે તે પોતાના સીના પર તકાયેલી રિવોલ્વરને પણ ભૂલી ગયો.

"ભાઇ નાથાલાલ તારો ભ્રમ છે. જો સાથે જો કોણ ઊભું છે..." બોલતાં કદમ એકદમ હટી ગયો.

કદમની પાછળ મેજર સોમદત્ત આવીને ઊભા હતા. તેના પર નજર પડતાં જ તે અધિકારી હેબતાયો. "તમે... તમે અહીં કેવી રીતે આવી ગયા...?"

"જાદુ...મેજર કતારસિંગ જાદુ જાણે છે. અને તેઓ જાદુ વડે ગમે ત્યાંથી ગુમ થઇ ગમે ત્યાં પ્રગટ થઇ શકે છે. સમજ્યો બરખુદાર..." આદિત્યના સ્વરમાં મજાકની છાટ હતી.

"મને માન્યામાં નથી આવતું..." ડોકું ઘુમાવતા તે એકદમ આશ્ચર્ય સાથે મેજર સોમદત્તની સામે જ જોઇ રહ્યો.

"હું કતારસિંગ છું અને તમારા ચીનના સિપાઇઓને છેતરી અહીં મારા સાથીઓ સાથે આવી ચૂક્યો છું. તમારા સિપાઇઓ હજુ ત્યાં જ મને પકડવા ગાઢ અંધકારભર્યા જંગલમાં ફાંફા મારી રહ્યાં છે." સ્મિત સાથે કતારસિંગ જેવી છાંટમાં મેજર સોમદત્ત બોલ્યા. તે ઓફિસરની આંખો ફાટેલી રહી ગઇ.

"ભાઇ નાથાલાલ... હવે તો ખાતરી થઇને કે મેજર કતારસિંગ ચીની સૈનિકનો ઘેરાવો તોડી અહીં આવી ગયા છે અને હવે જલદી ભારતની બોર્ડરમાં પણ અમે ઘુસી જઇશુ..." આદિત્ય

બોલ્યો.

"ચાલ ફોન લગાવ... અને ત્યાં ઘેરો ઘાલીને બેઠેલા તારા કર્નલને જણાવ કે હું અત્યારે મેજર કતારસિંગના કબજામાં છું. અહીં બધા જ સિપાઇઓ ખતમ થઇ ચૂક્યા છે અને અહીંની ચોકી પર અમે કબ્જો જમાવી લીધો છે." કદમે કઠોર અવાજે કહ્યું.

તરત ઝડપથી તે ઓફિસરે વાયરલેસ ફોનને પોતાની પાસે ખેંચ્યો અને આગળની ચોકી પર સંપર્ક કરવા માટે લાગી ગયો.

"કરરર...કર...કરક્ટ..." ના આછા ધ્વનિ પછી વાયરલેસમાં તેનો સંપર્ક સ્થાપિત થયો.

"હલ્લો...હલ્લો...કર્નલ સિન ચું હિયસ..." સામેથી અવાજ આવ્યો.

"હલ્લો... કર્નલ હું ફોમાંચું બોલું છું..."

"યસ... યસ... સર ! હુકમ આપો...?" સામેથી અવાજ આવ્યો.

"તમે સૌ અત્યારે ક્યાં છો...? તમારી પોઝીશન જણાવો..." ફોમાંચું રૂઆબ સાથે બોલ્યો પણ માથા પર પરસેવો નીતરતો હતો.

"સર...! અમે સૌ દિંગલોંગ ઇલાકામાં ભારતમાંથી ઘુસી આવેલા મેજર કતારસિંગને ઘેરો ઘાલીને બેઠા છીએ. સર...સામેથી ગોળીબાર બંધ થઇ ગયો છે. તેથી લાગે છે તે લોકોની પાસે ગોલાબારૂદ ખત્મ થઇ ગયો છે. અમે ધીમે-ધીમે તેના પરનો ઘેરો નાનો કરતાં જઇએ છીએ... સર આપ ચિંતા ન કરો... અમે તેને આજ રાત્રિના જ પકડીને મોતને હવાલે કરી દઇશું."

"સિન ચું... તું પાગલ થઇ ગયો છે અથવા તો તારામાં બુદ્ધિ નામની વસ્તુ જ નથી... તું જેને ઘેરો ઘાલીને દિંગલોંગમાં પડ્યો છે અને સવાર સુધી તેને પકડી પાડી ખત્મ કરવાની વાત કરે છે તે તારો બાપ મેજર કતારસિંગ અહીં મને પકડીને બેઠો છે..." દાંત કચકચાવતાં ફોમાંચું બોલ્યો.

સામેથી સિન ચુંના હાથમાંથી વાયરલેસ ફોન છટકીને નીચે પડ્યો. પરંતુ તેણે ઝડપથી ઉપાડી લીધો. તે એકદમ આશ્ચર્ય અને સખ્ત આઘાતમાં સુનમુન થઇ ગયો.

"એવું... એવું કેમ બને સર...?"

"બન્યું છે તારા અને તારા સિપાઇઓની ભૂલથી હવે તો તે મને ખત્મ કરી નાંખશે... અથવા ઘાયલ કરીને ભારતીય બોર્ડરમાં નાસૂ છૂટશે..." ફોમાંચુના અવાજમાં સખ્ત ચીડ હતી.

"પણ... પણ... સર ત્યાં તો આપણો બેઝ કેમ્પ છે અને આપણા સિપાઇઓ..." સિન ચુંને ફોમાંચુની વાત હજુ ગળે ઉતરતી ન હતી.

"ચાલ મને ફોન આપ..." ફોમાંચુના હાથમાંથી રિસીવર છીનવી લેતા પ્રલય બોલ્યો.

"હલ્લો... હું મેજર કતારસિંગનો સાથી બોલું છું."

"તને માન્યામાં નથી આવતું...?" સામેથી સિન ચુંનો અવાજ આવ્યો.

"તારા માનવા ન માનવાથી હવે કશું જ વળવાનું નથી સમજ્યો... અમે તમારી આ છેલ્લી ચેકપોસ્ટ પર પહોંચી ગયા છીએ. અહીં તમારા આ ફોમાંચુ સિવાય બધા જ સિપાઇઓને અમે ખત્મ કરી નાંખ્યા છે, હવે છેલ્લો આને ખતમ કરતા પહેલાં તમને મારે જાણ કરવી હતી કે તમે

લોકુ હજુ આખી રાત ત્યાં ઘેરો ઘાલીને બેઠા રહો એટલે ત્યાં સુધી અમે ભારતની બોર્ડરમાં ઘુસી જઇએ. ધન્યવાદ..." કહેતાં પ્રલયે રિસીવરને ઓફ કરી જોરથી 'ઘા' કર્યો. રિસીવરના ટુકડા થઇ ગયા. હવે તે ચોકી પરથી કોઇ જ આગળવાત કરી શકે તેમ ન હતું. ફોમાંચુ દહેશતભરી આંખો વડે પ્રલયની સામે જોઇ રહ્યો હતો.

"અલવિદા મી.ફોમાંચુ...." ક્રૂરતા સાથે મેજર સોમદત્ત બોલ્યા. પછી તેનો રિવોલ્વર પકડેલો હાથ ઊંચો થયો અને ટ્રીગર દબાવ્યું.

'ધડામ...' અવાજના ધમાકા સાથે ગોળી છૂટી અને ફોમાંચુની છાતીમાં ઘુસી ગઇ.

ચીસ નાંખતો ફોમાંચુ બંને હાથ છાતી પર દબાવી ક્ષણ માટે આશ્ચર્ય અને આઘાત સાથે મેજર સોમદત્ત સામે જોઇ રહ્યો. પણ બીજી જ ક્ષણે તેનું શરીર લથડ્યું. અને તે નીચે પછડાયો. તેના દેહમાંથી પ્રાણ નીકળી ગયો.

"સર... આપ ફોન લગાવી કૌશિક વર્મા સાથે વાત કરી લો અને આપનો રૂમાલ..." આદરથી વિજયસિંહાએ કહ્યું.

"હા... એ કામ આપણે પહેલું કરવાનું છે. જેમાં ફોમાંચુએ તેના કમાન્ડો સિનચુને કરેલી વાતનું સમર્થન મળે..." કહેતાં મેજર સોમદત્ત તરત વાયરલેસ ફોનનું નાનકડું ઇન્સ્ટુમેન્ટ કાઢી ઓન કર્યું.

"હલ્લો... હલ્લો..."

"યસ... કૌશિક વર્મા સ્પીકિંગ..."

"સર...! હું મેજર કતારસિંગ બોલું છું..."

"યસ... કતારસિંગ તમે... તમે ક્યાં છો ?"

સામેથી એકદમ આતુરતાપૂર્વક કૌશિક વર્માએ પૂછ્યું. જાણે તેને આ વાત માનવામાં જ આવી હોય તેવું તેઓના શબ્દોમાં આશ્ચર્ય સમાયેલું હતું.

"સર...! મારી પાસે સમય ઓછો છે, એટલે હું વધુ સમય વાત કરીશ નહીં. પણ આપને મેસેજ આપવા જરૂરી હતા."

"સર... હું મારી ટીમી સાથે દિનતાંગના પહાડી એરિયામાં ચીનના લશ્કરના પંજામાં ઘેરાયેલો હતો. અને સર...! હું મારા સાથીઓ સાથે ચીનના લશ્કરને મ્હાત આપી ઘેરાવમાંથી છટકી નીકળવામાં સફળ થયો છું."

"મયા ગોડ...! તમે... તમે... ચીનના સિપાઇના ઘેરામાંથી છટકીને નીકળી ગયા...? ગુડ... હવે તમને મદદની જરૂર હશે. બોલો, શું મદદ જોઇએ છીએ તમને...? તમારું લોકેશન બતાવો..." કૌશિક વર્મા એકીશ્વાસે બોલી ગયા.

"સર...! આપણી બોર્ડરની અમે એકદમ નજદીક છીએ. અમે ભૂખ્યા તરસ્યા છીએ, માટે બોર્ડર પાર કરીને આવીએ કે તરત અમારા માટે ખોરા-પાણી મળી રહે તેવી જોગવાઇ કરજો. સર...! હવે હું ફોન મૂકું છું..." આવેલા અવાજ પછી તરત વાયરલેસ સેટ પર ગોળીઓના ધમાકાઓનો અવાજ સંભળાયો. અને પછી કિચચ...કરતા અવાજ સાથે સંપર્ક ડીસકનેક્ટ થઇ ગયો.

કૌશિક વર્માના ચહેરા પર સ્મિત ફરકી ગયું.

"ઓહ... ગોડ..." રિસીવર પછાડતા કર્નલ સિનચુ ગુસ્સાથી થરથરી ઉઠ્યો. પોતે મેજર કતારસિંગની બટાલીયન પકડીને ઝંડા સિટી (તિબેટ) લઇ જવાના પ્લાનમાં હતો અને જીત પણ નજીક હતી. આ જીતથી તેને બઢતી પણ ચોક્કસ મળશે. પણ... પણ બધું જ પૂરું થઇ ગયુ. મેજર કતારસિંગ છટકીને નાસી ગયા.

ગુસ્સા અને નાલેશીભરી હારથી તે રાતો-પીળો થતો હતો. છેવટે મનને મક્કમ કરી કેપ્ટન ડીંગવાંગને ફોન કર્યો. "હલ્લો ડીંગવાંગ હું સિનચું બોલુ છું."

"હલ્લો સર...!" કાંપતા અવાજે સાથે ડિંગવાંગનો સામેથી અવાજ સંભળાયો.

"હરામખોરો... મેજર કતારસિંગ તમારી ઘેરાબંધી તોડીને નીકળી ગયો... અને તમે લોકો મને જાણ પણ નથી કરતા...?"

"સર...! આમ કેમ બન્યું તે જ મને ખબર પડતી નથી... મારો ઘેરો એટલો બધો ચુસ્ત હતો કે ઘેરામાંથી કૂતરું પણ છટકી ન શકે. અને... અને..."

"ઘેરાવાળી... હવે મારા ઉપર અધિકારીને શું જવાબ આપવો..." બરાડા પાડતાં સિનચુ બોલ્યો. " કદાચ અત્યારે તું મારી સામે હોત તો ચોક્કસ હું તને ગોળી મારી દેત."

"સર...!"

"સર ના બચ્ચા..." સિનચું ચિલ્લાયો. "જલ્દી તમે લોકો ઇન્ડિયા બોર્ડર અટકુલા તરફ આગળ વધો. ત્યાંની છેલ્લી ચોકી નષ્ટ કરીને મેજર કતારસિંગ ભારતની બોર્ડમાં ઘુસવાની તૈયારીમાં છે. ગમે તેમ તેને પકડીને મારે હવાલે કરો નહીંતર..." કહેતાં સિનચુંએ બધો ગુસ્સો પોતાના મોબાઇલ ફોન પર ઉતારવાનો હોય તેમ ઘા કર્યો. મોબાઇલના ટુકડા થઇ ગયા. સિનચુ ગુસ્સાથી થરથરતો હતો પણ મોબાઇલને ઘા કર્યા પછી પોતે ખોટું કર્યું છે. હવે તે પોતાની ટીમ સાથે સંપર્ક નહીં કરી શકે તેનો પારાવાર પસ્તાવો થવા લાગ્યો. મોબાઇલના ટુકડાઓને ઉપાડી તેમણે તપાસ્યા પણ મોબાઇલ હવે કામ આવે તેવી સ્થિતિમાં ન હતો.

Chapter 7

દુશ્મનોના ઘેરામાં

જોરદાર ધમાકાના અવાજ સાથે શાંત વાતાવરણ ગુંજી ઉઠ્યું. અને તે સાથે જંગલમાં પશુઓની ત્રાડોના ચિત્કાર ગુંજી ઉઠ્યા.

ચેકપોસ્ટને બોમ્બ વડે ઉડાવી દેવામાં આવી.

ચેકપોસ્ટને ઉડાવી નાંખ્યા બાદ તેઓ જંગલના રસ્તે આગળ વધ્યાં.

"સર...! આગળ ચારે તરફ સિપાઇઓ ફેલાયેલા હશે... આપણે એકદમ તૈયાર રહેવું પડશે." વિજયસિંહાએ કહ્યું.

"કાંઇ વાંધો નહીં વિજયસિંહા... આપણે સૌ સાથે મળીને સામનો કરીશું..." સોમદત્તે પ્રેમાળ નજરે વિજયસિંરાની સામે જોયું.

"સર...! હવે આપણે આ જંગલીને છૂટો કરી દઇએ. નહીંતર આપણા સાથે વગર મોતે મરી જશે. આ તો મોતનો જંગ છે."

"હા... આ ભોળા આદમી પાસે હથિયાર પણ નથી ? અને તેને દુશ્મનની ગોળી વાગતા જ ખતમ થઇ જશે..." બોલતાં મેજર સોમદત્તે તે જંગલી સામે જોયું. પછી બોલ્યા, "ભાઇ, તું અમને આગળ જવાનો રસ્તો બતાવી દે અને પછી ચાલ્યો જા. અમે આગળ ફોડી લઇશું..."

"હું ચીનના સૈનિકોથી ડરતો નથી. તમને મદદરૂપ થઇશ..." તે ભાંગીતૂટી ચાઇનીઝ ભાષામાં બોલ્યો.

"છતાં પણ આગળ જોખમ ઘણું છે, અમે તને જોખમમાં મૂકવા માંગતા નથી."

"ઠીક છે, જેવી આપની ઇચ્છા..." તે બોલ્યો. ત્યારબાદ તેને દસ મિનિટ સુધી મેજર કતારસિંગ સુધી પહોંચવા માટે દિશાઓનું સૂચન કર્યું. ગાઢ જંગલ હતું. કોઇ રસ્તો ન હતો. મેજર સોમદત્ત તલ્લીનતા સાથે તેની વાતને સાંભળી રહ્યાં. અને બધી વાતને સમજીને મગજમાં ઉતારતા રહ્યાં.

"ઠીક છે. તારા જણાવ્યા પ્રમાણે અમે ચોક્કસ મેજર કતારસિંગ સુધી પહોંચી જઇશું. અમને અહીં સુધી પહોંચાડવા અને પૂરતું માર્ગદર્શન આપવા માટે તારો ખૂબ ખૂબ આભાર." મેજર સોમદત્તે તેને કહ્યું. પછી તે નમસ્કાર કરી પોતાના કબીલા તરફ જવાના રસ્તે આગળ વધી ગયો.

ગાઢ અંધકાર અને ખતરનાક સન્નાટાભર્યા જંગલમાં કશું જ દેખાતું ન હતું અને તેઓના ચાલવાથી સૂકા પાંદડા કચડાવવાનો અવાજ પણ ઘણો મોટો થઇને આવતો હતો. જોકે વરસાદ પડી ગયો હોવાથી નીચે પડેલ વૃક્ષોના પાંદડાઓ લગભગ ભીના થઇ ગયા હતા.

લગભગ અડધા કલાક સુધી તેઓ સતત તે જંગલીના બતાવેલ રસ્તા તરફ ચાલ્યા રહ્યા. અડધા કલાક પછી તેઓ તે સ્થળેથી નજીક પહોંચ્યા જ્યાં મેજર કતારસિંગ અને તેની બટાલીયનને ચારે તરફ ઘેરો ઘાલીને પડ્યા હતા. મેજર સોમદત્તે આગળ થોડી ખુલ્લી જગ્યા હતી ત્યાં પોતાનો રૂમાલ જેમાં 'કે' એટલે કતારસિંગ લખ્યું હતું તેને ફગાવી દીધો.

થોડે દૂર આવતા અવાજો અને વારંવાર સિગ્નલની ઝબૂકતી લાઇટો જોઇ તેઓ સમજી ગયા કે ત્યાં ચીનના સિપાઇઓ એકઠા થયા છે અને ધીમા અવાજે વાતો કરી રહ્યા છે. મેજર સોમદત્તે ઇશારો કરી સૌને શાંત રહેવાનું કહી ઝડપથી એક મોટા વૃક્ષ પર ચડી ગયા અને પછી એક વૃક્ષ પરથી બીજા વૃક્ષ પર થઇ એકઠા થયેલા સૈનિકોની નજીક પહોંચી ગયા. વૃક્ષના ઝૂંડની ઉપર ચુપચાપ બેસીને તે લોકો વચ્ચે થતી વાતચીત સાંભળવા લાગ્યા.

"આપણે અહીં ઘેરાવો કરીને બેઠા છીએ અને મેજર કતારસિંગ ઘેરાવો તોડીને નાસી ગયો. સર, આ વાત મારા દિમાગમાં આવતી નથી." એક સિપાઇ કર્નલ દિંગવાંગને કહી રહ્યો હતો.

"મને પણ સમડ પડતી નથી પણ આપણી છેલ્લી ચેકપોસ્ટના અધિકારી સિનચુનો સંદેશ હતો. મેજર કતારસિંગ તેના સુધી પહોંચી ગયો છે અને કર્નલ સિનચુની વાતને આપણે નકારી શકીએ નહીં."

"પણ સર...! સિનચુ સાહેબના અવાજમાં કોઇએ આપણને ખોટા સમાચાર આપી અવળે રસ્તે ચડાવવાની કોશિશ કરી હોય તેવું પણ બને ને." એક બીજા સિપાઇએ કહ્યું. તેના ચહેરા પર મૂંઝવણના ભાવો ફેલાયેલા હતા.

"પણ...સિનચુ અને તેના કોર્ડ નંબર પણ સાચા કહ્યા હતા અને ફોન કરનાર શખ્સે મારી સાથે જે રીતે ફોન કરતો હતો તે રીતે જ સિનચું હોય તેવું મારું મક્કમપણે માનવું છે." દિંગવાગના શબ્દોમાં પણ મક્કમતા હતી.

"હવે શું કરવું છે સર ?"

"જલદી સૌને સૂચના આપી અહીંથી ઘેરાવો છોડીને છેલ્લા ચેકપોસ્ટ સુધી પહોંચવાનો સંદેશ આપી દો. ગમે તે થાય મારે મેજર કતારસિંગને પકડી તિબેટ લઇ જવો છે." કહેતા તેણે પોતાના સાથીઓની સામે જોયું, "હવે સમય નથી. જલદી કરો." તે બોલ્યો.

"ઓ.કે. સર ! હું બધા જ બટાલિયનને જલદી બ્રીજ તરફ રવાના કરવાનું જણાવું છું."

અને થોડી જ વારમાં મેજર કતારસિંગને ઘેરોવો કરેલ ચીની સૈનિકોની અલગ અલગ બટાલિયનો બ્રિજ પાસેની ચોકી તરફ આગળ વધી ગઇ.

હાથને હાથ ન દેખાય તેવા ગાઢ અંધકારમાં પ્રલય, કદમ, આદિત્ય અને વિજયસિંહા અલગ-અલગ ટેકરીઓની પાછળ છુપાઇને ચીની સિપાઇઓની હલનચલન પર નજર રાખી રહ્યા હતા. થોડી જ વારમાં સોમદત્ત વૃક્ષ પરથી ઊભા થઇ તે જગ્યા પાસે આવી પહોંચ્યા.

"સાવધાન...આગળ લગભગ દસ જેટલા સિપાઇઓ સાથે કર્નલ દિંગવાંગ આપણી તરફ આવી રહ્યો છે. એક પણ સિપાઇ છટકીને નાસી જવો ન જોઇએ." ગંભીર અવાજે બોલતા મેજર સોમદત્ત એક નાની ટેકરીની પાછળ પોઝિશન લઇને સૂઇ ગયા.

સમ... મ...સમ...મ... રાતનો સમય પસાર થઇ રહ્યો હતો.

એકદમ નીરવ શાંતિભર્યુ વાતાવરણ મણ મણના બોજ જેવું લાગતુ હતું. ક્યાંય કોઇ જ અવાજ ન હતો. અચાનક સિપાઇઓના ચાલવાથી આવતા બૂટના અવાજો ગુંજી ઉઠ્યાં.

અવાજ સાંભળી મેજર સોમદત્ત, પ્રલય, કદમ અને આદિત્ય, વિજયસિંહા એકદમ સતર્ક બની ગયા.

અને પછી શાંત વાતાવરણમાં ભૈરવ પક્ષીના કિલકિલાટીનો અવાજ ગુંજી ઉઠ્યો તે સંકેત હતો દુશ્મનો સામે મુકાબલો કરવાનો.

અને પછી પહેલી ગોળી કદમની એ.કે.47માંથી છુટી. આગના લિસોટા વેરતી ધમાકા સાથે ગોળી છુટીને અને એક સિપાઇ ચીસ નાખીને નીચે પછડાયો. તે સાથે જ કિંગવાનની ચીસ વાતાવરણમાં ગુંજી ઉઠી.

"પોઝિશન લઇ લો. દુશ્મનોએ આપણા પર હુમલો કર્યો છે." કિંગવાન ચિલ્લાયો. તે સાથે જ બધા ચીની સૈનિકો મોટા વૃક્ષોની આડમાં છૂપાઇ ગયા અને ટેકરીઓ તરફ નિશાન લઇ ધડાધડ ગોળીબાર કરવા લાગ્યા.

ગોળીઓના ધમાકાઓથી વાતાવરણ ગુંજી ઉઠ્યું.

ટેકરીઓ પાછળથી પણ કેટલીય ગોળીઓ છૂટી. તે મેજર સોમદત્ત અને તેની ટીમનો વળતો જવાબ હતા.

થોડી વાર પછી ફરીથી એકદમ શાંતિ છવાઇ ગઇ.

પણ પછી ટેકરીઓ તરફ ગોળીઓનો વરસાદ વરસ્યો. ગોળીઓના ધમાકા અને આગના ચમકારા વચ્ચે ગોળીઓની આતિશબાજી ફેલાઇ ગઇ.

ટેકરી પર લાગતી ગોળીઓને લીધે, ટેકરી પરથી ધૂળના ઢેફા અને કાંકરીઓ ઉડતી હતી અને તેની પાછળ છુપાયેલા સૌના પર ધૂળ, કાંકરીઓનો વરસાદ વરસી રહ્યો.

અચાનક જોરદાર ધમાકો થયો.

અને જયાં મેજર સોમદત્ત અને તેના સાથીઓ ટેકરીની પાછળ છૂપાયા હતા તેનાથી થોડે દૂર ચીની સૈનિકોએ મોર્ટાર વડે હુમલો કરતા ત્યાં બનેલો ટેકરો ધૂળોના ઢગલમાં ફેરવાઇ ગયો.

સામ-સામે સતત ગોળીબાર ચાલુ હતો.

મોર્ટાર વડે તેઓ પર હુમલો થતા પ્રલયનો ગુસ્સો સાતમા આસમાનેં પહોંચી ગયો. તેનો ચહેરો બદલાઇ ગયો. અત્યારે તે સાક્ષાત્ મહાકાશ જેવો દેખાતો હતો. ગુસ્સાથી દાંત કચકચાવીને પ્રલય મુઠ્ઠીઓ વાળી ટેકરીઓની ઉપર વૃક્ષોનાં ઝૂંડ તરફ ભાગ્યો. કેટલીય ગોળીઓ તેની પાછળ છૂટી.

"પ્રલય..." મેજર સોમદત્તના મોંમાંથી ચીસ નીકળી ગઇ. પણ પ્રલયને કશું જ ભાન ન હતું. બસ એક જ વાત તેના દિમાગમાં કબજો જમાવીને બેસી ગઇ કે ગમે તેમ કરી દુશ્મનોનો ખાત્મો બોલાવી દેવો.

ગોળીઓના વરસાદ વચ્ચે દોડતો તે વૃક્ષોના ઝૂંડ પાસે પહોંચી ગયો અને પછી જમ્પ મારી અંધકારમાં જ પ્રલયે કૂદકો માર્યો. તેના હાથમાં વૃક્ષની એક ડાળ આવી ગઇ. બીજી જ પળે તે વૃક્ષ પર ચડી ગયો અને પછી વાંદરાઓની જેમ ડાળો પર છલાંગ મારતો એક ડાળ પરથી બીજી ડાળ પર થઇને દુશ્મનો તરફ આગળ વધ્યો.

પ્રલયે જોયું, લગભગ બાર જેટલા સિપાઇઓ મેજર સોમદત્ત અને તેના સાથીઓ પર અંધાધૂંધ ગોળીઓ ચલાવતા હતા.

ક્રોધથી પ્રલયે દાંત કચકચાવ્યા. તેનો રતુંબડો ચહેરો અને લાલ આંખો તપાવેલા તાંબા જેવો થઇ ગયો હતો. બીજી બે ડાળ ટપી તે દુશ્મનોની આગળ અને પછી ઉપરની હનુમાન કૂદકો લગાવી કુધો.

"જય માં ભવાની..." ત્રાડ પાડતો તે સૈનિકોની પાછળ આવીને ઊભો રહ્યો.

તેની ત્રાડથી કેટલાય સિપાઇઓ હેબતાઇ ગયા. અંધકારમાં પ્રલયની આંખો સળગતા કોલસા જેવી દેખાઇ રહી હતી.

"આ... આ... કોણ છે...?" ધ્રુજતા અવાજે એક સિપાઇ પ્રલયની દેખાતી આંખે તરફ આંગળી ચીંધતા બોલી ઉઠ્યો.

"તમારો કાળ... કાળ... કાળ..." પ્રલયે આંગળી ચીંધતા કર્નલ કિંગવાને ચીસ નાંખી.

અને પછી જ બધા જ સિપાઇઓ પલટી જઇને રાઇફલોની નાળ પ્રલયની તરફ રાખી.

ધાંય... ધડ... ધડ... ધાંય... જોરદાર ધમાકાના અવાજ સાથે તીવ્ર પ્રકાશપૂંજ વેરતી કેટલીય ગોળીઓ પ્રલયને મારવા ધસી ગઇ.

પ્રલયનો દેહ હવામાં અધ્ધર ઉછળ્યો અને તેના દેહ રબરનો બનેલો હોય તેમ હવામાં વાંકો ચૂંકો થતા રહ્યો અને કેટલીય ગોળીઓ તેના દેહની આસપાસથી શોર મચાવતી નીકળી ગઇ.

અચાનક દુશ્મનો તરફ મેજર સોમદત્ત તરફથી એકદમ ગોળીબાર શરૂ થયો. કેટલાય સિપાઇઓ ગોળીથી વીંધાઇને ચીસ નાંખતા નીચે પછડાયા. કર્નલ કિંગવાંગ પ્રલયની ચપળતા જોઇ હક્કો-બક્કો રહી ગયો.

તે કશું કરે તે પહેલાં જ પ્રલયનો દેહ ફરી રબરના દડા જેમ ઉછળ્યો અને પછી હવામાં જ તેના પગ ધરતી તરફ સીધા થયા. બસ, બીજી જ પળે તેના પગની ભરપૂર લાતનો ભીષણ ફટકો કિંગવાંગના ચહેરા પર પડ્યો.

કિંગવાંગ લથડ્યો અને ચીસ પાડતો નીચે પછડાયો. પ્રલયનો દેહ તેના પર પડ્યો.

તરત કેટલાય સિપાઇઓના હાથમાંની રિવોલ્વર પ્રલય તરફ તંકાઇ.

"હેએએએ... ઇ..." પ્રલયના મોંમાંથી ત્રાડ નીકળી અને વાતાવરણમાં ગુંજી ઉઠી. પ્રલયનો એક હાથ કિંગવાંગની ગરદન ફરતે ઝડપથી વીંટળાઇ ગયો.

"તમારા કર્નલને જીવતો જોવો હોય તો રાઇફલો નીચે મૂકી દો..." ચીસ પાડતા પ્રલયે ગર્જના કરી, સિપાઇઓ હેબતાઇ ગયા.

પ્રલયે કિંગવાંગની ગરદન પરનો હાથના ભરડાને વધારે સખ્ત કર્યો. કિંગવાંગને થયું કે હમણાં જ તેના ગરદનની હાંડકી તૂટી પડશે.

હેબતાયેલા કર્નલ કિંગવાંગના મોમાંથી ગેં.. ગેં... જેવો અવાજ નીકલ્યો. તે ઇશારાથી પોતાના સિપાઇઓને રાઇફલો જલ્દી નીચે ફેંકી દેવા માટે કહી રહ્યો હતો.

સિપાઇઓ થોડી વાર તો પ્રલયનું વિકરાળ સ્વરૂપ જોઇને થીજી ગયા. પણ પછી કિંગવાંગની ચીસથી તેઓ સંમોહનમાંથી બહાર આવ્યા અને પછી ફટાફટ રાઇફલોને નીચે ફેંકી દીધી.

"હથિયાર મારા પગ પાસે મૂકી દો..." જાનવરના ઘુરકાટ જેવો અવાજ ભાંગી-તૂટી ચાઇનીઝ ભાષામાં નીકળ્યો.

બધા સૈનિકોને દિલમાં ફફડાટ વ્યાપી ગયો હતો. થોડી જ પળોમાં પ્રલયના પગ પાસે રાઇફલોનો ઢગલો થઇ ગયો.

"હવે દૂર ખસી જાવ..." પ્રલયના બોલતાં જ સૌ જાણે સામે છંછેડાયેલા સિંહને જોયો હોય તેમ દૂર ખસી ગયા.

થોડી ક્ષણો માટે વાતાવરણમાં એકદમ ખામોશી છવાયેલી રહી.

અને પછી શાંત વાતાવરણમાં કટ કટના આછા ધ્વનિ પછી કિંગવાંગના મોંમાંથી છેલ્લી મરણચીસ નીકળીને વાતાવરણમાં ખોફ છવાઇ ગયો.

પ્રલયે કિંગવાંગની ગરદન દબાવી તેની હાંડકી તોડી નાંખી હતી. અને બીજી જ ક્ષમે ચીસ નાંખતો તરફડીયા ખાતો કિંગવાંગ નીચે પછડાયો. તેના મોંમાંથી લોહીના ગોટા નીકળ્યા અને આંખો ફાટેલી જ રહી ગઇ. ગરદનની સ્પાઇન કોર્ડ તૂટી જતાં જ તે બે-ચાર ક્ષણ તરફડીયા મારી મૃત્યુ પામ્યો.

ઝડપથી પ્રલયે નીચા નમીને બધી જ રાઇફલોને એક હાથના સહારે ઊંચકી. બીજા હાથમાં એ.કે.56 પકડી ધીમે-ધીમે પાછલા પગે પાછળની તરફ સરકવા લાગ્યો.

પ્રલયને પાછો જતો જોઇ સૈનિકો બીતાં-બીતાં નજદીક આવવા લાગ્યા. પણ કોઇની હિંમત ચાલતી ન હતી કે પ્રલય પાસે જાય.

પ્રલયના ચહેરા પર કાતિલ સ્મિત ફરકી ગયું અને પછી એ.કે.56ની ટ્રિંગર પર તેનો હાથ ઝડપથી દબાયો.

ધાંય... ધાંય... ધાંય... કેટલીયે ગોળીઓ તેમાંથી છૂટી અને દૂર ઊભેલા સૈનિકોના શરીરમાં શોર મચાવતી ઘુસી ગઇ.

સૈનિકોની ચીસોના અવાજ સાથે જંગલ ખળભળી ઉઠ્યું. ત્યારબાદ થોડી પળોમાં જ ચીર ખોફભર્યો સન્નાટો પ્રસરી ગયો.

પ્રલયના મોંમાંથી હજુ જાનવરની ઘુરઘુરાટી જેવો અવાજ નીકળતો હતો. તેની આંખો લાલ અંગારા જેવી દેખાતી હતી.

"શાબાશ પ્રલય..." અચાનક પાછળથી પ્રલયના બાવડા પર વ્હાલથી હાથ ફેરવતાં મેજર સોમદત્ત બોલ્યા.

મેજર સોમદત્તના પ્રેમભર્યા સ્પર્શની સાથે પ્રલયનો ગુસ્સો ઠંડો પડતો જતો હતો. થોડી વારમાં તે શાંત થઇ ગયો.

"સર...! મેં બધા જ દુશ્મનોને ખતમ કરી નાંખ્યા."

"પ્રલય...ખરેખર તું ભારતમાતાનો સાચો સપૂત છે. તારી બહાદુરી અને દેશપ્રેમન હું સલામ કરુ છું..." મેજર સોમદત્ત બોલ્યા.

વૃક્ષોના ઝૂંડ પાછળ ખખડાટનો અવાજ આવતા જ પ્રલય ચમક્યો. પણ બીજી જ પળે તેના ચહેરા પર સ્મિત ચમકી ઉઠ્યું.

વૃક્ષોના ઝાંડ પાછળ છૂપાયેલા કદમ, આદિત્ય અને વિજયસિંહા બહાર આવ્યાં.

"પ્રલય ધી ગ્રેટ... ભાઇ... ભાઇ... હાડકાં કેમ તોડવા તે તો તારી પાસેથી જ શીખવા મળે..." હસતા ચહેરે આદિત્ય પ્રલયની સામે જોયું.

"તારે હાડકાનું કારખાનું બનાવવું હોય તો કહેજે. વગર મશીને હાડકાંઓનો ભૂક્કો પ્રલય તને કરી આપશે..." કદમ હસ્યો.

"ખરેખર પ્રલય જાંબાઝ સિપાઇ છે..." વિજયસિંહા બોલી ઉઠ્યો.

"ચાલો આગળ... સમય વીતતો જાય છે... આપણે હજુ મેજર કતારસિંગને શોધવાનો છે..." ગંભીરતાપૂર્વક મેજર સોમદત્તે કહ્યું.

"યસ સર...!" સૌ એકી સાથે બોલી ઉઠ્યા, અને પછી ગીચ જંગલમાં આગળ વધ્યા.

ચંદ્રમાં ધીમે-ધીમે પશ્ચિમ તરફ ડૂબવા લાગ્યો હતો. જંગલમાં ખોફભર્યા સન્નાટામાં નિશાચર પ્રાણીઓની ત્રાડો થોડી-થોડી વારે વાતાવરણમાં ખોફ ફેલાવતી હતી.

તેઓ લગભગ એક કિલોમીટર જેટલું ચાલ્યા હતા. સામેથી દુશ્મનોનો કોઇ જ પ્રતિસાદ તેઓને

મળ્યો ન હતો.

જંગલની ખામોશી કોરી ખાતી હતી. કેટલાય નાના-મોટા ટેકરાઓ ચડીને તેઓ તે જગ્યા પર આવી પહોંચ્યા, જ્યાં મેજર કતારસિંગ ચીની સૈનિકો વચ્ચે ઘેરાયેલા હતા.

અત્યારે મેજર સોમદત્ત અને તેમના સાથીઓ એક ઊંચી પહાડી પર હતા અને ત્યાંથી નીચેની તળેટીમાં થતી હિલચાલ પર બારીક નજર રાખી રહ્યાં હતાં.

કેટલાક ચીની સૈનિકો હજુ પણ ત્યાં ગોઠવાયેલા હતાં અને મોરચો સંભાળી બેઠા હતા.

અચાનક એક જગ્યા પર હિલચાલ દેખાઇ. નાઇટ વિઝન દૂરબીનથી સતત તાકી રહેલો કદમ ચમક્યો. કેટલાય સૈનિકોની વચ્ચે ત્રણ ભારતના સિપાઇઓ અને ચીની સૈનિકોનાં સંકજામાં ઘેરાયેલા હતા. ચીની સૈનિકો તેઓના હાથ પાછળથી બાંધેલા હતા. અને એક સૈનિક તેઓને ચામડાના પટ્ટા વડે મારી રહ્યો હતો.

"સર... આપણા ત્રણ સિપાઇઓ ચીની સૈનિકોના હાથમાં પકડાઇ ગયા છે. અને ચીની સૈનિકો તેઓને બંદી બનાવ્યા છે. અને ચામડાના પટ્ટા વડે મારી રહ્યાં છે." દૂરબીન મેજર સોમદત્તના હાથમાં આપતા ધડકતા હૈયા સાથે કદમે કહ્યું.

"સર...! હું હમણાં જાઉં છું. અને બધા ચીની સૈનિકોનો ખાત્મો બોલાવી દઉં છું..." ગુસ્સાથી તમતમતા પ્રલયે કહ્યું.

"ના..." મેજર સોમદત્ત મક્કમ સ્વરે બોલ્યા. "તેઓને છોડાવવા માટે હું અને વિજયસિંહા જઇએ છીએ. તમે ત્રણે અહીંની સતત ત્યાં નજર રાખજો. ચાલો વિજયસિંહા..." કહેતા મેજર સોમદત્ત પહાડી પરથી નીચે ઉતરતી કેડી પર ઝડપથી આગળ વધ્યો.

ચંદ્ર આથમી ગયો હોવાથી કંઇ જ દેખાતું ન હતું. વૃક્ષોના ઝૂંડ વચ્ચે પસાર થતાં મેજર સોમદત્ત અને વિજયસિંહા જયાં ચીની સિપાઇઓ ભારતના સૈનિકોને ઘેરીને ઊભા હતા, તેની એકદમ નજદીક પહોંચી ગયા.

મેજર સોમદત્તે ખિસ્સામાંથી લીંબુના કદ જેટલો સ્મોક બોમ્બ બહાર કાઢ્યો અને પછી પૂરી તાકાત સાથે જ્યાં સૈનિકો ઊભા હતા ત્યાં 'ઘા' કર્યો.

થોડી પળોમાં જ ત્યાં ગાઢ ધુમ્મસનું આવરણ છવાઇ ગયું. ચીની સૈનિકો આમથી તેમ દોડાદોડ કરવા લાગ્યાં.

સૈનિકોના બૂમબરાડાઓથી વાતાવરણ ગુંજી ઉઠ્યો. સાથે સાથે સૈનિકો એકદમ ઉધરસ ખાતા હતા.

"ચાલ..." કહેતાં મેજર સોમદત્તે વિજયસિંહાનો હાથ પકડયો અને પછી રફતારથી દોડતા-દોડતા તેઓ ચીની સૈનિકો તરફ આગળ વધ્યા.

અચાનક એક સૈનિક તેઓની સામે આવી ગયા. ધડામ... ના અવાજ સાથે વિજયસિંહાના હાથમાં પકડેલી રિવોલ્વરમાંથી ગોળી છુટી અને સીધી તે સિપાઇના સીનામાં ઘુસી ગઇ. છાતી પર હાથ દબાવતો સિપાઇ ત્યાં જ ઢળી પડ્યો.

વૃક્ષોના ઝૂંડમાંથી અચાનક ખડખડાટનો અવાજ આવ્યો અને પછી બે ચીની સિપાઇઓ ઉપરથી મેજર સોમદત્ત અને વિજયસિંહા ઊભા હતા ત્યાં કૂધા અને પછી એક સિપાઇના

રાઇફલની બટનો ફટકો વિજયસિંહાના મસ્તક પર લાગ્યો.

વિજયસિંહાના મોંમાંથી ચીસ નીકળી. શાંત વાતાવરણમાં ફેલાઇ તરત બીજો સૈનિક હાથમાં છુરો પકડી મેજર સોમદત્ત તરફ આગળ વધ્યો.

મેજર સોમદત્ત એકદમ સાવધાન થઇ ગયા અને પાછલા પગે તેઓ ધીરે-ધીરે આગળ વધી રહ્યો હતો.

અને પછી તે સૈનિકનો દેહ અચાનક હવામાં ઉછળ્યો અને ગતિથી મેજર સોમદત્ત તરફ આગળ વધ્યો. તેના હાથમાં પકડેલ છૂરાનું નિશાન મેજર સોમદત્તની છાતી હતી.

મેજર સોમદત્તના પગ ત્યાં જ સ્થિર હતા, પણ તેનો દેહ સ્પ્રીંગની જેમ પાછળની તરફ ઝુકી ગયો. અને પછી જેવો તેના બંને હાથ ધરતી પર નીચે આવ્યા કે તેના બંને પગ ઉપર ઉઠ્યાં. તે જ વખતે તે સિપાઇનો દેહ થોડી વાર પહેલા મેજર સોમદત્ત ઊભા હતા ત્યાં આવ્યો. તેનો છૂરી પકડેલો હાથ હવામાં ઘુમ્યો. પણ મેજર સોમદત્ત એટલી ઝડપથી પોતાના દેહને ઉથલાવી નાંખ્યો હતો કે તેના પગની લાતનો ફટકો સૈનિકના છૂરી પકડેલા હાથ પર પડ્યો.

સિપાઇના હાથમાંની છૂરી નીચે પડી ગઇ. બીજી જ ક્ષણે મેજર સોમદત્તનો દેહ ગુલાંટ ખાઇ ઉછળ્યો અને સીધો થયો અને પછી સીધો થતાંજ તેની લાતનો ફટકો સિપાઇની છાતીમાં ઘણના 'ઘા'ની જેમ પડ્યો.

સિપાઇનો દેહ હવામાં અધ્ધર ઉછળતો પાછળની તરફ જોઇને પડ્યો.

બીજી જ ક્ષણે નીચે પડેલી છૂરી ઉઠાવી મેજર સોમદત્તે તેની છાતી તરફ પૂરા જોશ સાથે 'ઘા' કરી. છૂરી સીધી સિપાઇને પેટમાં ઘુસી ગઇ અને પેટમાં ચીરો પાડતી અંદરના આંતરડાઓના બહાર ઢગલો કરતી ગઇ. તે સિપાઇ ત્યાં જ પડ્યા-પડ્યા તરફડિયા મારવા લાગ્યો.

બીજા સિપાઇના પગની લાતનો વિજયસિંહાના મસ્તક પર જોરદાર ફટકો લાગ્યો. તે સિપાઇના બૂટમાં ખીલા જડેલા હતા. ક્ષણ માટે વિજયસિંહાને તમ્મર આવી ગયા, પણ બીજી જ ક્ષણે વિજયસિંહાએ પોતાની જાતને સંભાળી ઊભો થયો.

સિપાઇનો બીજી વખત લાત મારવા માટે અધ્ધર થયેલો પગ વિજયસિંહાના હાથમાં જકડાઇ ગયો. વિજયસિંહાને તે સિપાઇએ મસ્તક પર ફટકો માર્યો હોવાથી વિજયસિંહા એટલો બધો છંછેડાઇ ગયો હતો કે તેણે પકડેલા સિપાઇના પગથી જ સિપાઇને અધ્ધર ઉંચક્યો અને પછી ગોળ-ગોળ ફરાવવા લાગ્યો. અને પછી ધોબી જેમ કપડાંને શિલા સાથે પછાડે તેમ પુરી તાકાત સાથે તે સિપાઇના દેહને એક વૃક્ષની સાથે પછડાયો. સિપાઇ ચીસ નાંખતો ત્યાં જ ઢળી પડ્યો.

મેજર સોમદત્ત જ્યાં નીચી સિપાઇઓ ભારતના સિપાઇઓને પકડીને ઊભા હતા તે તરફ દોડ્યા. ગમે તેમ કરીને ત્રણ સિપાઇઓને બચાવવાના હતા.

મેજર સોમદત્તનો શ્વાસ પણ ટિયરગેસના છોડેલા બોમ્બની અસરથી મુંજાતો હતો. પણ તેઓ મોં પર રૂમાલ બાંધી દીધો હતો. તેના હાથમાં એસ.એલ.આર. પકડેલી હતી.

"હરામખોરોને ખત્મ કરી નાંખો એટલે આપણે આગળ વધીએ..." એક ચીની સિપાઇનો અવાજ મેજર સોમદત્તને કાને પડ્યો. તેઓ સમજી ગયા કે તે સિપાઇ ભારતના ત્રણ સિપાઇને ખત્મ કરવાની વાત કરે છે. મેજર સોમદત્તનું મગજ ગુસ્સાથી ધણધણી ઉઠ્યું. એક તો રાત્રિનો અંધકાર અને તેમાંય ટીયરગેસના ધુમાડાના ગોટા હજુ ત્યાં વિખરાયેલા હતા.

આંખોને ખેંચી-ખેંચીને મેજર સોમદત્તે સામે જોયું તો ચાર ચીની સિપાઇઓ ભારતના સિપાઇને ઘેરીને ઊભા હતા. અને તેમાંનો એક સિપાઇની રાઇફલ તેઓને મારવા માટે તંકાયેલી હતી. તેના હાથની આંગળીઓ રાઇફલના ટ્રીગર પર દબાણ કરતી હતી.

મેજર સોમદત્તે દાંત કચકચાવ્યા અને પછી તેના હાથમાં પકડેલી એસ.એલ.આર.ની ટ્રીગર પર તેની આંગળીઓ દબાવી.

ધડામ...ધડામ...ધાંય... ધાંય...નો શોર મચાવતી કેટલીય ગોળીઓ ત્યાં ઊભેલા ચીની સૈનિકોની તરફ છુટી. ચીસો પાડતાં ચાર સૈનિકો ત્યાં જ પછડાયા.

"સર...! આપ ઠીક તો છો ને...?" મેજર સોમદત્તની પાછળ વિજયસિંહાનો અવાજ સંભળાયો.

"વિજય... તું ઝડપથી આપણા સિપાઇઓના બંધનો છોડીને જયાં પ્રલય, કદમ અને આદિત્ય છુપાયા છે, ત્યાં લઇ જા..." ઉતાવળે મેજર સોમદત્ત બોલ્યા.

"સર...! આપ...?" ત્રણે સિપાઇઓ તેઓને મેજર કતારસિંગ સમજીને બોલી ઉઠ્યા.

"હા... તમે સાચું જ કહ્યું છે. પણ હું મેજર કતારસિંગ નથી. હું ભારતથી તમને મદદ કરવા માટે આવેલ એક સિપાઇ છું." મેજર સોમદત્તના સ્વરમાં લાગણી નીતરતી હતી.

"પણ સર...! તમે તો હુબહુ મેજર કતારસિંગ જેવા જ લાગો છો..." આશ્ચર્ય સાથે એક સિપાઇ બોલી ઉઠ્યો.

"હા... અને તેનો જ લાભ લઇ હું તમારા સુધી પહોંચ્યો છું." ગંભીરતા સ્વરે તેઓ આગળ બોલ્યા.

"દોસ્તો, સમય એકદમ ઓછો છે. મેજર કતારસિંગ ક્યાં છે. તે તમે મને બતાવો એટલે તેમને હું ચીની સિપાઇઓના ઘેરામાંથી છોડાવી લાવું."

"પણ સર... અહીં તો ચારે તરફ ચીનના સિપાઇઓ ફેલાયેલા છે. અમે તેમનાથી થોડી વાર પહેલાં જ છુટા પડી અને ચીની સૈનિકોના હાથમાં સપડાઇ ગયા હતાં."

"તેઓ અત્યારે ક્યાં છે...?" મેજર સોમદત્તે તે ભારતીય સિપાઇની સામે જોયું.

"મને ખબર છે, સર...! હું તમારી સાથે આવું છું. ચાલો જલ્દી..." તેમાંનો એક સિપાઇ ઉતાવળે બોલ્યો.

"વિજયસિંહાએ તમે આ બંને સિપાઇ સાથે પ્રલય, કદમ અને આદિત્ય પાસે ચાલ્યા જાવ. હું થોડી જ વારમાં મેજર કતારસિંગને છોડાવી ત્યાં પહોંચી આવીશ..."

"સર... પછી તમે ત્યાં એકલા જાવ તેના કરતાં આપણે સૌ તમારી સાથે ચાલીએ..." એક સિપાઇએ વિવેક સાથે કહ્યું.

"તમને લઇ જવામાં વાંધો નથી પણ તમે બધા મારા સાથીઓ સાથે ત્યાં સલામત રહેશો. અહીં મને તમારી ચિંતા નહીં રહે અને હું ઝડપથી કામ પતાવી શકીશ..."

મેજર સોમદત્ત બોલી ઉઠ્યા.

"ઓ.કે. સર...! અમે જઇએ છીએ, તમે તમારો ખ્યાલ રાખજો..." વિજયસિંહા બોલ્યા. પછી

બંને સિપાઇઓને ઇશારો કરી પોતાની પાછળ આવવા કહ્યું. થોડી વારમાં જ વિજયસિંહા અને બે સિપાઇઓના વૃક્ષોના ઝૂંડ વચ્ચે અર્દશ્ય થઇ ગયા.

"ચાલો..." એક ઊંડો શ્વાસ લઇ મેજર વિજયસિંહાએ એસ.એલ.આર. ને બંને હાથ વડે પકડતાં બોલ્યા.

"સર...! આ તરફ લગભગ પાંચ કિલોમીટરની દૂરી પર તેઓ અમારાથી છૂટા પડ્યા હતા. એટલે આપણે ત્યાંથી જ તેઓની શોધને શરૂ કરીએ. તેઓ પકડાઇ પણ ગયા હશે તો ચીનની સિપાઇઓ તેઓને હજુ આગળ લઇ ગયા નહીં હોય..." સિપાઇ બોલ્યો અને પછી બંને સિપાઇઓ બતાવેલા રસ્તે તરફ ઝડપથી આગળ વધવા લાગ્યાં.

વિજયસિંહા ઝડપથી તે બે સિપાઇઓને લઇ જે ટેકરી ઉપર પ્રલય, કદમ અને આદિત્ય છુપાયા હતા તે તરફ આગળ વધી ગયાં.

રાત્રિનો સમય પસાર થઇ રહ્યો હતો.

જંગલ એકદમ ખતરનાક લાગી રહ્યું હતું. રાત્રિનો ખોફભર્યો સન્નાટો ખાવા દોડતો હતો.

મેજર સોમદત્ત ગાઢ અંધકારભર્યા વાતાવરણમાં વૃક્ષોના ઝૂંડ વચ્ચે છુપાતા આગળ વધતા હતા.

તમરા અને દેડકાંઓના અવાજ સન્નાટાભર્યા વાતાવરણમાં ખોફ પેદા કરતા હતા.

કેટલું ચાલ્યા હશે તેની મેજર સોમદત્તને ખબર ન હતી. પણ ધીમા અવાજે કોઇ વાત કરી રહ્યું હોય તેવો ભાસ થતાં જ મેજર સોમદત્ત આગળ વધતા અટકી ગયા.

વૃક્ષોના ઝૂંડની પાછળ છુપાઇ તેઓ એક ધ્યાનથી વાત સાંભળવા લાગ્યા.

"જો સામે જ વૃક્ષો પાછળ મેજર કતારસિંગ છુપાયા છે, આપણે તેને ચીલ ઝડપ સાથે પકડીને આપણા મેજર પાસે લઇ જઇશું તો તેઓ ચોક્કસ આપણને ઇનામ આપશે. તેઓ મેજર કતારસિંગને પકડી ચીન સરકારના હવાલે કરવા તલસી રહ્યાં છે."

"તને ખાતરી છે કે સામેના વૃક્ષના ઝૂંડમાં મેજર કતારસિંગ છુપાયા છે..." બીજા સૈનિકે પહેલા સૈનિકને ધીમા અવાજે પૂછ્યું. પણ તેનો ધીમો અવાજ પણ મેજર સોમદત્તના કાને પડી ગયો. તેઓની વાત સાંભળી ચમકી ગયેલા મેજર સોમદત્ત એકદમ ચમકી ગયા પણ પછી તેઓ શાંતિચિત્તે એક નજરે તે સિપાઇઓની એકદમ નજીક પહોંચીને છૂપાઇ ઊભા રહ્યા. મેજર કતારસિંગનું નામ પડતાં તેઓ એકદમ ઉત્તેજિત થઇ ગયા. જેના માટે તેઓ જિંદગીનું જોખમ અને મોતના ખોફને નેવે મૂકી અહીં સુધી આવ્યા હતા. જે તેઓના મિશનનું મકસદ હતું. તેવા મેજર કતારસિંગ તેઓની એકદમ નજદીક છે તે વિચારથી તેઓમાં રોમાંચ ભરી ઉત્તેજના ફેલાઇ.

"ચાલ, ધીમા પગલે, જરાય અવાજ ન કરતો. મેજર કતારસિંગથી આપણે ખૂબ જ નજદીક છીએ..."

બીજા સિપાઇએ એક સિપાઇને ધીમા સ્વરે કહ્યું. પછી બંને જરાય અવાજ ન થાય તેની ખબર રાખી. રાઇફલોને આગળ ધરી વૃક્ષોનાં ઝૂંડમાં આગળ વધ્યા. મેજર સોમદત્ત તેઓનો પીછો કરી રહ્યાં હતા. વાતાવરણમાં એટલો ખોફ છવાયેલો હતો કે ભલભલાની છાતીના પાટીયા બેસી જાય, પણ મેજર સોમદત્ત પૂરી ર્દઢતાની સાથે મક્કમ પગલે આગળ વધી રહ્યાં હતાં.

તેઓના હાથમાં રહેલી એ.કે.**56** મશીનગન ગમે ત્યારે મોતરૂપી ગોળીઓનો વરસાદ કરવા તૈયાર હતી.

અચાનક સામેની ઝાડીમાં ખખડાટનો અવાજ આવ્યો અને બંને સિપાઇ એકદમ સાવચેતીથી રાઇફલનું નિશાન તાકી આગળ વધ્યા.

અને પછી જયાં મેજર કતારસિંગ છુપાયા હતા તેઓની પાછળ આવી પહોંચ્યા.

મેજર કતારસિંગનું સમગ્ર ધ્યાન સામેની તરફ હતું. સામેની તરફથી આવતો ગોળીબાર બંધ થઇ ગયો હતો. છતાં પણ મેજર કતારસિંગ અને સાથેના બે સિપાઇઓ છુપાઇને આતુરતાથી સામનો કરવા તૈયાર હતાં.

Chapter 8

સર્જિકલ સ્ટ્રાઇકનો અંત

"હોલ્ટ..."નો પહાડી અવાજ વાતાવરણમાં ગુંજી ઉઠ્યો. મેજર કતારસિંગ અને તેની સાથેના સિપાઇઓ કાંઇ પણ વિચારે કે સમજે તે પહેલાં ચીનના તે બે સિપાઇઓ પાછળથી રાઇફલો તાકીને ઊભા રહી ગયા.

મેજર કતારસિંગ અને તેના સાથીઓ એકદમ ચમકી ગયા પણ મોડું થઇ ગયું હતું. ચીનના બંને સિપાઇઓ તેઓની પાછળ રાઇફલો તાકીને ઊભા હતા.

મજેર કતારસિગ ક્રોધ સાથે દાંત કચકચાવ્યા અને પછી ધીમેથી પોતાની મશીનગન નીચે મૂકી હાથ ઊંચા કરીને ઊભા રહ્યાં, તેમના સાથે આવેલ બે સિપાઇઓએ પણ તેઓનું અનુકરણ કર્યું.

"શાબાશ...ચુહા હમારી જાલ મેં ફસ ગયા. જરાય હરકત કર્યા વગર હાથ ઊંચા કરીને ઊભા રહેજો નહીંતર અમારી રાઇફલની ગોળીઓ તમારી છાતીઓમાં હોલ કરીને પસાર થઇ જશે." ધમકીભર્યા અવાજે તે એક સિપાઇ બોલ્યો.

મજેર કતારસિંગના ચહેરા પર થાક અને નિરાશા તરવરી રહી હતી. તે પોતાના સાથીઓ સાથે પૂરી રીતે ચીનના સિપાઇઓ સામે સંઘર્ષ કરતા રહ્યા હતા. પણ છેવટે તેઓ ચીનના સૈનિકોના હાથમાં સપડાઇ ગયા.

પૂરી રાત્રિના દોડમદોડ કરવાથી અત્યારે તેઓ થાકી ગયા હતા. આશાનું છેલ્લું કિરણ પણ ખતમ થઇ ગયું હતું. "ચીનાઓના હાથમાં પકડાવવા કરતા પોતે પોતાના સીનામાં ગોળી મારી દીધી હોત તો સારું થા." મગજમાં દોડતા વિચારોને ખંખેરી તેઓ હાથ ઊંચા કરીને ઊભા રહ્યાં.

"ચાલો...તમને અમારે ઝંડા શહેરમાં લઇ જવાના છે. રસ્તામાં જરા પણ ચાલાકી કરશો તો બધા જ માર્યા જશો..." એક ચીની સિપાઇ રાઇફલની નાળને કતારસિંગની કમરમાં ઘુસાડતા બોલ્યો.

મેજર કતારસિંગનું મગજ અપમાન અને ક્રોધથી તમતમી ગયું, પણ તેઓ લાચાર હતા. ચીનના સૈનિકોના હાથમાં સપડાઇ ગયા હતા.

મન મક્કમ કરી તેઓ આગળ વધ્યાં. ચીની સૈનિકો તેઓને રાઇફલની નાળ વડે પાછળથી ધકેલતા હતા.

"ચાલો...જલદી, તમારું મોત તમને બોલાવે છે.ઝંડા પહોંચ્યા પછી તમે પોતે જ અમારી પાસે મોતની ભીષ માંગવાના છો." એક સિપાઇ હસતાં હસતાં બોલ્યો.

"મોત... મોત તો તમારું આવી રહ્યું છે. હરામખોરો, હવે તમે બંને હાથ ઉપર કરો નહિંતર ભુંજી નાખીશ." પાછળથી આવેલો અવાજ સાંભળીને બંને સૈનિકો એકદમ ચમકી ગયા અને પછી પાછળની તરફ નજર ફેરવી તેઓના હાથમાં પકડેલ ડીમ લાઇટવાળી ટોર્ચનો ગોળ પ્રકાશ વેરતો પાછળ ફર્યો અને બંને ચીની સૈનિકો એકદમ હેબતાઇ ગયા. હાથમાંથી રાઇફલો નીચે પડી ગઇ. આંખોમાં દહેશત ફેલાઇ ગઇ. જાણે કોઇ સ્વપ્ન જોયાં હોય તેમ તો તેઓની પાછળ મશીનગન લઇને ઊભેલા બીજા મેજર કતારસિંગને જોઇને સ્તબ્ધ બની ગયા.

"ત...તું...તું...કોણ છો ?" ધ્રુજતા અવાજે એક સિપાઇ બોલી ઉઠ્યો. હજુ તેઓને ભરોસો થતો ન હતો કે તેની આગળ અને પાછળ એમ બે કતારસિંગ ઊભા હતા.

"કેમ મજા આવીને ? તમને એક કે કતારસિંગ તમારા હાથમાં સપડાઇ ગયો છે. એટલે ખુશ થતા હતા પણ હવે આનંદ ક્યાં અલોપ થઇ ગયો ?" મેજર સોમદત્ત સખત અવાજે બોલ્યાં. મેજર સોમદત્ત અત્યારે બિલકુલ સામે ઊભેલા મેજર કતારસિંગ જેવા જ લાગી રહ્યા હતા. જાણે મેજર કતારસિંગની સામે આયનો મૂકી દેવામાં આવ્યો હોય. ખુદ મેજર કતારસિંગ પણ સ્તબ્ધ બનીને એકીટશે ટગર ટગર આંખો વડે પોતાની સામે ઊભેલા પોતાના પડછાયા જેવા કતારસિંગને જોઇ જ રહ્યાં હતાં.

"અસલ કતારસિંગ હું છું, ચાલો તમે બંને હાથ ઊચા કરી ઘૂમી જાવ." સખત અવાજે મેજર સોમદત્ત ચીની સિપાઇઓની છાતી તરફ મશીનગન રાખતાં બોલ્યાં.

"પણ...પણ...કતારસિંગ તો આ છે..." ધ્રુજતો એક સિપાઇ બોલ્યો.

"ના, અસલી કતારસિંગ હું છું. તમે મારા ડુપ્લિકેટને લઇ જઇ રહ્યા હતા. માટે હવે તે ડુપ્લીકેટની સાથે તમે પણ તમારા હાથને ઉપર કરી દો. મને વારંવાર સૂચના આપવાની આદત નથી."

મેજર સોમદત્તનો સખત ક્રોધભર્યો ચહેરો જોઇને તે ચીની સૈનિકોએ પોતાની રાઇફલો નીચે મૂકી દીધી અને પાછળ ફરી જઇ હાથ ઊંચા કરી દીધા.

"પાછળ જોયા વગર તમે અહીંથી ભાગી છુટો. નહિતર હું પાંચ બોલ્યા પછી તમને ગોળી મારી દઇશ." મેજર સોમદત્ત ઊંચા સ્વરે બોલ્યા અન બીજી જ ક્ષણે ગાડી ચૂકી જવાના હોય તેમ પગ માથા પર મૂકીને તે સૈનિકો દોડ્યા.

"આપ...આપ...કોણ છો?" મેજર કતારસિંગ મેજર સોમદત્તની સામે આશ્ચર્યથી જોતા પૂછ્યું.

"મેજર કતારસિંગ...તમને છોડાવવા માટે હું ભારતથી આવ્યો છું એટલું જ બસ નથી ?"

"ઓ.કે. સર? હવે આપણે હવે શું કરવાનું છે ?"

"મારા સાથીઓ અહીંથી થોડે દૂર એક સ્થળ પર આપણી વાટ જુએ છે, આપણે જેમ બને તેમ જલદી ત્યાં પહોંચવાનું છે."

"સર...આપ મેજર કતારસિંગને અહીંથી લઇ જઇ તમારા સાથીઓ પાસે પહોંચી જાવ. અમે બંને તમારી પાછળ ચીની સૈનિકોને રોકતાં-રોકતાં આવીએ છીએ અને અમારી વાટ તમે જોતા નહી. અહીં જગંલના એક-એક ખૂણા પર ચીની સૈનિકો છે. જો તમારી પાસે અમે ન પહોંચ્યા તો સમજી લેજો અમે માં ભારતની રક્ષા કાજે શહીદ થઇ ગયા છીએ."

મેજર સોમદત્ત તે સૈનિકની સામે જોઇ જ રહ્યાં. આ હતી ભારતીય સૈનિકોની માતૃભૂમિ પરની સાચી લાગણી, દેશભકિત અને વીરતા.

"તમે સૌ આગળ વધો. અમે તમારા સૌની પાછળ રહીને ચીની સૈનિકોને રોકતો ત્યાં આવું છું.સર...! હવે ખોટો સમય બગાડવાનો નથી. આસપાસ ઘણા જ ચીની સૈનિકો ફેલાયેલા છે." બીજો સિપાઇ બોલી ઉઠ્યો.

"ઓ.કે. તમે બંને માં ભારતના સપૂત છો, હું ગમે તેમ કરી મેજર કતારસિંગને ભારતની સીમાની અંદર લઇ જઇશ, તેમ કરતાં મને મોત આવશે તો પણ પરવા નથી. જય હિન્દ..." બોલતાં મેજર સોમદત્તે તે બે સૈનિકોને સલામી આપી. પછી ઝડપથી મેજર કતારસિંગને લઇને આગળ વધ્યા.

નાની-મોટી પહાડીઓ પસાર કરતા મેજર સોમદત્ત, મેજર કતારસિંગને લઇને પોતાના સાથીઓ જે તરફ હતા તે સ્થળો લઇ જવા આગળ વધતા હતા. વચ્ચે એક ચીની સૈનિકો તેઓની ઝપટમાં આવી ગયો હતો. પણ મેજર સોમદત્તે તેની પાસેની રાઇફલ ઝુંટવી લઇ પછી દોડાવી દોડાવીને ખૂબ જ દૂર મૂકી આવ્યા હતા.

થોડી થોડી વારે ગોળીઓના ધમાકા વાતાવરણમાં થતા હતા. પણ પછી મૌન સન્નાટો પ્રસરી જતો હતો.

અચાનક ભૈરવ પક્ષીની કિલકિલાટનો અવાજ ગુંજી ઉઠ્યો.

"અરે...મને લાગે છે કે સર આવી ગયા છે, આ તો સાંકેતિક અવાજ છે." કદમ આનંદમાં આવી ગયો.

"ચાલો, સર આવી જાય, સાથે મેજર કતારસિંગ આવી જાય એટલે જલદી ભારતની બોરડરમાં ઘુસી જઇએ." ઉત્સાહપૂર્વક વિજયસિંહાએ કહ્યું.

અચાનક તેઓની સામે બે મેજર સોમદત્ત પગટ થતા જોડી વાર માટે સૌ આશ્ચર્યમાં પડી ગયા.

મેજર કતારસિંગ આબેહુબ મેજર સોમદત્ત જેવા જ લાગી રહ્યાં હતા. આ પણ કુદરતનો કરિશમા હતો કે બંને એકબીજાના હમશકલ હતા.

"સર..."

"સર...!" આશ્ચર્યના ઉદ્દગાર સૌના મોંમાંથી નીકળી ગયાં.

" આ છે મેજર કતારસિંગ..." મેજર સોમદત્ત સ્મિત સાથે બોલ્યા.

"પણ સર...!" વિજયસિંહા બોલવા ગયા. પણ મેજર સોમદત્તે હાથ લાંબો કરી બંનેને બોલતા અટકાવી પોતે બોલ્યા, મારા હમસકલ છે, તેથી જ આ મિશન આપને સોંપવામાં આવ્યું છે.

"ખરેખર, ફિલ્મના રામ ઔર શ્યામની જોડી લાગે છે." કદમ બોલ્યો. સૌ હસી પડ્યાં.

અચાનક વૃક્ષોની ડાળીઓના ખડખડાટથી સૌ વાતો બંધ કરી અને એકદમ સતર્ક થઇ ગયા. બધાના હાથમાં અત્યારે એ.કે.56 પકડેલી હતી. જે ગમે તે ક્ષણે ગોળીઓનો વરસાદ કરવા તે તૈયાર હતી.

ખડખડાટના અવાજ પછીની થોડી પળો શાંતિની હતી. પણ ત્યારબાદ વૃક્ષોના ઝૂંડમાથી બે સિપાઇઓ રાઇફલો લઇ બહાર નીકળી આવ્યા અને જ્યાં મેજર સોમદત્ત વગેરે છુપાયા હતા તે ટેકરીની તરફ દોડવા લાગ્યા.

"કોઇ ગોળી ન ચલાવતા... આ તો મારા બે સાથીઓ છે." કતારસિંગ ધીમા દબાતા અવાજે બોલ્યા અને પછી કોર્ડવર્ડ ભાષામાં ચીસ નાંખી. દોડતાં તે બંને સિપાઇઓના પગમાં બ્રેક લાગી હોય તેમ ઊભા રહ્યા અને ચારે તરફ જોવા લાગ્યા. અચાનક તેઓની નજર નાની ટેકરી પાસે છુપાયેલા કતારસિંગ પર પડી જે સફેદ રૂમાલ હાથમાં રાખીને હલાવી રહ્યાં હતા.

બંને સિપાઇઓ તરત તે સ્થળ પર કતારસિંગ પાસે આવી ગયા.

"સર...! અમે આવી ગયા છીએ..." મેજર કતારસિંગને સેલ્યુટ મારતાં બંને બોલ્યા, "હવે આપણા સિપાઇઓમાંતી કોઇ અહીં આવવાના બાકી છે...." મેજર કતારસિંગે પૂછ્યું.

"ના... સર... આપણા બાકીના બધા જ સિપાઇઓ ભારતની બોર્ડર તરફ પહોંચી ગયા છે..." એક સિપાઇએ કહ્યું.

"સરસ...! તો ચાલો સૌ જલદી..." મેજર કતારસિંગના ચહેરા પર આનંદના ભાવ છલકાતા હતા.

"પણ સર..." બીજો સિપાઇ બોલ્યો.

"શું પણ...? શું વાત છે.?"

"સર...! અમે એટલા ઝડપથી દોડતાં અહીં આવ્યા પહોંચ્યા છીએ કેમ કે આગળ એક ચોકી પરથી વાયરલેસ ફોન દ્વારા ત્યાંથી ઝંડા વાત થતી હતી અને આ તે વાત આપણા વિષયમાં જ હતી. તેઓ આપણે છટકી ગયા છીએ તેવી સૂચના આપતા હતા. ત્યારે સામેથી કહેવામાં આવ્યું હતું કે સામેથી લગભગ પચાસ સિપાઇઓની ટીમ લગભગ ત્યાં પહોંચવાની તૈયારી પર છે. અને તે સિપાઇઓ સાથે તમે સૌ જંગલ ફેંદી નાખજો અને કતારસિંગ અને ભારતીય સિપાઇઓને પકડી પાડો અથવાર ઠાર કરી નાંખજો.એ લોકોની વાત સાંભળી પુરવાટ વેગે સાથે દોડતાં અહીં આવી ગયા."

"એનો મતલબ એ જ કે હજુ આપણી સામે ચીનનુ લશ્કર ટકરાવવાનું છે..." વિચારવશ અવસ્થામાં બોલતા મેજર કતારસિંગ વિચારમાં પડી ગયા. થોડી વાર પછી તેઓ બોલ્યા, "ચાલો, જલદી આપણે ગમે તે થાય પમ આગળ દબાંગ સિયાંગ નદી પરનો પુલ પસાર કરી જવો પડશે, તો જ ચીનના લશ્કરના હાથમાં છટકી શકીશું."

"પણ સર...! તેઓ આગળ પર આપણો પીછો તો પકડવાના જ છે ને." પ્રલય બોલ્યો.

"તેવું નહીં થાય... ચાલો ઝડપથી પુલ પાર કરી આપણે પુલને જ ઉડાવી નાંખીશું પછી આટલા ઘોડાપૂર નદીના પાણી વચ્ચેથી પસાર થઇને પેલી તરફ નહીં આવી શકે..." વિજયસિંહા બોલ્યો.

"પણ પુલ ઉડાડવા જેટલો સમય આપણી પાસે ક્યાં છે...?" કદમે પૂછ્યું.

"સમય... કદમ સમય હાથમાંથી છટકી જાય તે પહેલા આપણે પુલ ઉડાડીને ભારતની બોર્ડર પર પહોંચી જઇશું..." વિજયસિંહાના ચહેરા પર મક્કમતા હતી.

"જે કરવું હોય તો જલદી કરો, હમણાં જ ચીની સિપાઇઓ પહોંચી આવશે તો બોર્ડર પાર કરી શકીશું નહીં..." કતારસિંગ બોલ્યા.

"આપણી પાસે પુલ ઉડાડવા માટે જોઇતી સામગ્રી છે...?" કતારસિંગે મેજર સોમદત્ત સામે જોયું.

"હા... આપણી પાસે પૂરતાં પ્રમાણમાં બારુદનો જથ્થો છે... પણ..."

"સર...! આપ ચિંતા ન કરો. પુલ હું ઉડાડી દઇશ, તમે સૌ પુલ પસાર કરીને આગળ વધી જાવ..." મક્કમતાભર્યા અવાજે પ્રલયો બોલ્યો.

"પ્રલય... પુલ ઉડાડવો આસાન નથી અને તું એક શું કામ પુલ ઉડાડા... આપણે સાથે જ છીએ તો સૌ સાથે મળીને પુલ ઉડાડશું." કદમે પૂછ્યું.

"આપણી પાસે સમય નથી જે કરવું હોય તે જલ્દી કરો..." હોઠ ચાવતા કતારસિંગ બોલી ઉઠ્યા.

"સર... અમે સૌ તૈયાર જ છીએ..." કહેતાં આદિત્ય પુલના બાજુમાં ચીન તરફ ચીની સૈનિકોએ બનાવેલી ઝૂંપડી તરફ દોડ્યો અને પછી એક કોથળો ઉઠાવી એટલી જ ઝડપથી ત્યાં આવી પહોંચ્યો.

સૌ ઝડપથી કોથળામાં મૂકેલો, છુપાવેલો સામાન બહાર કાઢવા લાગ્યા.

અને પછી ત્યાં રીતસરની દોડમદોડી શરૂ થઇ ગઇ. ચાવી લાગેલા પૂતળા જેમ બટન દબાવતા શરૂ થઇ જાય તેમ સૌ ફટાફટ પુલ પર બારુદની જાળ બિછાવવા લાગ્યા.

અચાનક ઘોર અંધકારને ચીરતો પ્રકાશપૂંજ જોઇને મેજર સોમદત્ત ચમકી ગયા.

તેઓના ચહેરા પર ચિંતાની લકીરો ફેલાઇ.

"સાથીઓ... ચીની સૈનિકો આવી રહ્યાં છે. મને નથી લાગતું કે તેઓ અહીં આવી પહોંચે આપણે પુલને ઉડાડી દઇ શકીએ. જુઓ, સામે દૂર-દૂર પ્રકાશપૂંજ દેખાઇ રહ્યો છે. ચોક્કસ ઝંડા શહેરમાંથી ફોજની બટાલીયન આપી પહોંચી છે."

મેજર સોમદત્તની વાત સાંભળી સૌ ચમકી ઉઠ્યા. કામ કરતાં સૌના હાથ એકાએક બ્રેક લાગી ગયા. સૌએ દૂર –દૂર દેખાતાં પ્રકાજપૂંજની સામે જોયું.

"સર...! અવાજ નથી આવતો એટલે તેઓ આપણાથી હજુ ઘણા દૂર છે. આપણે જલ્દી કરીએ તો ચોક્કસ પુલ ઉડાડી દઇશું..." પ્રલય બોલ્યો.

"એક કામ કરો હું અને સર ચીની બટાલિયન જે તરફથી આવે છે, તે તરફ જઇને ગોળીબાર કરતાં-કરતાં તેઓને રોકવાની કોશિશ કરીએ ત્યાં સુધી તમે સૌ બારૂદની જાળને બીછાવી દો." વિજયસિંહા ઝડપથી બોલ્યો.

"હા, એ વાત ઠીક છે.... ચાલો હું પણ તમારી સાથે આવું છું ચાલો સર..." ગંભીર મુદ્રામાં આદિત્ય બોલ્યો.

"ચાલ... આદિત્ય, વિજયસિંહાનું કહેવું બરાબર છે. આપણે તેઓની સામે જઇને તેઓને રોકી રાખીએ..." મેજર સોમદત્ત મનમાં કોઇ નિર્ણય લઇ બોલ્યા. અને પછી વિજયસિંહા અને આદિત્ય સાથે જંગલમાં દેખાતા પ્રકાશપૂંજની સામે થવા લાગ્યાં.

આદિત્યના હાથમાં થેલો હતો તેમાં બોમ્બ મૂકેલા હતા. સૌના હાથમાં એકે-47 પકડેલી હતી.

ધીમે-ધીમે ચીની સૈનિકોની બટાલીયન તરફથી રાડારાડનો અવાજ પણ સંભળવા લાગ્યો.

મેજર સોમદત્ત લગભગ દોડતા હતા અને તેની પાછળ વિજયસિંહા અને આદિત્ય દોડતા હતા. નાની મોટી ટેકરીઓને તો તેઓ જમ્પ મારી કૂદી જતા હતા.

આ તરફ પ્રલય, કદમ, મેજર કતારસિંગના સાથીઓ સાથે પુલ પર બારૂદની જાળ બીછાવવા લાગ્યા.

દરેક મિનિટની તેઓને કિંમત હતી. જો ચીની બટાલીયન ત્યાં પહોંચી આવે તો ત્યાંથી તેઓનો સામનો કરતા-કરતા જવાનું મુશ્કેલ હતું.સૌના દિલ જોરજોરથી ધડકતા હતા. ચિંતા છોડીને તેઓ ફટાફટ કામે લાગ્યા હતા. ઠંડો પવન વાતો હોવા છતાંય સૌના ચહેરા પરસેવાનું બુંદ ટપકી રહ્યાં હતાં.

ચંદ્ર આથમી ગયો હતો. વાદળાંઓથી ભરાયેલું આસમાન એકદમ શૂન્ય પ્રકાશ અને શૂન્ય અવકાશ જેવું ભાસી રહ્યું હતું. દૂર-દૂર જંગલી નિશાચર પ્રાણીઓની ચીસોનો અવાજ સંભળાઇ રહ્યાં હતાં. થોડી-થોડી વારે આકાશમાં થતી વીજળીના પ્રકાશનો લાભ લઇ સૌ કામ કરી રહ્યાં હતાં.

ટેકરીઓની આડ લેતાં તેઓ આગળ વધી રહ્યાં હતા. હવે સામેથી આવતી ચીની બટાલિયનના અવાજ સ્પષ્ટ સંભળાતો હતો.

"જલદી પોઝિશન લઇ લો... દુશ્મનોની બટાલિયન એકદમ નજદીક આવી પહોંચી છે." ધીમા સુસવાતા અવાજે મેજર સોમદત્ત બોલ્યા અને પછી તેઓ જમ્પ મારીને એક ટેકરીની આડમાં છૂપાઇ ગયા. ત્યાંથી સામે આવતી બટાલિયનના હાથમાં રહેલી ટોર્ચના પ્રકાશ દેખાતો હતો.

મેજર સોમદત્તે દાંત કચકચાવ્યા અને પછી તેઓના હાથની આંગળીઓ 47ની ટ્રીંગર ઉપર દબાઇ.

ધાંય...ધાંય...ધાંય...ગોળીઓનો અવાજ સાથે વાતાવરણ કંપી ગયું. કેટલીય ચીસોના અવાજ પણ સાથે ફેલાયા.

આદિત્ય અને વિજયસિહા પણ અલગ-અલગ ટેકરીઓની પાછળ પોઝીશન લઇને આવતી બટાલિયન પર ગોળીઓનો વરસાદ વરસાવવાનો શરૂ કરી દીધો.

"ચારેબાજુ છુટા થઇને ફેલાઇ જાવ..." કોઇની બૂમ સંભળાઇ. "દુશ્મનો આસપાસ છે. તેનો ઘેરો નાંખો અને ખત્મ કરી નાંખો." ક્રોધભર્યા અવાજ ઝંડા સિટીથી બટાલિયન લઇ આવેલા મેજર લીનસુંનો હતો. તે કોઇ પણ સંજોગોમાં મજેર કતારસિંગને છટકલા દેવા માંગતો ન હતો.

હજુ વાતાવરણમાં અંધકારની સાથે ખોફભર્યો સન્નાટો ફેલાયેલો હતો. થોડી-થોડી વારે ગોળીઓના અવાજ ભેંકાર સન્નાટામાં ગુંજી ઉઠતાં અને પછીથી ખામોશી પોતાના સામ્રાજ્યને ફેલાવી દેતી હતી.

મેજર સોમદત્તનો ચહેરો અત્યારે તપાવેલા તાંબા જેવો લાગતો હતો. તેઓ હોઠ ભીંસીને ટેકરી પાછળથી ધીરેકથી સરકતા-સરકતા આગળ વધ્યા.

કદમ, પ્રલય અને કતારસિંગના સાથીઓ પુલ પર દોડા-દોડી કરતા બોમ્બ ગોઠવતા હતા. તેઓને પણ હવે દેકારાનો અવાજ સ્પષ્ટ સંભળાતો હતો. મજેર કતારસિંગ વારંવાર હોઠ ચાવતા હતા. હર એક ક્ષણ કિંમતી હતી. જો લશ્કર ત્યાં પહોંચી આવે તો તેઓની મનની વાત મનમાં જ રહી જાય અને પુલ ઉડાડવાને બદલે ત્યાંથી નાસી જવામાં પણ ખતરો પેદા થાય તેમ હતો.

કદમ પુલની બહારની તરફની રેલિંગ પર બંને હાથનાં પંજા વડે લટકતા-લટકતો ધીમે-ધીમે આગળ સરી રહ્યો હતો. તેના ખભા પર તારનો ફિંડલો લટકતો હતા. જેમાંના તારને તે પુલના બહાર તરફના ખાંચામાં એક હાથે અટકાવતો. જ્યારે તે એક હાથે તારને અટકાવતો હતો ત્યારે તેનું શરીર એક જ હાથના સહારે પણ પાણીની ઉપર પુલ લટકતું હતું. કદમના ચહેરા પર પરસેવાના બુંદો ટપકતા હતા છતાં પણ તેનું મન એકદમ મક્કમ હતું. પ્રલય પુલના ઠેક-ઠેકાણે બોમ્બને તાર સાથે ફિક્સ કરીને સિરીયલ બનાવતો હતો. કતારસિંગ તેને મદદ કરતા હતા, તો તેના સિપાઇઓ પલીતો બનાવી વાટને આગ ચાંપવા માટે બેટરીના પાવરથી કનેક્ટ કરવાની તૈયારીમાં હતા.

મેજર સોમદત્ત છાતી સરતા સૂઇને મગરમચ્છની જેમ સરકતા આગળ વધી રહ્યાં હતા. તેના હાથમાં પકડેલી એ.કે.47 ગમે ત્યારે ગોળીઓ ઓકવા માટે તૈયાર હતી. મજેર સોમદત્તના હાથની આંગળીઓ તેના ટ્રીગર પર સખત રીતે દબાયેલી હતી.

ઘેરો સન્નાટો ખાવા દોડતો હતો અને તે સાથે દેડકાં અને તમરાના ગુંજતા અવાજ દિલની ધડકન વધારવા માટે પુરતા હતા.

મેજર સોમદત્ત ટેકરી પાછળથી સરક્યા. આગળ કોઇ ધીમા અવાજે વાત કરી રહ્યું હતું અને તેનો અવાજ એકદમ ધીમો મેજર સોમદત્તના કાને પડ્યો.

હોઠ પીસીને મેજર સોમદત્ત ટેકરી પાછળથી આગળ વધ્યા, જે તરફથી અવાજ આવ્યો હતો.

તે જ પળે વીજળીના ઉજાગર થયેલા વાતાવરણમાં ચાર ચીની સિપાઇઓને તેમણે છૂપાઇને બેઠેલા જોયા.

દાંત ભીંસી મેજર સોમદત્તે ટ્રીગર પરની આંગળીઓ દબાવી તેઓનું નિશાન એકદમ સચોટ હતું.

ગોળીઓના ધમાકા સાથે સૈનિકોની ચીસો ત્યાં ગુંજી ઉઠી.

ત્યાં છૂપાયેલા તે ચારે સિપાઇને ગોળી વાગી હતી. હવે મેજર સોમદત્ત ઊભા થઇને ઝડપથી મોટા વૃક્ષની ઓથ લઇ આગળ આવ્યા. નદી જેવામાં કોઇ હિલચાલ દેખાઇ નહીં. મેજર સોમદત્ત આત્મવિશ્વાસ સાથે તે મૃત્યુ પામેલા ચાર સિપાઇની લાશ પાસે આવ્યા.

ફરીથી એક વખત વીજળીનો ચમકારો થયો અને ક્ષણ માટે ઉજાગર થયેલા પ્રકાશમાં તેમણે એક સિપાઇને પોતાની તરફ મશીનગન લંબાવીને પોતાને ટાર્ગેટ બનાવવાની સંપૂર્ણ તૈયારીમાં જોયો.

મેજર સોમદત્ત એકદમ સ્તબ્ધ બની ગયા. તેઓ જરાપણ હિલચાલ કરે કે મશીનગનથી નિશાન તાકે તે પહેલાં જ ધમાકાઓની સાથે કેટલીય આગ ઝરતી ગોળીઓ તેના સીના તરફ

ધસી ગઇ.

બચવાનો કે બચાવ કરવાનો કોઇ જ ચાન્સ ન હતો. દરેક ક્ષણે મોત તેઓની નજીક ધસી આવતું જોયું.

અને પછી વાતાવરણમાં જોરદાર ચીસનો અવાજ ગુંજી ઉઠ્યો. કારમી ચીસના અવાજે સૌને હલબલાવી દીધા.

ખોફ અંધકારમાં ત્યાં શું બની ગયું તેની કોઇને ખબર પડી નહીં. પણ ચીસોના અવાજથી જંગલ ખળભળી ઉઠ્યું.

મેજર સોમદત્તે પૂરા વેગ સાથે તેના પર થયેલા ગોળીબારમાં મોતરૂપી ગોળીઓ તેના સીના તરફ ધસી આવતી જોઇ, પણ એ જ ક્ષણમાં મેજર સોમદત્ત ન તો ગોળી ચલાવી શકવાની અવસ્થામાં હતા, ન પોતાનો બચાવ કરી શકે તેમ હતા.

ચીસના જોરદાર અવાજથી પુલ પર બારૂદ ગોઠવતા પ્રલય, કદમ સાથે સૌ સિપાઇઓ પણ ચમકી ગયા. તે નીકળેલી મોતની એક ક્ષણ પહેલાની ચીસ હતી. ચીસનો અવાજ ખતમ અને બીજી ક્ષણે ચીસ નાંખનારનું શરીર લથડ્યું, અને સીધા મોંએ ધરતી પર પછડાયું.

સૌ એકદમ દિગ્મુઢ બની ગયા.

"શું દુશ્મનની મશીનગનમાંથી નીકળેલી બધી જ ગોળીઓ મેજર સોમદત્તના સીનામાં સમાઇ ગઇ હતી...?"

"શું દેશનો જાંબાજ સિપાઇ મોતથી ડરી જઇને ચીસો પાડતો હતો ?"

ખરેખર શું થયું તેની કોઇને ખબર પડતી ન હતી. ઘોર અંધકારની આડમાં ધરતીની દરેક જગ્યા અંધકારની આગોશમાં ડૂબી ગઇ હતી. પાછળ છુપાયેલા દુશ્મને એકાએક સામે આવી મેજર સોમદત્ત પર ગોળીબાર કર્યો હતો.

ચીસ સાંભળી સૌ કોઇ હેબતાઇ ગયા હતા.

તે જ વખતે ઘોર અંધકારને ચીરતી વીજળીનો જોરદાર કડાકો થયો અને પછી ફરી એક વખત અંધકારની આગોશમાં ડુબી ગયેલા વાતાવરણમાં પ્રકાશ ઉજાગર થયો.

મેજર સોમદત્ત પોતાના બંને હાથ છાતી પર ભીંસી દીધા હતા. તેઓનો ચહેરો તરડાઇ ગયો હતો. જિંદગી અને મોતની બાજીમાં મેજર સોમદત્તને લાગ્યું કે તેઓ હારી ગયા છે, તેનો ખેલ ખતમ થઇ ગયો. ક્ષણ બે ક્ષણમાં જ તે મોતની આગોશમાં સમાઇ જશે.

પણ, આશ્ચર્ય તેઓની છાતી પર ફરતો હાથ કોરો હતો. તેની છાતીમાં ગોળી લાગી હોય તો લોહીના ફૂવારા ઉડ્યા હોય અને તેઓ નીચે પડી જઇ તરફડીયા મારતાં છેલ્લા શ્વાસ ખેંચાતા હોય, પણ ગોળી પોતાની સીનામાં લાગી જ હતી. દુનિયાની આઠમી અજાયબીની જેમ મેજર સોમદત્તે પોતાની છાતી પર હાથ પ્રસરી ગોળી વાગી નથી તેની ખાતરી કરી લીધી. પણ ત્યારે થયેલ જોરદાર ગર્જના અવાજમાં મોતની છેલ્લી ચીસ કોણ પાડી તે તેઓની સમજમાં આવ્યું નહીં. પણ પછી થયેલા વીજળીના ક્ષણિક પ્રકાશમાં પોતાની આગળ છાતી પર હાથ દબાવી ધરતી પર પછડાતા શખ્સ પર નજર પડી.

"કોણ...?" તે શખ્સ મેજર સોમદત્તની તૂટતી જીવનની દોર બચાવવા માટે મેજર સોમદત્ત પર

છોડેલી ગોળીઓને પોતાના સીનામાં સમાવી લીધો હતી. ધબ કરતા તે પડ્યો અને તે જ વખતે વીજળીનો ચમકારો થયો. દિગ્મૂઢ બની ગયેલા મેજર સોમદત્ત જાણે સંમોહનમાંથી ભાનમાં આવ્યા હોય તેમ ચમક્યા, તેના દિમાગમાં જોરદાર ઝાટકો લાગ્યો.

પોતાના પર છોડવામાં આવેલી ગોળીઓ પોતાના સીનામાં ધરબી દઇ મેજર સોમદત્તનો જાન બચાવનાર બીજો કોઇ નહીં પણ વિજયસિંહા હતો. જેવી દુશ્મનોએ મેજર સોમદત્તને મારવા ગોળીબાર કર્યો તે જ ક્ષણે જમ્પ મારીને તેમ મેજર સોમદત્તની આગળ પડ્યો અને ગોળીઓ મેજર સોમદત્તને બદલે તેના સીનામાં ઘુસી ગઇ.

લાલચોળ અંગારા જેવી તગતગતી આંખોએ મેજર સોમદત્તે સામેની તરફ નજર કરી. જોરથી ચીસ પાડી તેની ચીસનો અવાજ વાતાવરણમાં પડઘાની જેમ ઘુમતો રહ્યો.

ચાર સિપાઇ જેઓ મેજર સોમદત્ત તરફ ધસી આવ્યા હતા. તેઓએ મેજર સોમદત્તનું સ્વરૂપ જોઇને હેબતાઇ ગયા. તેઓને લાગ્યું કે તેઓની સામે જંગલનો કોઇ ક્રોધે ભરાયેલો શેર ઊભો છે. તેઓ ગભરાયા અને બે કદમ પાછળ હટી ગયા. તે જ વખતે ટેકરી પરથી જમ્પ મારીને આદિત્ય કૂધો. તેનો દેહ હવામાં અધ્ધર લહેરાતો ધરતી પર આવે તે પહેલા તેના હાથમાં પકડેલા બૉમ્બને તેણે દુશ્મનો પર ઝીંકી દીધો.

ભયાનક ધડાકા સાથે બોમ્બ ફાટ્યો અને મેજર સોમદત્તની સામે મશીનગન તાકી ઊભેલા સૈનિકોના દેહના ચીંથરા ઉડી ગયા.

બોમ્બના ધડાકાઓના અવાજ સાથે જ કર્નલ તીનસુંનો ચિત્કાર પણ વાતાવરણમાં ઘુમી રહ્યો.

તે પોતાની બટાલિયનને પાછળ હટી જવાનો હુકમ આપતો હતો. છતાં સૈનિકો ગોળીબાર કરતા-કરતા પાછળ ખસવા લાગ્યા, ત્યારે જ આદિત્યે તેની સામે બીજો બોમ્બ ઝીંકી દીધો. જોરદાર ધડાકાના અવાજથી જંગલ ખળીભળી ઉઠ્યું. દૂર-દૂર પ્રાણીઓના ચિત્કાર સંભળાતા હતા. સામેથી ગોળીબાર બધ થતાં જ મેજર સોમદત્ત નીચે બેસી ગયા અને નીચે તરફડતા વિજયસિંહાનું માથું પોતાના ભુજાઓમાં સમાવી લીધું.

"બેટા... બેટા... તે... તે... મારી જિંદગી બચાવવા માટે તારી જિંદગીને મોતની ભેટ ધરી દીધી. એવું કરવાની તારે શું જરૂર હતી ? બેટા... મારી જાન કરતાં તારી જિંદગી કિંમતી હતી. તે તેને લૂંટાવી દીધી..." મેજર સોમદત્તનો સ્વર ગળગળો થઇ ગયો.

વિજયસિંહાએ આંખો ખોલી પછી પોતાના માથાને પોતાના સીના સાથે દબાવી બેઠેલા મેજર સોમદત્ત સામે જોયું. તેના ચહેરા પર વિજયભર્યું સ્મિત ફેલાયું.

"સ... સર... આપની જાન દેશ માટે ઘણી કિંમતી છે. તમે ભારતના શૂરવીર યોદ્ધા છે." કહેતાંની સાથે જ વિજયસિંહાનો અવાજ તરડાયો. "સર... સર..." એટલું બોલતાં જ તેની જિંદગીનો સમય પૂરો થઇ ગયો તે મોતની આગોશમાં હંમેશા માટે સૂઇ ગયો. તેની છાતીમાંથી ઉડતા લોહીના ફુવારાએ મેજર સોમદત્તને ભીંજવી નાંખ્યા. મેજર સોમદત્ત જેવા દેશના મહાન યોદ્ધાની આંખોમાં પાણી ભરાઇ આવ્યું. ટપકતાં આંસુઓના બુંદ ટપકીને મેજર વિજયસિંહાની છાતી પર જે શ્રદ્ધાંજલી રૂપે પડ્યા. ત્યારબાદ વિજયસિંહાનું માથું ધરતી પર રાખીને મેજર સોમદત્ત ઊભા થયા અને વિજયસિંહાને સેલ્યુટ મારી.

"ધન્ય છે તને ભારત માતાના સપૂત તારું બલિદાન હું એળે નહીં જવા દઉં..." કહેતાં મેજર સોમદત્ત ઊભા થયા...તેના હાથમાં પકડેલી મશીનગન હરકતમાં આવી ગઇ. ધાંય... ધાંય...

ધાંયના અવાજો ગુંજી ઉઠ્યા અને ત્યારબાદ ચીની સૈનિકોની કેટલીય ચીસો ગુંજી ઉઠી. મેજર સોમદત્ત એસ.એલ.આર.થી સતત ગોળીબાર કરતા પાગલોની જેમ ગોળીઓ છોડતા દુશ્મનો સામે દોડી ગયા. વીજળીના ક્ષણિક ચમકારામાં તેનું સ્વરૂપ જોઇ સિપાઇઓ હેબતાયા અને પછી પોતાના હથિયારોને ત્યાં જ મૂકી ગીચ જંગલની અંદર દોડી જઇ અદૃશ્ય થઇ ગયા.

"સર... સર..." મેજર સોમદત્ત હજુ ગોળીબાર કરતા હતા. "સર...!" કહેતાં આદિત્ય મેજર સોમદત્તની સામે દોડી ગયો અને તેમને બાથમાં લઇ લીધા. ભારતના વીર સપૂતની અંગારા જેવી લાલ આંખોમાં આંસુ વહી રહ્યાં હતા.

પ્રલય, કદમ અને મેજર કતારસિંગ પણ ત્યાં દોડી આવ્યાં.

"સર...!" પહેલાં કદમ બોલ્યા પછી,

"સર...!" પ્રલય બોલ્યો અને પછી, બંને તેના ગળે વળગી પડ્યા. કતારસિંગ જાંબાજ સિપાઇ અને દેશના મહાન યોદ્ધાને જોઇ જ રહ્યા.

"ગમે તે થાય પણ આપણે વિજયસિંહાના મૃતદેહને ભારતની ધરતી પર લઇ જઇને આ તેના અગ્નિસંસ્કાર કરવાના છે." ગમગીન ચહેરા સાથે મેજર સોમદત્તે કહ્યું.

"સર... અમે લઇ ચાલશું. વિજસિંહા જેવા સૂપતના મૃતદેહને પૂરા સન્માન સાથે અગ્નિ સંસ્કાર ભારતમાં કરીશું..." મેજર કતારસિંગ સાથે આવેલા સિપાઇઓ બોલ્યા.

વિજયસિંહાના પાર્થિવ શરીરને તરત જ પુલની બીજી બાજુ ખસેડવામાં આવ્યો. મેજર સોમદત્ત હજુ ગમગીન હતા.

પુલને ઉડાડી દેવા માટે બધા બોમ્બ ગોઠવી દેવામાં આવ્યા. હતા. દૂર-દૂર હજુ ચીની લશ્કરના સૈનિકોના અવાજ ગુંજતા હતા.

બધા જ પુલને પેલે પર આવી ગયા એટલે પ્રલયે બેટરીના કનેક્શન જોડ્યા. તરત સ્પાર્ક થયો અને પછી બનેલી વાટ સળગવા લાગી. થોડી ક્ષણે થઇ હતી ત્યાં જ જોરદાર ધમાકાઓના અવાજો સાથે પુલ તૂટી પડ્યો.

એક જ રાતમાં પૂરું કરેલ મિશન કામયાબ રહ્યું હતું. કતારસિંગ અને તેના સાથીઓ ભારતની ધરતી પર પરત આવી પહોંચ્યા હતા.

વિજયસિંહાના અવસાને સૌને ગમગીન કરી દીધા હતા.

સવારનો પહોર ફાટ્યો અને પછી રક્તરંજિત સૂર્યના પ્રકાશથી ધરતીના હિમાદ્રી ભારતના જાંબાજ સપૂતો મિશન પૂરું કરી ભારતની બોર્ડરમાં આવી પહોંચ્યા હતા. ગૃહસચિવે મેજર સોમદત્ત અને તેમના સાથીઓને જાનના જોખમે ખેલેલા મિશન માટે ધન્યાવાદ આપ્યાં.

મધ્યરાત્રિના કરવામાં આવેલ સર્જિકલ સ્ટ્રાઇકના સમાચાર પૂરા ભારતમાં ફેલાઇ ગયા હતા.ટી.વી. ચેનલોમાં સતત મેજર સોમદત્ત અને તેના સાથીઓએ કરેલ સર્જિકલ સ્ટ્રાઇકના સમાચાર આવતા હતા.

તે દિવસનો ઉગેલો સૂર્ય ભારતવર્ષ માટે અનેરો બની ગયો.

વંદે માતરમ (મા તુઝે સલામ, હે મા તુઝે સલામ)